પરપોટા કંપનીઓનું પોકળ

કિંમત ૨ આના

'મફત' વીમા સાવધાન સમિતિ

પરપોટા કંપનીઓનું પોકળ

સંપાદક અને પ્રકાશક
નંદલાલ મણિલાલ શાહ
મંત્રી
'મફત' વીમા સાવધાન સમિતિ
ધનાસુતારની પોળ—અમદાવાદ

મુદ્રક
ઇન્દ્રવદન બળવંતરાય ઠાકોર
'પ્રજાબંધુ' પ્રિન્ટિંગ વર્કસ
જેઠાભાઇની પોળ ખાડિયા
અમદાવાદ

આવૃત્તિ ૧ લી

પ્રત ૫૦૦૦

સંવત ૧૯૮૭

ઇ. સ. ૧૯૩૧

'મફત' વીમા સાવધાન સમિતિ

પીપલ્સ લોન પ્રોવિડન્ટ એન્ડ જનરલ ઈન્સ્યુરન્સ કં.

પૂનાની આ કંપની સેંકડે વરસે એક ટકા વ્યાજે અરસપરસ મદદ કરનાર સમૂહબળના સિદ્ધાંત ઉપર ગરીબોને લોન આપવાનું અને તેમની જીંદગીના વીમા ઉતારવાનું કામ કરતી હતી. કંપની પાસે મૂડી પાઇનીયે નહોતી. કારણકે દાખલ થવા ઇચ્છનાર ઉમેદવારોના પૈસા પર જ કંપનીનો કારભાર ચાલતો હતો. આ કંપની પર છેલ્લા આઠ માસથી પૂનાના એડી. સેશન્સ જજ મિ. એન. આર. ગુન્દીલ સમક્ષ ઠગાઇનો કેસ ચાલતો હતો અને તા. ૨૪–૧૦–૩૧ના રોજ તેનો ચૂકાદો બહાર પડયો છે એથી વગર મૂડીએ એવી પરપોટા કંપની કાઢનારાઓમાં સનસનાટી ફેલાઇ છે. નામદાર જજે કંપનીના બે જુના અને નવા મેનેજીંગ ડાયરેકટરો એન. એચ. ટી. સંગલ અને વકીલ ડી. વી. આત્રેને ત્રણ વરસની સખત કેદ અને ૩૦૦૦ રૂપિયાના દંડની સજા કરી છે. બીજા ચારને બે વરસની સખત કેદ અને ૨૦૦૦ રૂપિયાના દંડની સજા કરી છે. બાકીના ૭ ને ૬ મહિનાથી માંડી ૧૮ મહિનાની સખત કેદ અને રૂ. ૫૦૦ થી માંડી રૂ. ૧૦૦૦ ના દંડની સજા કરી છે. પૂનાની કેમ્પ એજ્યુકેશન સોસાયટીવાળા કંપની પાસેથી ૨૭૦૦૦) ની લોન લેનાર પી. કે. આત્રેને રૂ. ૧૦૦૦) નો દંડ અને એક દિવસની સજા કરી છે. આ સજા પામેલાઓમાં ત્રણ જણ કંપનીના ડાયરેકટરો છે અને બીજાઓ કંપનીના સલાહકારો અને એજન્ટો છે. ૧૪ મો ગુન્હેગાર જે. એન. ડીસુઝા નાસતો ફરે છે. બાકીના ૯ આરોપીઓ છૂટી ગયા છે.

પ્ર સ્તા વ ના.

અહિંસક યુદ્ધ પૂરજોસથી ચાલતું હતું, સેંકડો સ્ત્રી-પુરૂષો જેલની દિવાલો પાછળ પૂરાયા હતા, સ્ત્રીઓ અને નાનાં નાનાં વાનરો સુદ્ધાં લાઠીઓનો માર હસતે મુખે ઝીલતાં હતાં, મીઠાની લડતનો તબક્કો પૂરો થઇ મહેસૂલની લડતનો તબક્કો શરૂ થયો હતો, તેવામાં દિલ્હીની કોંગ્રેસના એક નેતાએ ગુજરાતના ગરીબ ખેડુતો અને મજૂરોને કરજમાંથી મુક્ત કરવા માટે દર વરસે દર સેંકડે દોઢ ટકા વ્યાજે નાણું આપવાની કંપની ખોલી અને ૬ અઠવાડિયામાં ૭,૦૦,૦૦૦ રૂપિયા કરજે આપવાનું વચન આપી ૯૧,૦૦૦ રૂપિયા એકઠા કર્યા ! પંડિત મોતીલાલ નેહરૂ અને પંડિત જવાહરલાલ નેહરૂ અને એવા બીજા મોટા દેશનેતાઓના કરોડો રૂપિયા આ બેન્કમાં જમા છે એવું કોર્ટમાં જુબાની આપનાર લોકોને સમજાવ્યાથી તેઓ તેને "નેહરૂ બેન્ક" થી ઓળખે છે ! તેનું અસલ નામ "દિલ્હી સિન્ડીકેટ" છે.

કહેવાતી પરપોટા કંપનીઓ સાથેનો મારો આ પ્રથમ પરિચય. મહાસભાના મંત્રી તરીકે દિલ્હી મહાસભાના એ વાઇસપ્રેસિડન્ટને મહાસભાના રસોડે જમાડી મેં પોલિસને સ્વાધીન કર્યો અને હું પોતે જ ફરિયાદી બન્યો. પંજાબના એક કોંગ્રેસનેતાએ સરદારને વચ્ચે પડી સમાધાન કરાવવા વિનંતિ કરી. સરદારે પોતાનો વરદ હસ્ત મારે માથે મૂકયો અને હુકમ કર્યો કે કેસ આગળ ચલાવજે અને બને તેટલી આકરી સજા કરાવજે.

આજ કેસને અંગે મારે દિલ્હી જવું થયું અને વીનસ કંપનીના ડીરેકટર મિ. રત્નપારખી સાથે મારો પરિચય થયો. એમણે મને અમદાવાદમાં વીનસ કંપનીએ માંડેલી બદનક્ષીની ફરિયાદવાળા કેસમાં લવાદ થવા નિમંત્રણ આપ્યું. બીજા પક્ષે એ વિચાર સ્વીકાર્યો એટલે મેં એ વિષયના કાગળો જોવા માંડયા અને મારી નજર "પરપોટા કંપનીઓથી બચો અને બચાવો" એ મથાળાવાળા ગુજરાતના નરરત્ન શ્રી. મોતીભાઇ નરસિંહભાઈ અમીનના ભાષણ ઉપર પડી.

શ્રી. મોતીભાઇ અમીને ગુજરાતની ભૂમિમાં નવવિચારનાં અનેક બીજ વેર્યાં છે અને એને ઉછેરનાર કુશળ માળી મળી આવતાં

એમાંથી સંસ્થારૂપી વૃક્ષોનાં થડ જામ્યાં છે. પુસ્તકાલયનો વડલો એમણે પોતે જળસિંચન કરી ઉછેર્યો છે અને આજે એની વિસ્તરાયલી ઘેરી ઘટામાં વડોદરા રાજ્યના વતનીઓ વિશ્રામ લઈ વિદ્યા સંચય કરે છે. ચરોતરના એક ખૂણામાં મોન્ટીસરીની પ્રથમ શાળા ચલાવનાર એ મોતીભાઇ. આજે તેનો વિસ્તાર અને વંશવેલ બૃહદ ગુજરાત સુધી પ્રસર્યાં છે. છાત્રાલયની સંસ્થાને શાસ્ત્રીય દૃષ્ટિએ પૂરે-પૂરી અપ–ટુ–ડેઈટ બનાવવાનો પ્રયાસ કરનાર એ મોતીભાઇ. આજે તેમના અખતરાઓએ સમસ્ત ગુજરાતનું ધ્યાન ખેંચ્યું છે. ચરોતરની ભૂમિમાં ઠેરઠેર હાઇસ્કૂલો સ્થાપી, પછાત ગણાતી પાટીદાર કોમમાં છેલ્લી વીસીમાં અસંખ્ય ગ્રેજ્યુએટોનો ફાલ ઉત્પન્ન કરનાર એ મોતીભાઈ. આજે તેમના શિષ્યો ઠેઠ આફ્રિકા સુધી ફેલાયા છે. જાહેર સંસ્થાઓનો દર વરસે નિયમિત હિસાબ બહાર પાડવાની પ્રથા શરૂ કરનાર એ મોતીભાઇ. આજે તેમની દેખરેખ નીચે ચાલતી સંસ્થાઓનો હિસાબ ગુજરાત પ્રાથમિક કેળવણી મંડળના હિસાબની જેમ દરરોજ સાંજે ગણી શકાય તેવો છે અને એવાં અનેક બીજોમાં આ પરપોટા કંપનીઓ સામેની પ્રચંડ ચળવળનું બીજ વેરનાર એ મોતીભાઇ. તેમના એ બીજને સરદારે વાવ્યું. તેમાંથી 'મફત' વીમા સાવધાન સમિતિનો રોપ ફૂટયો અને ટુંક સમયમાં મહાત્માજીના આશીર્વાદથી તે વૃક્ષરૂપે ફાલ્યો છે.

આ પુસ્તક તે એ વૃક્ષનું ફળ છે. છેલ્લા પાંચ માસ થયા અવિશ્રાંત કરેલા જ્ઞાનસંચયનું એ દોહન છે. ત્રીસ વરસ ઉપર આવી મુદ્દતી કંપનીઓથી ફાટી નીકળેલી "આર્થિક મરકી" નો ઇતિહાસ એક જુના થઈ ગયેલા ચોપાનિયા રૂપે મુરબ્બી શ્રી. ઠાકોરભાઇએ મારા હાથમાં મૂકયો ત્યારે જ મને લાગ્યું કે એ કંપનીઓના નિયમો, કાર્યપદ્ધતિ વગેરેનો પૂરેપૂરો ઇતિહાસ જો જળવાઈ રહ્યો હોત તો તે કેટલો બધો ઉપયોગી થઇ પડત. ભવિષ્યમાં આવી મરકી ફાટી નીકળે–અને દેશની આર્થિક સંપત્તિ નબળી પડતાં તે ફાટી નીકળવાનો

પૂરો સંભવ છે—ત્યારે તે સમયની સાવધાન સમિતિને આવી ખોટ ન પડે તે માટે આ પુસ્તક પ્રકટ કરવાનું ઉચિત ધાર્યું છે.

આવી કંપનીઓ સામે હવે વિશેષ પ્રચારકાર્યની જરૂર રહી નથી, કારણ કે ગુજરાતમાં તેઓ ત્રીજે તબક્કે આવી પહોંચી છે અને કેટલાક ડીરેક્ટરોએ તેમાંથી રાજીનામાં આપ્યાં છે. યુદ્ધનું મધ્યબિંદુ વર્તમાનપત્રોની કટારોમાંથી ખસીને સરકારની અદાલતોમાં પહોંચ્યું છે અને સરકારની અદાલતો આવી કંપનીઓને પહોંચી વળવા માટે પૂરી રીતે સમર્થ છે એ પૂનાની કંપનીના કેસમાં થએલી સખત સજાઓ પરથી સાબિત થઇ ચૂક્યું છે. માત્ર જનસમાજ છેલ્લા પાંચ માસના આ કંપનીઓના ઇતિહાસથી પરિચિત થાય એ આ પુસ્તકનો ગૌણ ઉદ્દેશ છે. આ પુસ્તકમાં પોતાના અભિપ્રાયો પ્રસિદ્ધ કરવા માટે જે વીમાશાસ્ત્રીઓએ અનુમતિ આપી છે તેમનો હું આભાર માનું છું. તેમની મદદ વિના આટલા ટુંકા સમયમાં આવી કંપનીઓનું પોકળ ખુલ્લું થઇ જ ન શકત.

મારા લખેલા ૨૦ લેખોનો સાર પ્રસિદ્ધ કરવાની રજા આપવા માટે 'પ્રજાબંધુ' અને 'ગુજરાતી પંચ'નો હું આભારી છું. એ બે પત્રકારોએ ભારે જોખમ ઉઠાવી ઠેઠ સુધી આ ચળવળને સાથ આપ્યો છે અને એ કંપનીઓની જાહેરખબરોનો બહિષ્કાર કરી ગરીબોના હિતનું રક્ષણ કર્યું છે. રાણપુરના 'સૌરાષ્ટ્ર', સુરતના 'ગુજરાત' અને મુંબઇના 'ગુજરાતી' પત્રોએ પણ આવી પોકળ કંપનીઓની જાહેર ખબરોનો ત્યાગ કરી ચળવળને સાથ આપ્યો છે અને જનતાને ચેતાવી છે. આ બધા પત્રકારોએ—આમાં મુંબઇનાં 'સાંજ' અને 'જામે'નો પણ સમાવેશ થાય છે—ગુજરાતના પત્રકારિત્વના ધંધાને દીપાવ્યો છે. પ્રભુ તેમને ભોળા અને અજાણ જનસમાજની સેવા કરવાને માટે દીર્ઘાયુ કરો એવી પ્રાર્થના કરી વિરમું છું.

ધનાસુતારની પોળ,
ગુંદીની પોળ, અમદાવાદ.
તા. ૨–૧૧–૧૯૩૧.

નંદલાલ મણિલાલ શાહ,
મંત્રી
'મફત' વીમા સાવધાન સમિતિ.

મિ. મરાઠેની પોલિસીહોલ્ડરોને ચેતવણી.

પૂનાના એક્ચ્યૂઅરી મિ. જી. એસ. મરાઠેએ મારા પત્રના જવાબમાં નીચેનો ખુલાસો પ્રસિદ્ધ કરવા મારા ઉપર મોકલી આપ્યો છેઃ–

નેપચ્યુન ઈન્સ્યુરન્સ કંપનીના ચેરમેને જે ભાષણ કર્યું છે તેના અહેવાલ તરફ મારૂં ધ્યાન ખેંચવામાં આવ્યું છે. ચેરમેન જણાવે છે કે વહેંચણીના ધોરણને મેં મંજૂરી આપી છે. આમાં જે ગેરસમજ થઈ છે એની હું ચોખવટ કરવા ઇચ્છું છું. હું વહેંચણીના ધોરણની સખત વિરૂદ્ધ છું, પહેલાં જેટલો વિરૂદ્ધ હતો તેટલો આજે પણ વિરૂદ્ધ છું. મેં કેટલીક કંપનીઓને સુધારીને યોજનાઓ ઘડી આપી છે પણ એ ચોખ્ખી શરતે કે વહેંચણીની બદીઓ એ યોજનામાં દાખલ ન થાય એ રીતે એ કંપનીઓએ સુધારેલી યોજનાઓ અમલમાં મૂકવી. મેં તેમને સ્પષ્ટ સમજુતિ આપી છે કે ડીરેક્ટરોએ રીઝર્વ ફંડની વ્યવસ્થા એવી રીતે કરવી કે મરનારના વારસને ઓછામાં ઓછી ગેરંટીની રકમ કરતાં ખૂબ વધારે રકમ ન મળે. આવી સ્પષ્ટ સમજુતિ છતાં કંપનીઓ મારા આશયને સમજી શકી નથી. આથી આ નવી યોજનાઓમાં મારા નામથી જોડાનારા સર્વે પોલિસીહોલ્ડરોનું ધ્યાન ખેંચું છું કે નવી યોજનામાં ફારેગ થનારા મેંબરોને ગેરંટીની રકમ મળે તે માટે મરનારના વારસોને ઓછામાં ઓછી ગેરંટીની (દોઢી) રકમથી વધારે લાભ મળી શકે તેમ નથી અને જો કોઇ કંપની મોટી રકમ વહેંચે તો તે વાત તરત જ મારા ધ્યાન પર લાવવી.

પૂના નં. ૪
તા. ૨૬–૯-૩૧.

(સહી) જી. એસ. મરાઠે,
એક્ચ્યૂઅરી.

વિષયસૂચિ.

વિષય.	પૃષ્ટ.
પ્રસ્તાવના	૩
સાવધાન સમિતિનો અહેવાલ	૧
ખેડૂતો સાવધાન : વલ્લભભાઈ	૧૨
કંપનીઓનો રાફડો : ગાંધીજી	૧૩
જૂઠી પ્રોવિડન્ટ કંપનીઓ : ગાંધીજી	૧૪
ગુજરાત પ્રાં. સમિતિનો ઠરાવ	૧૫
બહિષ્કારને પાત્ર કંપનીઓ	૧૬
મિ. એચ. ઈ. જોન્સનો અભિપ્રાય	૧૮
મિ. જી. એસ. મરાઠેનો અભિપ્રાય	૨૧
મિ. હંફ્રેઝનો અભિપ્રાય	૨૧
સરકારી વીમાશાસ્ત્રીનો અભિપ્રાય	૨૯
મુંબઇની ધારાસભામાં સવાલ-જવાબો.	૩૦
વીમા કંપનીઓ અને વડોદરા રાજ્ય	૩૧
લેખાંક ૧ થી ૨૦: નંદલાલ શાહ	૩૨થી
પરપોટા કંપનીઓ : મોતીભાઈ અમીન	૩૨
મી. મરાઠેનો અભિપ્રાય	૩૩
નિયમોનું પ્રથક્કરણ	૩૪
છપ્પનીઆની મુડદાં કંપનીઓ	૩૭, ૭૦
જુના સરકારી વીમાશાસ્ત્રીનો અભિપ્રાય	૩૮
ઈન્ડીયન ગુડલક કં.	૩૯, ૪૩, ૫૮
નેપચ્યુન કં.	૪૧, ૪૩, ૧૧૪
ન્યૂ ઓરએ બેન્કિંગ : સુવર્ણસંધિ	૪૩, ૫૦, ૮૭
સંચાલકોનાં ચરિત્રો : ગુજરાત પ્રોવિડન્ટ	૪૫, ૫૨, ૬૬, ૧૧૧
ભરેલા પૈસા પાછા આપ્યા	૪૮, ૧૦૦
સ્વદેશી ઠગ : ગુજરાત પોપ્યુલર	૪૩, ૪૮, ૫૮, ૭૭
દિલ્હીની વીનસ કંપનીથી સાવધાન	૫૧, ૧૦૧, ૧૧૮
ફુટી નીકળેલી લોન કંપનીઓ	૫૩, ૬૨, ૭૨,

સંકટ સમયે સાંકળ ખેંચો : નોટિસ	૬૦
અમદાવાદની કંપનીઓ	૬૬
કોંગ્રેસવાદીઓ ! તમે પણ ?	૬૯
પત્રકારોને	૭૦
મારા પર નોટિસો	૭૧
મરકીના ઉંદર	૭૮
યુનિવર્સલ મ્યુચ્યુઅલ એઇડ : મદ્રાસ	૬૩, ૮૧
વર્કર્સ એન્ડ પેઝન્ટસ	૬૪, ૮૨, ૮૩
ગ્રાન્ડ ઈન્ડીઅનની "વધામણી"	૮૬
રાતોરાત પલાયન	૮૭, ૯૬
બે રસિક સંવાદો	૮૯
લંડન ફ્રેન્ડલી સોસાયટીના રજીસ્ટ્રારનો અભિપ્રાય	૯૮
ઇસ્ટર્ન બેન્કિંગ એન્ડ પ્રોવીડન્ટ	૧૦૩, ૧૧૫
શ્રી. દાદુભાઇ દેસાઈ જોગ ખુલ્લો પત્ર	૧૦૯
રાણી ઇલિઝાબેથના ચાંચિયાઓ	૧૧૦
વહેંચણીના ધોરણ પર જન્મની યોજના	૧૦૫
'સ્વરાજ્ય ગેઝેટ'	૧૧૨
હવે તો બંધુ એ જ માર્ગ	૧૧૩, ૧૧૯
નવી યોજનામાં જોડાવાથી શું નુકસાન ?	૧૧૬

"મફત" વીમા સાવધાન સમિતિનો અહેવાલ.

શ્રી. ઠાકોરલાલ પ. ઠાકોર—પ્રમુખ
મેનેજીંગ પ્રોપ્રાયટર—"પ્રજાબંધુ."

,, જીવણલાલ વ્ર. દેસાઇ, બાર–એટ–લો.

,, બળવંતરાય પ. ઠાકોર,
પ્રિન્સીપાલ, પ્રોપ્રાયટરી હાઇસ્કુલ.

,, જીવણલાલ હરિપ્રસાદ દીવાન,
સેક્રેટરી, ગુજરાત પ્રાંતિક સમિતિ.

,, ખંડુભાઇ કે. દેસાઇ, સ્નાતક
આસી. સેક્રેટરી, મજૂર મહાજન.

× ,, દેવપ્રસાદ પી. મહેતા, બી. એ. એલ એલ. બી.

,, મોતીલાલ ત્રિકમલાલ શાહ,
પ્રમુખ–અમદાવાદ જીલ્લા લોકલબોર્ડ.

* ,, રમણલાલ ગોવિંદલાલ,
જી. ડી. એ., ઓડીટર.

,, ચંદુલાલ ભગુભાઈ દલાલ,
બી કોમ., મ્યુનિસિપલ ઓડિટર.

,, ચીનુભાઇ લલ્લુભાઇ મહેતા, વેપારી.

,, નંદલાલ મણીલાલ શાહ,—મંત્રી.
બી. એ. એમ. એસ સી. (અમેરીકા)

"મફત" વીમા સાવધાન સમિતિએ મહાસભાની કારોબારી સમિતિ સમક્ષ રજુ કરવા માટે તૈયાર કરેલા અહેવાલમાં નિષ્ણાત એકચ્યુઅરીઓએ જણાવેલી કેટલીક હકીકત મહાસભાની કારોબારી સમિતિના સભ્યોની જાણ માટે હતી અને જાહેર પ્રજાની જાણ

× તા. ૧૪ મી સપ્ટેમ્બર ૧૯૩૧ ના રોજ રાજીનામું આપ્યું છે.

* તા. ૩ જી ઓકટોબર ૧૯૩૧ ના રોજ રાજીનામું આપ્યું છે.

માટે તે પ્રસિદ્ધ કરવાની પરવાનગી મળી નહોતી. હવે જાહેર હિતને ખાતર તેમણે આ પરવાનગી આપી છે તે બદલ હું તેમનો આભાર માનું છું. મૂળ અંગ્રેજી અહેવાલનો આ ગુજરાતી અનુવાદ જાહેર પ્રજાની જાણ માટે પ્રકટ કરવામાં આવે છે.

લી. નં. મ. શાહ—મંત્રી.

*　　*　　*　　*

ગુજરાત અને હિંદના બીજા કેટલાક પ્રાંતોમાં ચોમાસાનાં અળસિયાંની માફક ફૂટી નીકળેલી "મફત" વીમા કંપનીઓ અને પ્રોવિડન્ટ સોસાયટીઓમાં મુખ્યત્વે મજૂરો અને ખેડૂતો જ જોડાતા હોઇ આવી કંપનીના કામકાજની ગુંચોથી તેઓ તદ્દન બીન-વાકેફગાર છે; તેથી આવી અજ્ઞાન પ્રજાના કેટલાક હિતેચ્છુઓને લાગ્યું કે આ બાબત રાષ્ટ્રીય મહાસભાની કાર્યવાહક સમિતિ આગળ રજુ કરવા જેટલી મહત્વની છે. આથી તેમણે એક જથ્થાને મહાસભાના પ્રમુખશ્રી સરદાર વલ્લભભાઇ પાસે મોકલ્યા; તેમણે એવી સૂચના કરી કે આવી કંપનીઓના કામકાજમાં રસ લેતા થોડા સભ્યોની એક સમિતિ થાય અને તે પોતાનો અહેવાલ ઘડી આવતી મહાસભાની કારોબારી સમિતિની બેઠક આગળ રજુ કરે. આ ઉપરથી પ્રોવિડન્ટ સોસાયટી વિજીલન્સ કમિટી ('મફત' વીમા સાવધાન સમિતિ) અસ્તિત્વમાં આવી. આ કમિટીએ મોકલેલા પ્રશ્નપત્રોના જવાબો કેટલીક કંપનીઓ તરફથી અને નિષ્ણાત વીમા શાસ્ત્રીઓ તરફથી મળ્યા તે ઉપરથી મહાસભાની કારોબારી સમિતિ સમક્ષ રજુ કરવા વાસ્તે નીચેનો રિપોર્ટ કમિટીએ તૈયાર કર્યો છે.

પ્રાસ્તાવિક.

આજથી ૨૫ વર્ષ પહેલાં ગુજરાત, પંજાબ અને બીજા પ્રાંતોમાં પ્રોવિડન્ટ સોસાયટીની પદ્ધતિએ કામ કરતી ૧૨૦૦ સોસાયટીઓ હતી. આમાંની ૧૧૬૬ જેટલી સોસાયટી તો ૧૦ વર્ષમાં

જ (૧૯૦૭ થી ૧૦ સુધીમાં) સુઇ ગઇ અને જે તાલમબાજોએ આવી કંપનીઓ કાઢી હતી તેમણે અજ્ઞાન ગરીબોને ભોગે પોતાનાં ખિસ્સાં તર કર્યાં.

આ પછી બરાબર ત્રણ દાયકા વીત્યા પછી તાલમબાજોની એક બીજી નવી ટોળી ઉભી થઈ છે અને તેમણે વહેંચણીના સિદ્ધાંત ઉપર (મફત) વીમાના ખોટા નામથી આવી સોસાયટીઓ કાઢી છે. એકલા ગુજરાતમાં જ આવી ૪૦ કંપનીઓ કામ કરે છે અને સમસ્ત હિંદની મળીને તે ૧૦૦ ઉપર થાય છે.

આમાંની ઘણીખરી, વત્તાઓછા પ્રમાણમાં વહેંચણીના સિદ્ધાંત ઉપર જ કામ કરે છે. દરેક માસે સભ્યો પાસેથી જે આવક થાય તેમાંથી ખર્ચ કાઢતાં જે બચે તે, તે માસમાં જે કોઇ સભ્ય કે સભ્યો મરી ગયા હોય તેના વારસોમાં વહેંચવામાં આવે. સામાન્ય રીતે દરમાસે ૧) રૂપિયો ડેથકોલ, દાખલ ફીના રૂ. ૫–૮–૦ તથા વાર્ષિક ફીનો એક રૂપિયો લેવામાં આવે છે. કેટલીક કંપનીઓ જે મહિને સભ્યનું મૃત્યુ નિપજ્યું હોય તે વખતે જ એક રૂપિયાનો કોલ કાઢે છે.

દાખલ થતી વખતે સભ્યોની ૧૪ થી ૬૦ વર્ષ સુધીની ગમે તેટલી ઉંમર હોય છે; અને મોટે ભાગે ૧૮ થી ૫૫ વર્ષ સુધીની હદ હોય છે. ઉમરની કશી સાબીતી કે દાકતરી પરીક્ષા હોતી નથી. પરંતુ ઘણુંખરૂં હકદાર થવા માટે ત્રણ કે ૭ માસનો સમય જરૂરી ગણવામાં આવે છે. કશા ભેદ વગર સ્ત્રી કે પુરૂષ, ડોસા કે જુવાન સૌને માસિક એક રૂપિયાના દરથી દાખલ કરવામાં આવે છે, અને ૧૨ કે ૧૪ વર્ષ વીત્યા પછી માસિક રૂપિયો ભરવાનું બંધ થાય છે. જો સભ્ય એટલા વર્ષ સુધી જીવે તો સભ્યે ડેથ-કોલ પેટે જેટલાં નાણાં ત્યાં સુધીમાં ભર્યાં હોય તેમાં ૫૦ ટકા ઉમેરીને આપવાની કેટલીક કંપનીઓ બાંહેધરી આપે છે, અને કેટલીક કંપનીઓ એવી પણ બાંહેધરી આપે છે કે જેટલી રકમ ફારેગ થતી

વખતે આપવાની ગેરંટી આપવામાં આવી હોય અને તે વેળાની વહેંચણી વખતે તેનાથી ઓછી હોય તો મરણ વખતે પૂરી કરી આપવી. કંપનીના ખર્ચ પેટે આવકના ૧૦ થી ૩૦ ટકા તથા દાખલ ફી અને વાર્ષિક ફી જાય છે, જ્યારે ૧૦ ટકા અનામત ફંડ તરીકે રાખવામાં આવે છે.

આવી યોજનાઓને મી. એચ. ઈ. જોન્સ, મી. ડગ્લાસ ફોરેસ્ટ, પ્રો. એલ. એસ. વૈદ્યનાથ (ઓરીએન્ટલ વીમા કંપનીવાળા) અને શ્રી. જી. એસ. મરાઠે* જેવા નિષ્ણાત વીમાશાસ્ત્રીઓ પદ્ધતિસરના ધોરણ વિનાની સદ્ધરતા વિનાની અને અવ્યવહારૂ જણાવે છે. તેઓ બધા સંમત થાય છે કે આવકના પ્રમાણમાં જે ફાયદા આપવાનાં વચનો આપવામાં આવે છે તે ઘણાં વધારે પડતાં છે. મી. મરાઠે જણાવે છેઃ "કંપનીમાં હમા તરીકે જેટલા નાણાં ભર્યા હોય તેના કરતાં ૧૫૦ ટકા વધુ નાણાં સભ્ય હમા ભરતો બંધ થાય ત્યારે કે મરે ત્યારે આપવાની ગેરંટી, વીમાશાસ્ત્રના સામાન્ય સિદ્ધાંતો મુજબ પાળી શકાય તેમ નથી." પ્રો. વૈદ્યનાથન કહે છેઃ "હમા તરીકે જે નાણાં મળે તેમાંથી ગેરંટી પુરી પાડી શકાય એમ હું માનતો નથી" મી. જોન્સ કહે છેઃ "આવી કંપનીઓ પોતાની જવાબદારીઓને પહોંચી વળવા અશક્તિવાન બને એ અસંભવિત નથી." કલકત્તાવાળા મી. એ. સી. સેન કહે છેઃ "ગેરંટી પુરી પાડી શકાય કે નહિ તે સવાલ છે, કારણ કે ભવિષ્યના બનાવો સંબંધી ધોરણ બાંધવા માટે શાસ્ત્રીય આધાર નથી."

આવી કોઇ કંપની ૧૨ વર્ષથી વધારે જીવી જ નથી એથી

* આ અહેવાલ તૈયાર થયા પછી ચાર વીમાશાસ્ત્રીઓ મી. હમ્ફ્રેઝ, મી. માધવા, મી. પાલ અને મી. જોશીના પણ આવા જ અભિપ્રાયો મળ્યા છે. વીમાશાસ્ત્રી મી. તાંબેએ અનુમતિ દર્શાવી છે અને ત્યારબાદ હાલના સરકારી વીમાશાસ્ત્રી મી. એન. મુકર્જીએ પણ ૧૯૩૦ ની સરકારી બ્લુ બુકમાં એવો જ અભિપ્રાય પ્રકટ કર્યો છે. એટલે કે હિંદુસ્તાનમાંના ૧૩ માંથી ૧૦ વીમાશાસ્ત્રીઓ વહેંચણીના ધોરણને નાપસંદ કરે છે.—મંત્રી.

ગેરંટીની બાબત કદી ઉભી થઇ જ નથી; તેમ ભવિષ્યમાં ઉભી થાય તેવો સંભવ નથી. હપ્તા લેખે જે રકમ ભરાય તેના કરતાં વધુ ફાયદો આપવા માટેની આવક બે રીતે જ થઇ શકે-વ્યાજમાંથી તથા ભવિષ્યમાં જે સભ્યો થાય તેમના હપ્તામાંથી. મી. મરાઠે એવો અભિપ્રાય દર્શાવે છે: "વ્યાજનો વધારો એટલો ઝડપથી નથી હોતો કે જેથી કંપની સભ્યે ભર્યાં હોય તેનાં કરતાં દોઢાં નાણાં આપવાની ગેરંટી સૌને આપી શકે. ભવિષ્યમાં જે સભ્યો જોડાય તેના ઉપર આધાર રાખવો એ સટ્ટો કરવા જેવું છે, અને શાસ્ત્રીય સિદ્ધાંતની વિરૂદ્ધ છે. આવી યોજનાઓ શરૂઆતના વર્ષોમાં બહુ સારાં પરિણામો બતાવે છે, પણ જ્યારે સભ્યોની સંખ્યા ઓછી થાય, ત્યારે તેમને પોતે ભર્યાં હોય તેટલાં નાણાં પણ પાછાં મળે નહિ. આ દેખીતી વાત છે, કારણ કે શરૂઆતમાં જ મોટી રકમો (નવા સભ્યોને આકર્ષવા માટે) આપે, એટલે પાછળથી ઘટાડો થાય."

શ્રી. મરાઠે જેઓ ઘણા વર્ષના અનુભવી (૧૯૧૧ થી) વીમાશાસ્ત્રી છે, તથા મહારાષ્ટ્ર પ્રાંતિક સમિતિના સભ્ય છે તેમનો એ મત છે. તે મતને પ્રો. વૈદ્યનાથન-જેઓ લંડનના વીમાશાસ્ત્રીઓના મંડળના એક જ હિંદી ફેલો છે-ટેકો આપે છે; તેઓ કહે છે: "જીંદગીના વીમાની કંપનીનો આધાર મુખ્યત્વે નવા સભ્યો મળે તેના ઉપર જ નથી રહેતો, જ્યારે વહેંચણી કરનારી સોસાયટીના સફળ વહીવટનો આધાર પ્રતિવર્ષ નવા સભ્યોનો ઉમેરો થાય તેના ઉપર જ છે. આવો ઉમેરો થતો બંધ થાય કે તરત જ આવી કંપની માઠી દશામાં આવી પડે એટલે કે જવાબદારીને પહોંચી વળવા અશક્ત બને એ અનિવાર્ય છે."

સરકારી વીમાશાસ્ત્રી મી. માઇકલ ૧૯૧૮ ની વીમાની સરકારી બ્લુ બુકમાં જણાવે છે કે "આવી (Dividing Societies) વહેંચણી કરનારી કંપનીઓ હિંદમાં વીમાના સાહસને શાપ સમાન નીવડી છે."

મી. ડગલાસ ફોરેસ્ટને ખાત્રી છે કે: " બહુ વર્ષો જાય તે પહેલાં આવી વીમા કંપનીઓ જે અત્યારે હિંદમાં ફુલફાલ ચાલી છે તેમને નવા સભ્યોને અભાવે પોતાનાં બારણાં બંધ કરવાં પડશે... આવી કંપનીઓની નિષ્ફળતાને લીધે હિંદી વીમા કંપનીઓને જે નુકસાન વેઠવું પડશે તેનો ખ્યાલ કરવો પણ ગમતો નથી."

મી. જોન્સ ઉપરના અભિપ્રાયને ટેકો આપતાં જણાવે છે કે: " જેમ જેમ સભ્યોની સરેરાશ ઉમ્મર વધતી જાય તેમ તેમ દર માસે સભ્યોના મૃત્યુ પેટે ભરવા પડતા હપ્તાઓ પણ વધે અને મરણ દીઠ મળતી રકમ ઘટે; અને આ વાત જાહેર થાય એટલે કંપનીની લોકપ્રિયતા ઘટવા માંડે, કલેઇમ માટેની રકમ પણ ઝડપથી ઘટવા માંડે અને અંતે એવો વખત આવી જાય કે સોસાયટીને કામકાજ ચલાવવું અશક્ય લાગે. "

શ્રી. ટી. પ્રકાશમ અને શ્રી. દાદુભાઇ દેસાઈ જેવા મહાસભાવાદીઓ જેના ડાયરેક્ટરો છે એવી વીનસ એસ્યોરન્સ કંપની લીમીટેડ (દીલ્હી) તરફથી ચૂકવેલા કલેઇમોની વિગતના જે આંકડાઓ બહાર પડ્યા છે તે ઉપરથી આ બાબત પુરવાર થાય છે. ફેબ્રુઆરી ૧૯૩૦ માં રૂ. ૯૩૮-૯-૦ નો કલેઇમ એ કંપની તરફથી ચૂકવાયો હતો, તે ડીસેમ્બર ૧૯૩૦ સુધીમાં ઘટીને રૂ. ૩૬૨-૦-૦ થયો અને ૧૯૩૧ ના જાન્યુઆરીમાં ફક્ત રૂ. ૩૦૧-૧૫-૦ ચૂકવાયા. સભ્યોની કુલ સંખ્યા હાલ ૮૦૦૦૦ ઉપર છે, તેમાંથી ૧૬૦૦૦ સભ્યો હપ્તો ભરતા બંધ થયા છે; એટલે તેમને કંપની તરફથી લાભ મેળવવાનો કશો અધિકાર રહ્યો નથી. સને ૧૯૨૯ માં કંપનીએ દાખલ ફી, વાર્ષિક ફી અને માસિક હપ્તાઓ પેટે આશરે રૂ. ૧,૫૦,૦૦૦ ભેગા કર્યા, તેમાંથી રૂ. ૧,૧૫,૦૦૦ ખર્ચાઇ ગયા. આમાંથી સભ્યોના વારસોમાં મરણના કલેઇમ પેટે તો ફક્ત રૂ. ૨૦,૦૦૦ એટલે કે કુલ આવકના સેંકડે ૧૩ ટકા જેટલી રકમ જ વહેંચવામાં આવી છે. ૧૯૩૦-૩૧ ના વર્ષમાં રૂ. ૭,૧૮,૦૦૦ ની આવક થઈ તેમાંથી રૂ.

૧,૭૨,૦૦૦ એટલે કે આવકના ૨૪ ટકા જેટલી રકમ મરનાર સભ્યોના વારસોને મરણના ક્લેઈમ પેટે વહેંચવામાં આવી. કંપની હિંદી વીમા કંપનીના કાયદા મુજબ રજીસ્ટર થએલી છે અને ૧૯૨૮ ની સાલથી, કંપનીના સલાહકાર વીમાશાસ્ત્રી શ્રી મરાઠેની સલાહ વિરૂદ્ધ જઈ મફત વીમાની શાખા ખોલવામાં આવી છે. શ્રી. મરાઠેએ તેમનું નામ મફત વીમા કંપનીના સલાહકાર તરીકે નહિ વાપરવાનું તેમને જણાવી પણ દીધું છે.

પૂર્વ ખાનદેશ જીલ્લા સમિતિ (ચાવલ) ના માજી મંત્રી ઠાકોર ગોપાલસિંગ ચૌહાણે સ્થાપેલી અને "બધા મહાસભાવાદી ડાયરેક્ટરો-વાળી" ન્યુ બોમ્બે બેન્કીંગ કોરપોરેશન લીમીટેડના આંકડાઓ ઉપરથી એની પણ એવી જ દુઃખદ દશા જણાય છે. ૧૯૩૦ ના એપ્રિલમાં ક્લેઈમ તરીકે રૂ. ૫૦૦) ચુકવાતા તે ઘટીને ૧૯૩૦ ના ડીસેમ્બરમાં રૂ. ૨૦૧) થઈ ગયા. આ બન્ને કંપનીઓ 'મફત' વીમા કંપનીઓમાં આગળ પડતી છે. આમાંની ગુજરાતમાં કામ કરતી વીનસ કંપનીએ તો એવો આડે રસ્તે દોરનારો દાખલો આપેલો કે જો કંપનીમાં એક લાખ સભ્યો જોડાય તો મરનારને ક્લેઈમ પેટે ૮૦,૦૦૦ (એંસી હજાર) રૂપીઆ મળે, પરંતુ કંપનીના ખ્યાલમાં એ વાત તો આવી જ નહિ કે એક લાખમાંથી એક માસમાં એક જ સભ્ય મરે એ અશક્ય છે. આ દાખલાનું ન્યુ બેન્કીંગ કોરપોરેશને આંધળું અનુકરણ કર્યું અને પ્રોવિડન્ડ ઇન્સ્યુરન્સ સોસાઇટીઝ એક્ટ—જે કાયદા નીચે તે કંપની રજીસ્ટર થઈ છે તે કાયદાની કલમ ૩ અનુસાર રૂ. ૫૦૦ થી વધારે તેનાથી વહેંચી શકાય નહિ તે વાત તો નવા મેમ્બરો ખેંચવાની લાલસામાં કંપની વિસરી જ ગઇ.

વીનસ કંપનીમાં જાણીતા મહાસભાવાદીઓ ડાયરેક્ટરો હોવાથી તેને સારૂં કામ મળવા માંડયું. બેન્કીંગ કોરપોરેશને પોતાના પ્રચાર અર્થે મહાસભાના પ્રમુખ સરદાર વલ્લભભાઈ પટેલનો એવો સંદેશો

બહાર પાડયો કે બેકારીની માઠી અસર ટાળવા માટે લોકોએ હિંદી વીમા કંપનીઓને ઉત્તેજન આપવું અને ભવિષ્ય સુધારવા ન્યુ બોમ્બે બેન્કીંગ કોરપોરેશનના સભ્ય થવું.

આથી આ પ્રકારની યોજનાઓને જૂદું જ સ્વરૂપ આપવામાં આવ્યું અને ઓછી મૂડીએ ઝાઝો લાભ મેળવવા હજારો સભ્યો તેમાં જોડાયા. ફક્ત ગુજરાતમાં જ આવા સભ્યોની સંખ્યા એક લાખ ઉપર છે અને તેમની પાસેથી પંદર લાખથી યે વધારે રૂપિયા ભેગા કરવામાં આવ્યા છે. આવી કંપનીઓની માસિક આવક ત્રણ લાખ રૂપિયા ઉપરાંત છે. વીમાની ભાષામાં આવી કંપનીઓએ ગયા વર્ષમાં ત્રણ કરોડ રૂપિયા ઉપરાંતનું કામ કર્યું છે, અને દર માસે ૬૦ લાખનું કામ મેળવતી જાય છે.

જો આવી કંપનીઓ-કલેઈમ પાકયા છતાં ખોટા ઠરાવી, વીમો રદ થવામાં ઉત્તેજન આપી અને જે લોકો વીમો ચાલુ રાખતા હોય તેમના માર્ગમાં જાતજાતની મુશ્કેલીઓ ઉભી કરી–અપ્રમાણિક રસ્તા ગ્રહણ ન કરે તો તે કામ કરતી જરૂર બંધ પડે. જેમ પહેલાં આવી કંપનીઓ તૂટી પડી હતી તેમ વહેલા મોડી આ કંપનીઓ ભાંગવાની જ અને જ્યારે એ ભાંગશે ત્યારે બધી હિંદી વીમા કંપનીઓ અને ખાસ કરીને સાચે રસ્તે કામ કરતી પ્રોવિડન્ટ સોસાયટીઓને નુકસાન પહોંચાડશે.

આવી કંપનીઓના વહીવટનું ખર્ચ પણ બહુ ભારે હોય છે, કારણકે સામાન્ય જીંદગીના વીમા કરતાં, તેટલી જ રકમના વીમા માટે આવી કંપનીઓમાં ૧૮ ગણું કામ વધુ કરવું પડે છે. કેટલીક કંપનીઓમાં મેનેજીંગ એજન્ટસનું મહેનતાણું પણ બહુ ભારે હોય છે અને સભ્યો વધારે પ્રમાણમાં બંધ પડી ફરી ચાલુ થાય તથા સભ્યો ચાલુ રહે છે કે નહિ તે જોયા વિના જેમ બને તેમ વધારે સભ્યો કંપનીમાં જોડાય તેવું વલણ હોય છે.

આવી કંપનીના સભ્યોની સરેરાશ ઉંમર ૪૦ અને ૫૦

વર્ષની વચ્ચે હોય છે અને સ્ત્રીઓ તથા પુરૂષોનું પ્રમાણ ૪૦ થી ૬૦ ટકા જેટલું હોય છે. ઓરીએન્ટલ વીમા કંપનીમાં જો ૪૬ વર્ષની ઉંમરના પુરૂષને દાક્તરી પરીક્ષા બાદ લાયક ગણવામાં આવે તો ૧૦૦૦ રૂપિયાના વીમા માટે વીમો ઉતરાવનારની હયાતીમાં ૬૦ વર્ષની ઉમરે કે તે પહેલાં ગુજરી જાય તો મરણ વખતે નફા વગરની હયાતીની પોલિસી માટે કોઠા નંબર ત્રણ પ્રમાણે વાર્ષિક રૂ. ૭૯–૩–૦ ભરવા પડે છે; ત્યારે આવી કંપનીઓ દર વર્ષે રૂા. ૨૦) ને બદલે રૂા. ૧૨) લઇ, રૂા. ૨૫૨) આપવાની ગેરંટી કઇ રીતે આપી શકે છે તે સામાન્ય બુદ્ધિથી સમજાતું નથી. ખાસ કરીને જ્યારે આવી કંપનીઓનું સામાન્ય ખર્ચ બીજી વીમા કંપનીઓ કરતાં વિશેષ હોય છે.

આથી, અમે મહાસભાની કારોબારી સમિતિને વિનંતી કરવાની રજા લઇએ છીએ કે સમિતિ જાહેર કરે કે આવી વીમા કંપનીઓ જે વહેંચણીના સિદ્ધાંત ઉપર કામ કરે છે તે જીંદગીનો વીમો ઉતારનાર કંપનીઓ નથી અને કોઈ પણ ચોક્કસ ધોરણ વિનાની, સદ્ધરતા વિનાની અને અવ્યવહારૂ હોવાથી સ્વદેશીના નામે પ્રજા તરફથી તેને કોઇએ ટેકો આપવો નહિ.

આવી કંપનીઓને પ્રખ્યાત નિષ્ણાતોની સલાહ લઇ તેમની યોજનાઓમાં સુધારો કરવાની, તેમની પોતાની અને તેમના સભ્યોની સલામતી ખાતર વિનંતી કરવી જોઇએ અને જ્યાંસુધી નવી સુધારેલી યોજના તૈયાર ન થાય ત્યાંસુધી તેમણે કામકાજ મોકુફ રાખવું જોઇએ. ઉપરની અમારી વિનંતીનાં કારણો નીચે મુજબ છે:–

(૧) આ સદીના પહેલા દાયકામાં આવી જે કંપનીઓ નીકળેલી તેનો અનુભવ બતાવી આપે છે કે આવી કંપનીઓ નિષ્ફળ નીવડે એ અનિવાર્ય છે.

(૨) આવી કંપનીઓ વીમાશાસ્ત્રની ગણત્રી મુજબ નથી રચાએલી અને તેઓ 'મફત' વીમાના નામથી ઓળખાય છે તે

અવાસ્તવિક છે, કારણકે વાસ્તવિક રીતે સાધારણ જીંદગીના વીમા કરતાં તે વધારે ખર્ચાળ છે.

(૩) આવી કંપનીઓ ગણત્રીના ધોરણ વિનાની હોઈ ચોક્કસ ધોરણ વિનાની, અસદ્ધર અને અવ્યવહારૂ છે; અને જો ખોટા રસ્તા ન લે તો જરૂર ભાંગી પડે.

(૪) આવી કંપનીઓની પગાર થએલી પુંજી રૂ. ૫૦૦૦) ઉપરની એકે કંપની પાસે નથી; (આમાં એક અપવાદ છે તે કંપની વીમાનું મોટું કામ પણ લે છે) આટલી રકમ ભવિષ્યમાં કંપનીની જવાબદારીને પહોંચી વળવા માટે પૂરતી નથી.

(૫) અત્યારે જે રીઝર્વ ફંડ એકઠું કરવામાં આવે છે તે અમુક વર્ષ પછી સભ્ય હપ્તા ભરતો બંધ થાય ત્યારે દોઢા પૈસા મળે એ કલમની જવાબદારી જોતાં સાવ ઓછું છે.

(૬) ઉંમરની સાબિતી કે દાક્તરી પરીક્ષા નહિ હોવાને લીધે ઘરડા અને માંદા લોકો આવી કંપનીઓમાં જોડાય છે, એટલે દર માસે દર હજારે મરણ પ્રમાણ ૨॥ થી ૩ નું આવે છે. આ પ્રમાણ સામાન્ય વીમા કંપનીઓના પ્રમાણ કરતાં બમણું છે. જેમ જેમ વખત જશે તેમ તેમ મરણ પ્રમાણ વધશે એટલે જેના ઉપર કંપનીની સફળતાનો આધાર છે એવા નવા સભ્યો જોડાતાં બંધ થશે.

(૭) મોટા ભાગના મેનેજીંગ એજન્ટો ગરીબના પરસેવાનો પૈસો ધૂતવા નીકળેલા તાલમબાજોનો છે, તેઓ પોતાને માટે મોટા પગારો અને કમીશનો રાખી થોડા વખતમા ઝાઝો ફાયદો મળશે એવા તરંગી વચનો આપે છે. એમાંના ઘણાખરા તો વીમાના દલાલો છે અને તેમણે એકાએક મેનેજીંગ ડીરેકટરોનો ઓદ્દો ધારણ કરી લીધો છે. તેમાંના કેટલાકનાં પાછલાં ચરિત્રો પણ વાંધાભરેલાં જણાયાં છે.

(૮) ઘણાખરા ડીરેકટરો સામાજીક મોભો ધરાવનાર ગૃહસ્થ

 १५२९४

છે અને તેઓ સ્વદેશીના નામથી આકર્ષાઇ ફસાયા છે, તેમાંના કેટલાક તો હવે સ્વદેશીના ઝીણા પડ પાછળ રહેલ સત્ય વસ્તુનું ભાન થતાં રાજીનામું આપવા લાગ્યા છે.

(૯) ઘણીખરી કંપનીઓ વખતોવખત પોતાના નિયમોમાં ફેરફારો કરે છે, જે ચાલુ સભ્યોના હિતને નુકસાનકર્તા છે. કેટલીક કંપનીના ગુજરાતી અને અંગ્રેજી પ્રોસ્પેક્ટસોમાં ખૂબ ફેરફારો હોય છે.

(૧૦) આમાંની બધી કંપનીઓ અમુક ચોક્કસ મુદતમાં, મરનારના વારસને ચોક્કસ રકમ આપવાની બાંહેધરી આપતી નથી.

(૧૧) કેટલીક કંપનીઓ ભરાઇ ગએલી પોલીસી ઉપર લોન આપવાનાં તથા હક જતો કરે તો અમુક રકમ (Surrender Value) આપવાનાં વચનો આપે છે, પણ તે આવી યોજનાઓ પ્રમાણે આપવી અશક્ય છે.

(૧૨) આવી સોસાયટીઓનું સૌથી વાંધાભર્યું લક્ષણ તો એ છે કે તેમના હિસાબ જે રીતે પ્રસિદ્ધ કરવામાં આવે છે તે રીત એવી ગુંચવણભરી હોય છે કે ઘણીખરી સોસાયટીના હિસાબોમાંથી તો નિષ્ણાતો પણ કંપનીની ખરી સ્થિતિ ન સમજી શકે.

(૧૩) આવી કંપનીઓ હિંદી વીમાના સાહસને શાપ સમાન છે.

અમદાવાદ
તા. ૪-૭-૧૯૩૧

હું છું આપનો સેવક
ઠાકોરલાલ પ. ઠાકોર,
પ્રમુખ–'મફત' વીમા સાવધાન સમિતિ.

ખેડૂતો સાવધાન.

દુઃખની વાત છે કે જ્યારે હજારો સ્વદેશપ્રેમી ભાઇઓ અને બહેનોના ત્યાગ અને બલિદાનના પરિણામે દેશમાં સ્વદેશીની પ્રચંડ ભાવના જાગ્રત થઈ છે ત્યારે એ તકનો ગેરલાભ ઉઠાવનાર કેટલાક સ્વાર્થી માણસો ભોળા ખેડૂતોને ઠગી પોતાનો સ્વાર્થ સાધતા નીકળી પડેલા માલમ પડે છે. તેમણે વહેંચણીના ધોરણ ઉપર મફત વીમા કંપનીઓની જાળ પાથરી છે તેમાં બિચારા ભોળા અને અભણ ખેડૂતો ફસાય છે. તેમને ફસાવવાને ઠેકઠેકાણે આ કંપનીઓના દલાલો પોતાના સ્વાર્થને ખાતર સ્વદેશીની પવિત્ર ભાવનાને વટાવી દેશદ્રોહ કરી રહ્યા છે. આ જાળમાં ફસાતા ખેડૂતોને સાવધાન કરવાનું જે ઉત્તમ કામ અમદાવાદની પ્રોવિડન્ટ સોસાયટી સાવધાન સમિતિ કરી રહેલી છે તેને માટે તે સોસાયટીના કાર્યવાહકોને મુબારકબાદી ઘટે છે. આ સમિતિએ મારી સૂચનાથી જે રીપોર્ટ તૈયાર કર્યો છે તે જોતાં ખાત્રી થાય છે કે વહેંચણીના ધોરણ પર કામ કરતી મફત વીમા કંપનીઓ ખેડૂતોને ફસાવનારી અને સ્વદેશી વીમાને આફતરૂપ છે અને એથી એવી કંપનીઓનો જેમ બને તેમ જલ્દી વિનાશ થવો જોઇએ. મારી ઉમેદ છે કે સાવધાન સમિતિ ભોળા ખેડૂતોને આ જાળમાં ફસાતાં બચાવશે એટલુંજ નહિ પણ તેમાં ફસાયેલા ખેડૂતોના ગએલ પૈસા બને તેટલા પાછા અપાવવાની તજવીજ કરશે.

આવી પોકળ કંપનીઓની જાહેરખબર છાપવી એ પણ એક પાપ છે. વર્તમાનપત્રવાળાઓને મારી નમ્ર વિનંતી છે કે આવી કંપનીઓની જાહેર ખબર ન છાપે.

ગુજરાત પ્રાંતિક સમિતિની કાર્યવાહક સમિતિએ તા. ૧૪-૭-૧૯૩૧ ના રોજ જાહેર પ્રજાને સાવધાન કરવાને ખાતર આ સંબંધમાં નીચેનો ઠરાવ કર્યો છેઃ—

"ધી પ્રોવિડન્ટ સોસાયટી વિજીલન્સ કમિટીનો રીપોર્ટ જોતાં

માલુમ પડે છે કે વહેંચણીના ધોરણ પર કામ કરતી મફત વીમા કંપનીઓ સ્વદેશી વીમા કંપનીને નામે ખોટો પ્રચાર કરીને અને મોટી રકમો મળવાની ખોટી લાલચો આપીને અજ્ઞાન અને ગરીબ લોકોને છેતરે છે તેથી જાહેર પ્રજાને ચેતવણી આપવામાં આવે છે કે આવી કહેવાતી વીમા કંપનીઓની જાળમાં ફસાવું નહિ."

સમિતિના સ્વયંસેવકો અને કાર્યવાહકોએ ખેડૂતોને આ ઠરાવ સમજાવી સાવધાન કરવા જોઇએ.

("નવજીવન" તા. ૨૬–૭–૩૧) વલ્લભભાઇ પટેલ

કંપનીઓનો રાફડો.

સ્વદેશીના મોજાની સાથે નામધારી કંપનીઓ અને સોસાયટીઓનો રાફડો ફાટે એ અનિવાર્ય હતું. એમાંની કેટલીક તો લોકોને ઠગવા માટે જ કાઢેલી હતી. આમાંની કેટલીક સોસાયટીઓના વ્યવસ્થાપકો અથવા દલાલો નવરા, પોલિસ જેમને ખોળી રહી છે તેવા હતા. તેમનો અને તેમના વ્યવહારનો ભેદ સરદાર વલ્લભભાઇ કળી ગયા. તેમણે જોયું કે આ અપ્રમાણિક દલાલો ભોળા લોકોને ઠગે છે. તેથી તેમણે સૂચનાઓ કાઢી કે મહાસભા સમિતિઓએ આ રાફડાની પેઠે ફાટી નીકળેલી કંપનીઓની તપાસ કરવી અને તેની સામે લોકોને ચેતવવા. જરૂર પડે તો પોલિસને પણ બોલાવતાં અચકાવું નહિ એમ તેમણે કહી રાખ્યું. આખરે સરદારના પ્રયત્નથી એક "પ્રોવિડન્ટ સોસાયટી વિજીલન્સ કમિટી" સ્થપાઇ. તેના પ્રમુખ શ્રી. ઠાકોરલાલ ઠાકોર અને મંત્રી શ્રી. નંદલાલ શાહ છે અને તેનું મથક અમદાવાદમાં ધનાસુતારની પોળમાં છે. આ કમિટીએ એક રીપોર્ટ રજુ કર્યો છે તેમાં જણાવ્યું છે કે આ કંપનીઓના વ્યવહાર ઉઘાડા પાડવાને ચાંપતા ઇલાજો વેળાસર લેવામાં ન આવે તો પરિણામ કેવાં અનર્થકારી નીવડે એમ છે. શ્રી. જમશેદ મહેતાનો અભિપ્રાય એવો છે કે જો આ વ્યવહાર વખતસર

બંધ નહિ કરવામાં આવે તો ગરીબોના લગભગ એક કરોડ રૂપીઆ લૂંટાઇ જવાનો ભારે સંભવ છે. આવી કંપનીઓના ડિરેક્ટરો તરીકે અગ્રેસર મહાસભાવાદીઓએ સાલસપણે પોતાનાં નામ આપ્યાં છે એને વિષે આ કમિટી ખેદ પ્રદર્શિત કરે છે. એટલે મહાસભાવાદીઓને ડિરેક્ટરો તરીકે જોઇને લોકો કંપની પર વિશ્વાસ રાખીને ફસાયા છે. આનો અર્થ એ નથી કે બધી કંપનીઓ દગાબાજ છે, પણ આ કમિટી માને છે કે તેમાંનો મોટો ભાગ વેપારી દૃષ્ટિએ ટકી ન શકે એવો છે. પોતાના નિર્ણયોના ટેકામાં તેમણે પ્રસિદ્ધ પુરુષોનાં પ્રમાણો ટાંકીને બતાવ્યું છે કે આ કંપનીઓ કે સોસાયટીઓએ આપેલાં વચનો લાંબા વખત સુધી કદી પાળી ન શકાય. પચીસ વર્ષ પહેલાં આ આર્થિક મરકી—એ મરકીથી જરાયે ઉતરે એવી વસ્તુ ન હતી—ફાટી નીકળી હતી, તે તો ગઇ, પણ ઘણાં ઘરોને પાયમાલ કરતી ગઇ. પ્રજાકીય સ્મરણશક્તિ નબળી હોય છે. ઉપલા બનાવ પછી એક પેઢી વીતી ગઇ છે અને પેલી મરકી પાછી વધારે ઉગ્ર રૂપે ફાટી નીકળી છે હિંદુસ્તાનમાં આવી સોસાયટી લગભગ ૧૦૦ છે, તેમાંથી ચાળીસેક તો ગુજરાતમાં છે. આ સોસાયટીઓ પોતાનું કામકાજ સંકેલી લે એવી અપેક્ષા વધારે પડતી છે, પણ સંખ્યાબંધ મહાસભા સમિતિઓ ચાલુ પરિસ્થિતિથી વાકેફ થાય અને પ્રજાને તે પ્રમાણે સલાહ આપે એવી અપેક્ષા વધારે પડતી નથી. "વિજીલન્સ કમિટી" સૌ પુછપરછ કરનારને માહિતી પૂરી પાડશે. એ એનું ખાસ કામ છે.

("યંગ ઇંડિયા" તા. ૩૦–૭–૩૧) મોહનદાસ ક. ગાંધી

જૂઠી પ્રોવિડન્ટ કંપનીઓ.

આવી કંપનીઓ બાબત ફરિયાદો હજી આવ્યાજ કરે છે તેનો અર્થ એજ થયો કે સરદાર વલ્લભભાઇએ એ સંબંધમાં જે ચેતવણી આપી છે તેની પૂરી અસર થઇ નથી. અમદાવાદમાં

આવી કંપનીઓ માટે એક સાવધાન સમિતિ સ્થપાઇ છે. તેના ઓદ્દેદારો ઉપર ફરિયાદો માંડવાની ધમકી આપવાની હિંમત પણ કેટલીક કંપનીઓએ તો બતાવી છે. કેટલીક કંપનીઓ એવી ભારે અને મોહક લાલચો બતાવે છે કે એનું પાલન તે કરી શકવાની જ નથી. છતાં ધનવાન થવાનો જેમને ઘો લાગ્યો છે તેઓ આ જાળમાં જઇ જઇને ફસાય છે. કમનસીબે ખેડૂતોના ભોળપણુ ઉપર આ કંપનીઓ પોતાનો વેપાર ચલાવે છે. ફી ઉઘરાવવા સિવાય બીજે કોઇ પ્રસંગે તેઓ ખેડૂતોને મોં પણ બતાવતા નથી. એક ભાઇ પૂછે છે કે સાચી કંપની અને જૂઠી કંપનીનો ભેદ અમારે શી રીતે પારખવો ? મારી સલાહ તો એ છે કે "સઘળીનો જ ત્યાગ કરો. આવી મોહક લાલચોમાં શા માટે પડો છો ? પરંતુ તમારે કોઇ કંપનીનો લાભ લેવો જ હોય તો સાવધાન સમિતિને પૂછો અને તેમની સલાહ પ્રમાણે કામ કરો." એ સમિતિના સભ્યો બધા સેવાર્થે કામ કરનારા છે. પરોપકારની દષ્ટિએ અને ટાળી શકાય એવાં નુકશાનમાંથી ગરીબ લોકોને ઉગારી લેવાના હેતુથી એ સમિતિ સ્થપાઈ છે.

("યંગ ઇન્ડિયા" તા. ૨૭-૮-૩૧) મોહનદાસ ક. ગાંધી

ગુજરાત પ્રાંતિક સમિતિનો ઠરાવ.

આ સમિતિનો એવો ચોક્કસ અભિપ્રાય છે કે સંખ્યાબંધ 'મફત' વીમા કંપનીઓ ખોટી રીતે લલચાવનારી જાહેર ખબરો છપાવી ગુજરાતમાં ભોળા અને અજ્ઞાન ખેડૂતોને તથા ગરીબ માણસોને ફસાવે છે. આ કંપનીઓ ઘણીખરી અશાસ્ત્રીય અને ગણુતરીના નિયમ વિરૂદ્ધની પદ્ધતિથી કામ કરે છે અને પાછલો અનુભવ જોતાં તે પાણીના પરપોટાની માફક થોડા જ વખતમાં નાશ પામે તેવી રીતે રચાયેલી છે. તેથી ખેડૂતોને અને ગરીબ વર્ગને તેમની જાળમાં ફસાતાં બચાવી લેવાની ખાસ જરૂર છે. આ સમિતિ ભલામણુ કરે છે કે કોઇ પણુ માણુસે આવી વીમા કંપ-

નીમાં પોતાના પરસેવાના પૈસા નાંખી દેવા નહિ. તેમજ દરેક સમિતિ અને મહાસભાના કાર્યકર્તાઓને ભલામણ કરે છે કે ગરીબ માણસોને આ સંબંધી પૂરેપૂરી ચેતવણી આપી બચાવી લેવા દરેક જાતના પ્રયત્નો કરવા. મહાસભાના કાર્યકર્તાઓએ આવી કંપનીઓ સાથે કોઇ પણ જાતનો સંબંધ રાખવો નહિ. હમણાં જે કોઈ કાર્યકર્તાનો સંબંધ હોય તેમણે તે તોડી નાંખી ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રીને ખબર આપવી.

ઠરાવ નં. ૭ } મંત્રીઓ,
તા ૬–૯–૩૧. } **ગુજરાત પ્રાંતિક સમિતિ.**

બહિષ્કારને પાત્ર વીમા કંપનીઓ અને લોનબેંકો.

વહેંચણીના ધોરણ પર ગુજરાતમાં કામ કરતી નીચે જણાવેલી ૪૦ 'મફત' વીમા કંપનીઓનો બહિષ્કાર કરવા ગુજરાત પ્રાન્તિક સમિતિ સૌને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

'મફત' વીમા કંપનીઓ.

(હેડ ઑફિસ) **મુંબઇ:** ૧ નેપચ્યુન ૨ ન્યૂ બોમ્બે બેન્કીંગ ૩ પ્રેસિડન્સી લાઇફ ૪ ગ્રેટ ઇન્ડિયન મ્યુચ્યુઅલ ૫ માર્સ ૬ ગુડલક ૭ સ્વસ્તિક ૮ વિષ્ણુ ૯ ઓરિએટ સ્ટાર ૧૦ યુનિઅન એનિવીટ ગેરંટી ૧૧ ફ્રી ઇન્ડીઆ મ્યુચ્યુઅલ ૧૨ આઝાદ ઇન્સ્યુરન્સ ૧૩ ફોરવર્ડ ઇન્સ્યુરન્સ ૧૪ ઇન્ડીઅન ફ્રેન્ડલી એસ્યુરન્સ ૧૫ સુપ્રીમ ઇન્સ્યુરન્સ

બેળગામ: ૧૬ કિસાન.

વડોદરા: ૧૭ ગુજરાત પ્રોવિડન્ડ એન્ડ ઇન્ડસ્ટ્રીઅલ ૧૮ રીલાઅન્સ ૧૯ ઇમ્પીરીઅલ લાઇફ એન્ડ ડેથ બેનીફીટ ૨૦ નેશનલ આર્ટ એગ્ઝીબીશન ૨૧ નેશનલ મ્યુચ્યુઅલ ડેથ બેનીફીટ ૨૨ મ્યુચ્યુઅલ લાઇફ એસ્યુરન્સ

રાજપીપળા: ૨૩ રાજપીપળા મ્યુચ્યુઅલ બેનીફીટ

નડીઆદ: ૨૪ ગુજરાત પોપ્યુલર ૨૫ નડીઆદ એસ્યુરન્સ બેન્ક

અમદાવાદ: ૨૬ રાજનગર બેન્કિંગ ૨૭ કુમાર ૨૮ ચન્દ્ર ૨૯ નવજીવન ૩૦ ઓલ ઇન્ડિયા મ્યુચ્યુઅલ બેન્કિંગ ૩૧ ગ્રાન્ડ ઇન્ડિયન ૩૨ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ મ્યુચ્યુઅલ ૩૩ ફીઞસ એસ્યોરન્સ બેન્ક.

કાઠીઆવાડ: ૩૪ કાઠીઆવાડ પ્રોવિડન્ટ (રાજકોટ) ૩૫ સૌરાષ્ટ્ર મ્યુચ્યુઅલ બેનીફીટ (જુનાગઢ)

દિલ્હી: ૩૬ વિનસ એસ્યુરન્સ ૩૭ ઇસ્ટર્ન બેન્કિંગ એન્ડ પ્રોવિડન્ટ ૩૮ પંજાબ નેશનલ ઇન્સ્યુરન્સ (લાહોર)

મદ્રાસ: ૩૯ જયભારત ૪૦ સ્ટાર ઓફ ઇન્ડિયા

લોનબેન્કો.

નીચે જણાવેલી વગર વ્યાજથી માંડી ત્રણ કે છ ટકા વ્યાજ સુધી ધીરનારી લોનબેન્કોનો બહિષ્કાર કરવા સૌને ભલામણ છે. આમાંની ઘણી ખરી પર ઠગાઈનો કેસ ચાલે છે, કેટલીક પૈસા ઉઘરાવીને નાસી ગઇ છે અને કેટલીક ફડચામાં ગઇ છે.

અમદાવાદ: ૪૧ પાટનગર બેન્કિંગ ૪૨ ગુજરાત સદ્ધર પેઢી

મુંબઇ: ૪૩ ઇઝી લોન બેંક યાને બેંક ઓફ સધર્ન ઇન્ડિઆ ૪૪ મેટ્રોપોલીટન મ્યુચ્યુઅલ બેન્કિંગ એન્ડ એસ્યુરન્સ

દિલ્હી: ૪૫ દિલ્હી સિન્ડીકેટ

પંજાબ: ૪૬ પીપલ્સ ઓન ફ્રી લોન સપ્લાઇંગ બ્યુરો (થ્રોહ) ૪૭ સી. એસ. ધેઇ એન્ડ કંપની (લુધિયાના)

પટણા: ૪૮ ધી કોઓપરેટીવ કેશ બ્યુરો ૪૯ ઓલ ઇન્ડીઆ મ્યુચ્યુઅલ ફાઇનેન્સીંગ

પુના: ૫૦ પીપલ્સ ઓન પ્રોવિડન્ટ એન્ડ જનરલ ઇન્સ્યુરન્સ

બોન્ડ સ્કીમો.

નીચે જણાવેલી કંપનીઓ બોન્ડસ્કીમો અને લોનસ્કીમો ચલાવે છે જે ગરીબોના લાભ માટેની નથી માટે તેનો બહિષ્કાર કરવો.

અમદાવાદ: ૫૧ ન્યૂ હિંદુસ્થાન ફાઇનેન્સીંગ એન્ડ બેન્કિંગ ૫૨ રામકૃષ્ણ બેન્કિંગ યુનિયન

મુંબાઇ: ૫૩ વર્કર્સ એન્ડ પેઝન્ટસ સોસાયટી

મદ્રાસ: ૫૪ યુનિવર્સલ મ્યુચ્યુઅલ એઇડ એન્ડ પુઅર હાઉસિસ એસોસીએશન

સીમલા: ૫૫ જનરલ રીલીફ એસોસિયેશન

કરાંચી: ૫૬ ગ્રેટ ઇન્ડિયન મ્યુચ્યુઅલ એઇડ એન્ડ રીલીફ એસોસીએશન.

આ ઉપરની ૫૬ કંપનીઓ સાથે કોઇએ કામ પાડવું નહિ. જેમણે પૈસા ભર્યા હોય તેમણે હવે નવા પૈસા ભરવા નહિ, કારણ કે એ વધારે પૈસા ખોવાનો રસ્તો છે. કેટલાક દેશદ્રોહી એજન્ટો આવી કંપનીઓ સાથે દેશનેતાઓનાં નામો જોડે છે પણ તેથી કોઇએ ભોળવાવું નહિ.

કૉંગ્રેસ હાઉસ,
અમદાવાદ
તા. ૯-૯-૧૯૩૧

જીવણલાલ હ. દીવાન
મણીલાલ કોઠારી
મોરારજી દેસાઇ
મંત્રીઓ,
ગુજરાત પ્રાંતિક સમિતિ.

મિ. જોન્સનો અભિપ્રાય.

વીમા કંપનીના મેનેજર અને વીમાના બાહોશ નિપુણાત મિ. એચ. ઇ. જોન્સ લખે છે કે:—

"તમે એક કંપનીનું "મફત" વીમા અને સહકારી કાયદાની યોજનાઓ સંબંધીનું પ્રોસ્પેકટસ મને મોકલ્યું હતું અને પૂછ્યું હતું કે આ પ્રકારની યોજનાઓ મારા મત પ્રમાણે સદ્ધર, પદ્ધતિસરની અને વ્યવહારૂ ગણાય કે કેમ? આ બાબતમાં જરા પણ અચકાયા વિના હું જણાવું છું કે નીચેનાં કારણોસર આવી યોજનાઓ પદ્ધતિસર ગોઠવાએલી નથી જ. તેમ સદ્ધર કે વ્યવહારૂ પણ નથી.

આ પ્રકારની સોસાયટીઓ જ્યારે કામકાજ કરવાની શરૂઆત કરે ત્યારે જો આકર્ષક પ્રોસ્પેકટસ બહાર પાડયું હોય તો, તમે જેમ જણાવો છો કે મુંબઇ ઇલાકામાં અને ખાસ કરીને ગુજરાતમાં બન્યું છે તેમ તેમને સારા પ્રમાણમાં સભ્યો મળી રહે એ સંભવિત છે; જો વીમો ઉતરાવનાર સભ્યોની સરેરાશ ઉપજ ઓછી હોય તો મરણના કોલ ઓછા પ્રમાણમાં માગવામાં આવે અને તેથી (કોઇ સભ્યના) મરણના દાવા (કલેઇમ), માસિક એક રૂપિયાના ફાળામાંથી જે રકમ મળે તેમાંથી ૨૦ ટકા કાપતાં પણ સારી રકમ બાકી રહે. આથી કંપનીના સભ્યો થવાની પડાપડી થાય. પરંતુ સમય જતાં, જેમ જેમ સભ્યોની સરેરાશ ઉંમર મોટી થાય, તેમ તેમ દર માસે, ચુકવવાના દાવાઓ (કલેઇમ્સ) ની સંખ્યા વધે, અને જો આ પ્રમાણે સભ્યોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો ન થયો હોય તો મોતના દાવા ચુકવવા જે રકમ મળતી હોય તે ધીમે ધીમે ઘટતી જાય.

જ્યારે આમ બને અને એ વાતની જાણ થાય એટલે સોસાયટીની લોકપ્રિયતા તરત જ ઘટવા માંડે, અને દર વર્ષે જે સભ્યો મૃત્યુ પામે કે જેમની સાથેનો કરાર ખલાસ થયો હોય તેમના બદલે નવા સભ્યો ઓછા ને ઓછા આવતા જાય. સાથે સાથે દર માસે વધુ દાવાઓ ચૂકવવા પડે અને અંતે દાવાઓ ચૂકવવા માટે જે રકમ મળતી હોય તે એટલી ઘટી જાય કે જેથી કંપનીથી પોતાનું કામ આગળ ચલાવવાનું બની શકે નહિ.

આ પ્રકારના સંજોગોને પહોંચી વળવા, આવી સોસાયટી કોઇ પ્રકારના રીઝર્વ ફંડની જોગવાઈ કરે એ લગભગ અશક્ય છે; કારણકે જે દાખલ ફી લેવામાં આવે તે પોલીસીને અંગે થતાં ખર્ચમાં વપરાય, તથા જે વાર્ષિક એક રૂપિયાની ફી લેવામાં આવે તથા દાવા ચૂકવવા પેટે સોસાયટીને જે કુલ રકમ મળે તેમાંથી ૨૦ ટકા કપાય તે તો સોસાઇટીના વાર્ષિક ખર્ચ પેટે જ જાય. હેડ ઓફિસ,

બ્રાન્ચ ઓફિસ તથા કમીશન પેટે જે ખર્ચ થાય, તેનો વિચાર કરતાં મને નથી લાગતું કે આ પ્રકારની સોસાયટી, જેને માસિક આવકમાંથી ૮૦ ટકા જેટલું દાવાઓ પેટે સભ્યોને ચૂકવવાનું હોય, તે ટુંક સમયમાં જ પોતાની ફરજોને પહોંચી વળવા અશક્ત થાય એ અસંભવિત હોય.

"મફત વીમો" એ શબ્દ ખોટો જ છે, કારણકે મારા મત પ્રમાણે તો એ સામાન્ય જીંદગીના વીમા કરતાં વધારે ખર્ચાળ છે. મુશ્કેલી તો એ છે કે અત્યારના કાયદામાં એવું કશું નથી કે જેથી આ પ્રકારની વહેંચણીની સંસ્થાઓ (Dividing Societies) થતી અટકાવી શકાય; પરંતુ વસ્તુતઃ હિંદી જીંદગીના વીમા કંપનીઓના કાયદાના નવા નિયમો અનુસાર આવી કંપનીઓએ મોકલવાના (Returns) અથવા દાવા માટે જોગવાઇ કરવામાં આવી છે. આવી સોસાયટીઓ, હિંદી જીંદગીના વિમાની કંપનીઓના કે પ્રોવીડન્ટ ઇન્સ્યોરન્સ સોસાયટીના કાયદા પ્રમાણે રજીસ્ટર તો થવી જ જોઇએ. હું માનું છું કે તમે જે સોસાયટીઓ સંબંધી લખો છો તે એક કે બીજા કાયદા નીચે રજીસ્ટર થયેલી છે. તમે જે ખાસ સોસાયટીની વાત કરો છો તે તો સામાન્ય વિમા કંપની તરીકે હિંદી જીંદગીના વિમા કંપનીઓના કાયદા મુજબ રજીસ્ટર થઇ ગએલી છે.

તા. ક: ઉપરનો પત્ર લખ્યા પછી "જીંદગીના વીમા" ઉપરની તાજેતરમાં પ્રસિદ્ધ થએલી એક ડીક્ષનેરીમાં, 'એસેસમેન્ટ એસ્યોરન્સ' ઉપર એક લેખ મારા વાંચવામાં આવ્યો છે.

"એસેસમેન્ટ એસ્યોરન્સ' અને ઉપર જણાવેલી સોસાઇટીઓ (Dividing Societies) માં ફેર એટલો છે કે પહેલામાં મોત વખતે મળતી રકમની ગેરંટી આપવામાં આવે છે પણ સભ્યોને ભરવાની રકમ અમર્યાદિત હોય છે. જ્યારે બીજામાં (Dividing Societies) સભ્યોને ભરવાની રકમ મર્યાદિત હોય છે પણ મોત વખતે મળતા ફાયદાની ગેરંટી હોતી નથી. આ બન્ને દાખલાઓમાં

પરિણામ તો સરખું જ આવે છે અને લેખમાં જણાવ્યું છે કે બીજા દેશોને આવી સોસાઇટીના સભ્યોને બને તેટલો ન્યાય મળે તે માટે કાયદા કરવા પડયા હતા."

શ્રી. મરાઠેનો અભિપ્રાય.

પૂનાના વીમાશાસ્ત્રી શ્રી. ગ. સ. મરાઠે તા. ૧૯–૫–૩૧ ના "કેસરી" માં નીચે પ્રમાણે લખે છે:—

કુલવધૂ અને વેશ્યા.

ખરી વીમા કંપનીની યોજના એટલે ઠરાવેલું પ્રીમિયમ, ઠરાવેલી મુદત, ઠરાવેલી વીમાની રકમ (બોનસ ઠરાવેલું હોતું નથી, પણ તે કંઇક અંશે ઠરાવેલું હોય છે) એવા પ્રકારની એકચ્યુઅરીએ મંજુર કરેલી યોજના હોવી જોઇએ. જેમાં ડેથકોલ લેવાતા હોય છે, અર્થાત્ સભાસદોમાંના પ્રત્યેકના મૃત્યુ પાછળ રકમની માંગણી કરવી અને ભાગમાં આવે તે રકમ વારસોને આપવી એ પ્રકારની યોજના અત્યંત ઘાતક છે. કંપની નીકળ્યા પછી તુરત જ મૃત્યુ થતાં તેમાં વીમા કંપની કરતાં વધુ રકમ મળે છે, પણ આગળ ને આગળ જતાં તદ્દન ઓછી રકમ મળે છે; તેવી જ રીતે ડ્રોઇંગ એટલે લોટરીની પેઠે ટિકીટો ખેંચવાનો વગેરે પ્રકાર પણ આકર્ષક હોય છે, પણ જેમ વેશ્યા કુલવધૂની તોલે આવી શકતી નથી તેજ પ્રમાણે આવા પ્રકારના મોડને વીમો કોઇ પણ અર્થમાં કહી શકાય નહિ.

મિ. હંફ્રેઝનો અભિપ્રાય.

કલકત્તામાં પ્રસિદ્ધ થતા જાણીતા વેપારવિષયક પત્ર 'કેપીટલ' ના તા. ૧૩ મી અને તા. ૨૦ મી ઓગસ્ટના અંકમાં ત્યાંના જાણીતા વીમાશાસ્ત્રી મી. એચ. એલ. હંફ્રેઝ એ. આઇ. એ. ના બે લેખ 'વહેંચણીના ધોરણવાળા વીમા' વિષે પ્રસિદ્ધ થયા છે. તેનો અનુવાદ નીચે આપ્યો છે:—

વહેંચણીના ધોરણવાળા વીમાનું તુત.

વીસ–પચીસ વર્ષ ઉપર જે પદ્ધતિએ લોકોને લૂંટવામાં આવ્યા હતા, તે જ પદ્ધતિથી લોકોનાં નાણાંની ચલાવવામાં આવેલી લૂંટ સફળ થાય જ એ તો જાણીતી વાત છે. ૧૯૦૫ થી ૧૯૧૦ ની વચ્ચે વહેંચણીને ધોરણે કામ કરતી વીમા કંપનીઓ ઉભરાઇ નીકળી હતી અને નાણાંની મોટી રકમો ભોળા ગામડીયાના ગજવામાંથી ખેંચાઈ ખેંચાઇને તેવી કંપનીઓ ચલાવનારાઓનાં અને બીજા થોડાઓનાં ગજવામાં જઇને પડતી હતી. તે કંપનીઓએ જે ગંભીર અનર્થ નીપજાવ્યો હતો તે ઉપરથી જ વહેંચણીના ધોરણનો દોષ અને તેનું અવહેવારૂપણું હમેશને માટે નક્કી થઈ જવાં જોઇતાં હતાં. છતાં ૧૯૨૯ માં અને ૧૯૩૦ માં એ ચૂરો થઇ ગએલા વહેંચણીના વીમાના ધોરણે જ કામ કરનારી નવી કંપનીઓનો રાફડો 'મફત વીમા' 'પ્રોવીડંડ' 'મ્યુચ્યુઅલ બેનીફીટ' અને 'સહકારી' મંડળીઓને નામે ફાટી નીકળ્યો છે.

ભૂતકાળના બોધપાઠ છતાં આમ બની શક્યું તેનું કારણ એ જ છે કે વહેંચણીના ધોરણમાં માત્ર ઉપર ઉપરનો ચળકાટનો આભાસ હોય છે. જે મેમ્બરો અમુક વખતની દરમ્યાન મરણ પામે તે મેમ્બરોને આખી મંડળીના મેમ્બરો પાસેથી મળેલાં નાણાંમાંથી પોતાનો હિસ્સો મળે તેવી ગોઠવણ સાથે પોલીસી હોલ્ડરોની એક "પરસ્પર સહાયકારી મંડળી" બનાવવી તે બુદ્ધિગમ્ય સાહસ ભાસે છે ખરૂં; વધારે ખુલ્લી દેખાતી મુશ્કેલીઓનો તેમાં તોડ કાઢવામાં આવેલો હોય છે; જો મંડળીના મેમ્બરો મોટી સંખ્યામાં મરણ પામે તો બાકીના પોલીસીહોલ્ડરો ઉપર 'ડેથકોલ' નો મોટો બોજો ન પડે તે માટે દરેક માસે એવો એક જ 'ડેથકોલ' લેવાની ખાસ હદ બાંધવામાં આવે છે; વહેંચણી પૂર્વે ખર્ચ માટે એક વાજબી રકમ જૂદી કાઢવામાં આવે છે; એક કહેવાતું 'રીઝર્વ ફંડ' સ્થાપવામાં આવે છે; અને છેવટે એક ઓછામાં ઓછી રકમની

"જામીનગીરી" આપવામાં આવે છે. આ બધું માત્ર આભાસ રૂપ જ હોય છે. જીંદગીના વીમાનાં મૂળતત્ત્વોમાં પ્રવીણ ન હોય એવો કોઈ પણ માણસ તે બધું શક્ય જ માને. આવી યોજનાને અશાસ્ત્રીય કહીને તેની ટીકા કરી શકાય, પરંતુ શાસ્ત્રીયતાના મુદ્દાનેય લાંબી વિગતોવાળા નિયમોના ભંડારથી પહોંચી વળાય છે. ગુંચવણીની જાળ દાખલ કરીને તે યોજના જાણે કે શાસ્ત્રીય હોય એવો દેખાવ કરવામાં આવે છે. આવી જાળનો શિકાર થઇ પડનાર માણસ કાંઈ ઝીણવટથી ગુણદોષની પરીક્ષા કરવા બેસતો નથી; આવી કંપનીઓનો ભૂતકાળનો ઇતિહાસ તે કાંઇ જાણતો નથી અને એક જમાના પૂર્વેની રીતિનીતિનો ખ્યાલ તેને હોતો નથી. તે દર માસે ૧ રૂપિયો ભર્યે જાય છે અને આશા રાખીને બેસે છે. જેમ જેમ મેમ્બરોની સંખ્યા મંડળીમાં વધે છે, તેમ તેમ દેખીતી આબાદી વધતી જાય છે. દાવા ચૂકવતી વેળાએ વારસોને મોટી મોટી રકમો ચૂકવી આપવામાં આવે છે.

હજારો વ્યક્તિઓની સ્થિતિ અત્યારે આ પ્રકારની છે. વિશ્વાસનો પરપોટો હજી ફૂટયો નથી. જ્યારે દાવાની ચુકવાતી રકમો ઓછી થવા લાગશે અને તે ઓછી થવી જ જોઇએ, ત્યારે આ જાળનો ભોગ થઇ પડેલા શિકારોને વહેમ પડવા માંડશે; દાવાની ચુકવાતી રકમો નીચી ઉતરવા લાગશે એટલે વીસ વર્ષ પૂર્વે બન્યું હતું તેમ રોળ વળવા માંડશે.

આ સત્યાભાસી યોજનાને 'તૂત' કહેવું તે એટલા માટે વાજબી છે કે તે યોજના હેઠળ અભણ ખેડૂતો પાસેથી થોડે થોડે મોટી નાણાંની રકમો ખેંચવાના ધંધાને આશ્ચર્યજનક સફળતા મળી છે. પશ્ચિમ હિંદનો એક જ વિભાગ કે જ્યાં આવી લૂંટ ખૂબ ચાલી રહી છે ત્યાં દર મહિને ત્રણ લાખ ઉપરાંત રૂપિયા ખેડૂતો પાસેથી ખેંચવામાં આવી રહ્યા છે. જે આંકડા મેં તપાસ્યા છે તે ઉપરથી અને જે કંપનીઓ તથા સંસ્થાઓએ મારો અભિપ્રાય લીધો છે

તેઓ પાસેથી મળેલી વિગતો ઉપરથી હું માનું છું કે વહેંચણીના અસંગીન ધોરણે કામ કરનારી કંપનીઓએ ગયા વર્ષમાં લગભગ ૫૦ લાખ રૂપિયા એકઠા કર્યા છે. આનો અર્થ એ જ થાય છે કે લગભગ પાંચ લાખ ગરીબ માણસો નિરાશા અને મોટે ભાગે નુકસાનનો ભોગ થઇ પડયા છે. આ માણસો માત્ર ખેડૂતો જ છે અને તેઓ લૂંટના શિકાર થઇ પડયા છે. સરકારી નોકરો અને બીજા નોકરીઆતોને કેટલીક એસોસીએશનો પણ એવી છે કે જેઓ પોતાની મ્યુચ્યુઅલ બેનીફીટ સોસાયટીઓમાં વહેંચણીનું દૂષિત ધોરણ ધરાવે છે, જોકે તેવી સોસાયટીઓમાં મેમ્બરોની પાછળ ભૂખ્યા ડાંસ જેવા મેનેજીંગ એજંટો પડેલા હોતા નથી; છતાં જે ધોરણે તેઓ કામ કરે છે તે ધોરણ તેના મેમ્બરોને અનર્થકારક થઇ પડયા વિના રહેવાનું નથી.

વહેંચણીના ધોરણની સૌથી મોખરે ઊભેલી ભૂલથાપ એક માન્યતામાં રહેલી છે. આ માન્યતા એ હોય છે કે મેમ્બરોને મૃત્યુ પછી કે મુદત થયે જે નાણાંની રકમ સરાસરી ચુકવાય તે ભરેલાં નાણાં કરતાં ઘણા મોટા પ્રમાણમાં વધી જઇ શકે. જીંદગીના સાચા વીમામાં હયાતીમાં લેવાના વીમાની યોજના હેઠળ સરાસરી ચુકવાતી દાવાની રકમ ભરેલાં પ્રીમીયમો કરતાં વધારે હોય છે એ વાત ખરી છે; પરંતુ ચક્રવૃદ્ધિ વ્યાજનો હિસાબ ગણીએ તો પ્રીમીયમો કરતાં ભાગ્યે જ થોડી વધુ રકમ મળતી હોય છે. વહેંચણીના ધોરણવાળા વીમામાં કહેવાતા "રીઝર્વ ફંડ" ના મર્યાદિત પ્રમાણ સિવાય બીજી કોઈ રીતે ચક્રવૃદ્ધિ વ્યાજ ગણવાની તક જ રહેતી નથી, ભલેને ગમે તેવી ખબરદારીથી વ્યવસ્થા ચલાવવામાં આવતી હોય. મેં જે જે કેસો તપાસ્યા છે તે દરેકમાં વહેંચવાની 'ગેરેંટી' કરવામાં આવેલા ઓછામાં ઓછી રકમ, 'ડેથકોલ' ના ભરણામાંથી વાજબી રીતે વહેંચી શકાય તે કરતાં, વધુ માલુમ પડી છે, એટલે જો મેમ્બરોની સંખ્યા એક વાર વધતી અટકે અથવા ઘટે, તો 'રીઝર્વ ફંડ' જમા થાય એવો સંજોગ જ રહેવા પામે તેમ નથી.

જે કાર્યપદ્ધતિને બધા સત્તાવાળાઓએ વખોડી કાઢી છે અને જેને સરકારી વીમાશાસ્ત્રીએ થોડાં જ વર્ષ પૂર્વે "હિંદમાંના વીમાના ધંધાના શાપ" તરીકે ઓળખાવી છે, તે જ પદ્ધતિ હેઠળ કામ શરૂ કરવાની પરવાનગી આટલી બધી કંપનીઓને કેમ આપવામાં આવી હશે અને તેમને કેમ આગળ વધવા દેવામાં આવી હશે એ એક પ્રશ્ન છે. દરેક વીમાશાસ્ત્રીએ આ ધોરણને વખોડી કાઢ્યું છે અને ભૂતકાળમાં આવી કંપનીઓને નાદારી લેવી પડી છે તે બનાવ જ આવી કંપનીઓને વખોડી કાઢવા માટે ધ્યાન દોરનારો છે. આવી કંપનીઓ કાં તો લાઇફ એશ્યુરન્સ કંપનીઓના કાયદા મુજબ અથવા પ્રોવીડન્ટ ઇન્સ્યુરન્સ કંપનીઓના કાયદા મુજબ અથવા સહકારી મંડળીઓના કાયદા મુજબ રજીસ્ટર થયેલી હોય છે. તે દરેક કાયદા મુજબ સરકારને એવી સત્તા મળેલી છે કે જેથી તે આવી કંપનીઓના આગળ ધપવાના કાર્યને અટકાવી શકે, વધુ નીકળતી કંપનીઓને થોભાવી શકે અને ફસાયલા લોકોના હિતનું રક્ષણ કરવાનાં પગલાં લઇ શકે. આવી સત્તાઓ અત્યારે કામમાં લેવાતી નથી અને વર્તમાન વસ્તુસ્થિતિનો ઉપાય યોજવા માટે તે સત્તાઓ બહુ અગત્યની છે.

જે કંપનીઓ અત્યારે વહેંચણીના ધોરણવાળા વીમાની અસંગીન પદ્ધતિએ કામ કરે છે તેઓ પોતાની યોજનાને મફત વીમાની, પરસ્પર લાભદાયક, સહકારી ધોરણે લાભ આપનારી, પ્રોવીડન્ટ વીમાની અને બીજી કાંઇ કાંઈ રીતે ઓળખાવે છે, પણ વહેંચણીના ધોરણવાળા વીમાની યોજના તરીકે ઓળખાવતી નથી. તેઓએ મોટે ભાગે છેલ્લાં બે વર્ષમાં જ પોતાનો ધંધો શરૂ કર્યો છે અને દરેક વીમાશાસ્ત્રીએ દર્શાવેલા અભિપ્રાયોની કે ભૂતકાળના અનુભવની બીલકુલ પરવા કરી નથી. તેઓએ આવી યોજનાઓ કેવળ અજાણપણે શરૂ કરી હોય એ સંભવિત નથી. તેઓનો ખુલ્લો હેતુ લોકોના પૈસા લૂંટવાનો છે. ફસાએલા ભોળા ગામડીયા

પાસેથી જેમ બને તેમ વધારે નાણાં ખેંચવાં અને ગૂઢતાથી ભરેલા નિયમો મુજબ કાપી લેવામાં આવતાં નાણાંમાંથી, અસંગીન ધોરણનાં ભયંકર પરિણામો આવે તે પહેલાં, ઝટપટ નાણાં કમાઇ લેવાં, એ હેતુઓ ખુલ્લા દેખાઇ આવે છે.

આ બાબતે અત્યંત ત્વરાથી ગંભીરતાનું સ્વરૂપ પકડયું છે. તેની સામે પગલાં ભરવાનું કામ ખાનગી આસામીઓ કે તે માટેના વિશિષ્ટ સત્તાધારીઓને માટે ઘણું જ મોટું થઇ પડે તેમ છે; એટલે સરકારે પોતે જ પગલાં લેવાની શરૂઆત કરવાની જરૂર છે. સદ્‌ભાગ્યે કાયદાઓમાં તેવી સત્તા સરકારને આપવામાં આવેલી છે અને હિંદી વીમાના પ્રમાણિક ધંધાની પ્રતિષ્ઠા જાળવવાને તે સત્તાનો ઉપયોગ સરકારે કરવો જોઇએ છે. આ બાબતને ક્યારની જાહેરાત મળી ચૂકી છે અને એવી આશા રાખવામાં આવે છે કે સરકાર કાયદા અન્વયે જાહેર પ્રજાનું સંરક્ષણ કરવાને બહાર આવશે. આ બાબત સાથે સંબંધ ધરાવતા ત્રણ કાયદાઓ—લાઇફ એશ્યુરન્સ એકટ, પ્રોવીડન્ટ ઇન્શુરન્સ સોસાયટીઝ એકટ અને સહકારી મંડળીઓનો કાયદો, તે ત્રણે દેખીતી રીતે જાહેર પ્રજાનું રક્ષણ કરવા માટે જ ઘડાયા છે, તોપણ આ દાખલામાં એવી કંપનીઓને રજીસ્ટ્રેશનની ઓથ પૂરી પાડનારા કાયદાઓ તરીકે તે ઉપયોગમાં લેવાય છે કે જે કંપનીઓનો ખુલ્લો હેતુ ગરીબ તથા અજ્ઞાન લોકોને લૂંટવા અને ફસાવવાનો જ છે. આ કેટલું વિલક્ષણ છે?

હવે, કોઇ પણ પ્રકારનાં પગલાંનો હેતુ બે પ્રકારનો હોવો જોઇએ; એક તો વહેંચણીને ધોરણે કામ કરતી કંપનીઓને આગળ કામ ચલાવતી અટકાવવી જોઇએ; તથા નવી કંપનીઓને નીકળતી અટકાવવી જોઇએ; અને બીજું એ કે આવી યોજનાઓમાં મેંબરો થઇ ચૂકેલા તથા ફસાયલા સંખ્યાબંધ લોકોના હિતનું જેટલા બને તેટલા પ્રમાણમાં રક્ષણ કરવું જોઇએ.

પ્રોવીડન્ટ ઇન્શુરન્સ સોસાયટીઓનો ૧૯૧૨ નો કાયદો આવી

મોટા ભાગની કંપનીઓને ઘણું કરીને ઓથ આપી રહ્યો છે, અને તેના સેકશન ૧૭ માં આવા અનર્થને અટકાવવાની સત્તા સમાયલી છે. આ સેકશનથી રજીસ્ટ્રારને કોઇ પણ રજીસ્ટર થએલી કંપનીના સદ્ધરપણાની અને કેવી રીતે ધંધો ચલાવવામાં આવે છે તે બાબતની તપાસ ચલાવવાની સત્તા મળેલી છે. તેથી જો સરકારી વીમાશાસ્ત્રી અથવા તો એક કમિશનદ્વારા સરકાર આ વહેંચણીના ધોરણના અસંગીનપણા વિષેનું જાહેરનાનું બહાર પાડે, તો રજીસ્ટ્રાર ૧૭ મા સેકશન મુજબ પગલાં લઇ શકે અને તપાસનો અહેવાલ અનર્થકારક જણાતાં સેકશન ૧૮ અને ૧૯ મુજબ તેવી કંપનીઓને ફરજીઆત ફડચામાં લઇ જઇ શકે. લીકવીડેશનના વખતમાં કંપનીનું કામકાજ ચલાવવા માટેના નવા નિયમો લીકવીડેટર ઘડી શકે, જેવા કે મરનારાઓને વહેંચણીને બદલે ચોક્સ રકમ જ મળે અને એ રીતે પૂર્વે થયેલા કોંટ્રાકટોને આગળ ચાલવા દેવામાં આવે. ઉપર જણાવેલી જાહેરાતથી જ રજીસ્ટ્રાર વહેંચણીના ધોરણવાળા નિયમો ધરાવતી કંપનીઓને રજીસ્ટર કરવા માટે સ્વીકારે નહિ, એટલે ઊભી થતી નવી કંપનીઓનો પણ એ રીતે છેડો આવી જાય.

સહકારી મંડળીઓનો કાયદો માત્ર પરસ્પર સહાયકારી (મ્યુચ્યુઅલ) સોસાયટીઓને માટે જ છે અને વહેંચણીના ધોરણના સંબંધમાં તે કાયદો કેટલીક સર્વીસ એસોસીએશનોને જ લાગુ પડે છે. આ કાયદામાં પણ પ્રોવિડન્ટ સોસાયટીઓના કાયદાની કલમોના જેવી કલમો છે અને તેથી તે અન્વયે તેવાં જરૂરી પગલાં ભરી શકાય તેમ છે.

લાઇફ એસ્યુરન્સ કંપનીઓના કાયદા હેઠળ સરકારને મળેલી સત્તાઓ, ઉપર જણાવેલા બે કાયદાઓ કરતાં, આ પ્રકારની વહેંચણીના ધોરણવાળી કંપનીઓ ઉપર અંકુશ રાખવા માટે ઓછી ઉપયોગી થાય તેમ છે. નાણાં પગાર કરવાને કંપની નિષ્ફળ નીવડે તે સિવાય બીજા કોઇ દાખલામાં તપાસ ચલાવવાની સત્તા આપનારી

કલમ એ કાયદામાં નથી. આ કારણથી આ અનિષ્ટતાની સામે પગલાં લેવાનો દેખીતો માર્ગ એ છે કે સેકશન ૮ ને અસરકારક બનાવવાને ખાસ નિયમ ઘડવો. આ સેકશનમાં જણાવેલું છે કે નફાની કાંઇ વહેંચણી કરવામાં આવે તે પહેલાં કંપનીની મીલકતની આંકણી થવી જોઇએ અને તે કારણે વીમાશાસ્ત્રી તરફનો રિપોર્ટ ફરજીયાત બને છે. હવે વહેંચણીના ધોરણવાળા વીમાના કોંટ્રાકટો કાયદામાં દર્શાવેલી જીંદગીના વીમાની પોલીસીની વ્યાખ્યા હેઠળ આવી જાય છે, તે કારણથી મીલકતની આંકણી કરતી વખતે વીમાશાસ્ત્રીને આવા કોન્ટ્રેકટોને પોલીસીઓની તારવણીમાં લાવવા જ પડે. તેટલા માટે એક નિયમ વડે જો સ્પષ્ટતા કરવામાં આવે કે આવી કંપનીની મીલકતની આંકણી કરતાં વીમાશાસ્ત્રીએ સેકશન ૮ અન્વયે કોઇ વહેંચણીના ધોરણવાળા વીમાના કોન્ટ્રાકટોની સંગીનતા ઉપર રીપોર્ટ કરવો, તો તેથી ઇષ્ટ હેતુ પાર પડી શકશે. પછી પોતાના ચોપડામાં ઊભેલા આવા કોંટ્રાકટોવાળી કોઇ કંપની આંકણી સમક્ષ સહીસલામત ટકાવ કરવા તૈયાર થશે નહિ. બીજા કાયદાઓ હેઠળ આ ઉપાય હાથ ધરવાનું કાર્ય જેટલું સીધી રીતે અને ત્વરાથી કરી શકાય તેમ છે તેવી રીતે દુર્ભાગ્યે આ કાયદા હેઠળ કરી શકાય તેમ નથી. બીજી રીતે જોતાં લાઇફ એસ્યુરન્સ કંપનીઓના કાયદા હેઠળ કામ કરતી અને વહેંચણીના ધોરણે વીમાના કોંટ્રાકટો કરતી કંપનીઓની સંખ્યા મોટી નથી, જોકે એક કંપનીએ ૧૯૩૦ ની સાલમાં જ વહેંચણીને ધોરણે વીમો લઇને ચાર લાખથી વધુ રૂપિયા એકઠા કર્યા હતા અને તેણે ચુકવેલા દાવા એકઠાં કરેલાં નાણાંના ૪૦ ટકા જેટલી રકમના હતા. તોપણ આવી કંપનીઓની સંખ્યા નાની છે અને વહેંચણીના વીમાની પોલીસી ધરાવનારાઓને તેમાં વધુ લાભ એ રહેલો છે કે વહેંચણીની "ગેરંટી" કરેલી રકમ આવી કંપનીઓમાં કાંઇક વધુ સલામત છે; કારણકે જીંદગીના વીમાનું ફંડ તે માટે જવાબદાર છે.

આ લેખમાં એવું બતાવવાનો યત્ન કરવામાં આવ્યો છે કે વહેંચણીના ધોરણનો ફેલાવો છેવટને માટે અટકાવી દેવાનાં પૂરતાં સાધનો અત્યારે અસ્તિત્વ ધરાવે છે. પરન્તુ એટલું સ્પષ્ટ છે કે તે માટેની આગેવાની તો સરકારે જ લેવી જોઇએ. એ આગેવાની સિવાય અને જરૂરી પગલાં સિવાય એટલું નક્કી છે કે આવી રીતે જૂઠાણાંથી ફસાયલા અને ઠગાયલા લોકોની એક અતિ મોટી સંખ્યામાં પ્રમાણિક જીંદગીના વીમાની પ્રતિષ્ઠાને ગંભીર હાનિ પહોંચશે અને તેથી હિંદની પ્રજામાં કરકસરદ્વારા ત્રેવડ કરવાની જે ટેવ ખીલી રહી છે તે ટેવ ઉપર ગંભીર પ્રહાર થવા પામશે. વળી સરકાર તરફથી ઉતાવળે અને ચોક્કસ રીતે પગલાં લેવાયાથી પ્રજાના આવા ફસાયલા વર્ગે ભરેલાં નાણાંના પૂરેપૂરા નુકસાનમાંથી તેને બચાવી પણ લઇ શકાશે.

સરકારી વીમાશાસ્ત્રીનો અભિપ્રાય.

હિંદી વીમા કંપનીઓના ૧૯૩૦ ની સાલના વહીવટનું અવલોકન કરતાં સરકારી વીમાશાસ્ત્રી મી. એન. મુકરજી વહેંચણીના ધોરણે કામ કરતી વીમા કંપનીઓ સંબંધે સરકારી બ્લ્યુ બૂકમાં નીચે મુજબ અભિપ્રાય આપે છે:—

મોટા ભાગની હિંદી વીમા કંપનીઓ અત્યારે જીંદગીના વીમાનું કામકાજ શાસ્ત્રીય ધોરણે ચલાવે છે. પરન્તુ હજી કેટલીક એવી કંપનીઓ છે કે જે વહેંચણીને ધોરણે કામકાજ કરે છે. એ ધોરણ મુજબ વીમાની રકમ ચોક્કસ ઠરેલી હોતી નથી, પરન્તુ તેનો આધાર દર વર્ષે મળતાં પ્રીમીયમનાં નાણાંની તે જ વર્ષમાં ઊભા થતા દાવાદારોની વચ્ચે કરવામાં આવતી વહેંચણી ઉપર રહેલો હોય છે. જીંદગીના વીમાનું આ પ્રકારનું ધોરણ અસંગીન છે. ૧૯૧૨ નો કાયદો (પ્રોવીડન્ટ સોસાયટીઝ એક્ટ) પસાર થયો તે પહેલાં વહેંચણીને ધોરણે કામ કરતી સંખ્યાબંધ વીમા કંપનીઓ

અસ્તિત્વ ધરાવતી હતી. તેમાંની ઘણી ખરી પડી ભાગી છે. એ કાયદો પસાર થયો ત્યારે આવી જે કંપનીઓ વીમાનું કામકાજ કરતી હતી તેમાંની મોટા ભાગની કંપનીઓ અદશ્ય થઇ ગઇ છે અને કેટલીકોએ વહેંચણીને ધોરણે વીમાનું કામકાજ કરવાનું બંધ કરી નાંખ્યું છે. થોડી કંપનીઓએ આ વહેંચણીના ધોરણે વીમાનું કામકાજ કરવાનું પાછું હાથ ધર્યું છે, પણ તેઓને પોતાની ભુલ થોડા જ વખતમાં સૂઝી આવ્યા વિના રહેવાની નથી.

મુંબઈની ધારાસભામાં સવાલ–જવાબો.

૧૯૩૧ ની સાલની ધારાસભાની ત્રીજી બેઠકમાં નીચેના સવાલ–જવાબો થયા હતા:—

ડોકટર એમ. કે. દીક્ષિત (સુરત જીલ્લો):—

(अ) "વહેંચણીના ધોરણવાળા વીમાનું તૂત" એ વિષય પર ધી ફ્રી પ્રેસ જર્નલના ૩૦ મી ઓગસ્ટ, ૧૯૩૧ ના મિ. એચ. એલ. હમ્ફ્રેઝના લેખ પ્રત્યે સરકારનું ધ્યાન ખેંચાયું છે?

(ब) વહેંચણીના ધોરણ પર કામ કરતી કંપનીઓ પર મિ. હમ્ફ્રેઝની સૂચનાઓનો સ્વીકાર કરવાથી સરકાર એ કંપનીઓ પર અંકુશ રાખી શકશે એની સરકારને માહિતી છે કે?

ઓનરેબલ સર જી. બી. પ્રધાન:

(अ) "વહેંચણીના ધોરણવાળા વીમાનું તૂત" એ મથાળાથી તા. ૧૩ મી અને ૨૦ મી ઓગસ્ટ, ૧૯૩૧ ના "કેપિટલ" ના અંકોમાં મિ. હમ્ફ્રેઝના બે લેખો પ્રસિદ્ધ થયા છે.

(ब) સરકારને એવી સલાહ મળી છે કે મિ. હમ્ફ્રેઝના તે લેખોમાં સૂચવાયલી રીતિ પર હાલના કાયદાને અન્વયે તેવી કંપનીઓ સામે પગલાં ભરવાનું શક્ય નથી, પરંતુ તે લેખોમાં એ કાયદાના થતા દુરૂપયોગ વિષે જે ધ્યાન ખેંચવામાં આવ્યું છે તે બાબત સરકાર વિચાર ચલાવી રહી છે અને અજ્ઞાન લોકોને લૂંટાતા

બચાવવાને માટે જે કાંઈ ચળવળ ચલાવવામાં આવે છે તેને સરકાર વધાવી લે છે.

વીમા કંપનીઓ અને વડોદરા રાજ્ય.

વડોદરા રાજ્યની તા. ૬–૭–૩૧ ની "આજ્ઞા પત્રિકા" માં કંપની નોંધણી અધિકારીની સહીથી નીચેનું લખાણ પ્રકટ થયું છે.

"રાજ્યમાં વિશિષ્ટ વીમામંડળોને લગતો કાયદો હોઇ કોઇ પણ શખ્સ યા કંપની (પછી તે રાજ્યની કે પરરાજ્યની હોય) સદરહુ કાયદા પ્રમાણે ધારાધોરણ અત્રે નોંધાવ્યા વગર અને નિબંધ પ્રમાણે અનામત મુકયા વગર વિમાનું કામ લઇ શકે નહિ. આ ધોરણ વિરૂદ્ધ કામ થતું હોવાનાં ઉદાહરણો અત્રે જાણુવામાં આવ્યાં છે. આ કૃત્ય કાયદામાં ગુન્હા તરીકે ગણ્યું છે; અને ઉપર જણાવેલી પરવાનગી મેળવ્યા સિવાય કામ કરવા માટે રૂા. ૫૦૦) સુધી દંડને પાત્ર થાય છે, અને ચાલુ ગુન્હા માટે દર દિવસે રૂા. ૨૫૦) ને પાત્ર થાય છે. તેથી આ જાહેરાતથી દરેકને જણાવવામાં આવે છે કે, નોકર યા એજન્ટ તરીકે કામ કરનાર જણાઇ આવશે તો તેને કોઇ પણ જાતની મુદત અથવા તક આપ્યા વગર તેમની વિરૂદ્ધ કાયદેસર પગલાં લેવામાં આવશે.

"કાયદાના ઠરેલા ધોરણ વિરૂદ્ધ કામો નહિ થાય અને લોકો નહિ છેતરાય તે માટે બંદોબસ્ત થવાની જરૂર હોવાથી, એવું કાંઇ પણ થતું જોવામાં આવે તો તે અત્રે જણાવવા માટે લાગતા વળગતાઓને સૂચવવામાં આવે છે."

[લેખાંક ૧ લો : તા. ૫-૬-૩૧]

પરપોટા કંપનીઓ.

જાણીતા સમાજ સેવક શ્રીયુત મોતીભાઇ નરસીંહભાઇ અમીને મહેસાણા મુકામે તા. ૨૯-૩૦ એપ્રિલના રોજ મળેલી કડી પ્રાન્ત પુસ્તકાલય પરિષદમાં નીચેના ઉદ્‌ગારો કાઢયા છેઃ—

"સહકારી યોજનાને નામે ગુજરાતમાં કેટલીક પરપોટા કંપનીઓ ગામડાના અજ્ઞાન લોકોને ઠગવાનો જે ધંધો ચલાવી રહી છે તેની સ્હામે ચેતવણી આપવાની હું ફરજ સમજું છું. આ કંપનીઓ ૯૦ (કે ૧૮૦) દિવસ પછી ને મરણ પ્રસંગે અથવા બાર કે પંદર વર્ષની મુદત પૂરી થયે રૂ. ૧૦૦૦-૧૫૦૦ આપવાની લાલચ બતાવીને રૂ. ૫ાા દાખલ ફી, વાર્ષિક રૂ. ૧) સભાસદ ફી અને દર માસે અથવા દર મરણે રૂ. ૧) ડેથ કોલ બાર કે પંદર વર્ષ સુધી ભરવાનું જણાવે છે. દીવામાં ફુદાં પડે તેમ અજ્ઞાન લોકો આ કંપનીઓની જાળમાં લોભને કારણે ફસાય છે. શરૂઆતમાં ૫-૨૫ રૂપિયા ભરવાથી થોડા સભાસદોને મોટી રકમો મળશે એમ માની ગામડાંના સેંકડો લોકો ઠગાયા છે અને ઠગાયે જાય છે. ખોટી જાહેરખબરોથી, બોળે ભાવે કે જાણીબુઝીને ઠગવાનો ધંધો લઇ બેઠેલા કેટલાક એજન્ટોની મીઠી વાણીથી, પદવીધરો અને અન્ય ખ્યાતિવાળા, કર્તવ્યથી વિમુખ બનેલા મ્હોટા માણસોના ડીરેકટરો તરીકે નામથી તમે ઠગાશો નહીં. 'લોભીયા હોય ત્યાં ધુતારા ભૂખે મરે નહીં' એ ન્યાયે નવા નવા સભાસદો થાય છે અને ગુજરાતમાં અત્યારે ૫-૧૫ નહીં પણ ૨૫-૫૦ કંપનીઓ આ જાતનું કામ કરવાનું-જીંદગીનો મફત વીમો ઉતારી પાછળનાં માણસોને મ્હોટી મદદ આપવાનું જાહેર કરે છે અને ઠગે છે. આ કંપનીઓનું કામ એકદમ બંધ કરવામાં આવે તો તેમાંની થોડીક જ કંપનીઓ એવી હશે જે દરેકને રીઝર્વ ફંડમાંથી ભરેલી રકમના દોઢા પૈસા આપી શકે. પૈસા ભરતાં થાક યા વસ્તુસ્થિતિ સમજે તે હપ્તા ભરવાનું છોડી દે છતાં

નવા માણુસો ફસાય; એટલે આ રીતે આ કંપનીઓનો ધંધો ચાલે છે. "

વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ સેવક મોતીભાઈના આ ઉદ્ગારો વાંચી મેં કેટલાક મિત્રોની સૂચનાથી આ બાબતમાં ઉંડી તપાસ કરી છે અને મને માલુમ પડયું છે કે શ્રી. મોતીભાઇનું દોરેલું રેખાચિત્ર વસ્તુસ્થિતિનું આબેહુબ જ દિગ્દર્શન કરાવે છે. તેમને અને તેમના મિત્રોને જાણીને નવાઈ લાગશે કે કેટલીક કંપનીઓએ ખ્યાતિવાળા ડીરેકટરો અને હિસાબ તપાસનાર ઓડીટરોનાં નામો તેમને પૂછ્યા વિના જ પ્રોસ્પેકટસમાં દાખલ કરી દીધાં છે અને તેઓના વાંધા છતાંય ચાલુ રાખ્યાં છે. કંપની એકટનું ભાન પણ ન હોય અને અંગ્રેજીમાં સહી કરતાં પણ ના આવડે એવા કેટલાક અડબંગ એજન્ટો નવી કંપનીઓ ખોલી તેના મેનેજીંગ ડીરેકટર થઇ બેઠા છે અને તેમના જેવા જ એજન્ટો નીમી ગામડાંના અજ્ઞાન લોકોનું મહામહેનતે રળેલું ધન મોટે ભાગે પોતાના ઉપયોગ માટે એકઠું કરી રહ્યા છે. કાયદાને નામે ચાલી રહેલી આ લુંટ અટકાવવા માટે પૂરાવાઓની જરૂર છે અને તે હું એકઠા કરૂં છું અને તે કાર્યમાં મદદ કરવા સૌ સેવાભાવી ભાઇઓને વિનંતી કરૂં છું.

મિ. મરાઠેનો અભિપ્રાય.

દરમ્યાન લંડનની એ. આઇ. એ. ની ડીગ્રી ધરાવનાર સુવિખ્યાત એકચ્યુઅરી મી. જી. એસ. મરાઠેએ હિંદુસ્તાનની વીમા કંપનીઓની જાનેવારીની આખરે પૂનામાં ભરાયેલી પરિષદમાં પ્રમુખપદેથી જે વ્યાખ્યાન આપેલું તેમાંનો આ "મફત વીમા કંપનીઓ" વિષેનો ફકરો "ઇન્સ્યુરન્સ વર્લ્ડ" ના માર્ચના અંકના ૯૨ મા પૃષ્ઠ પરથી નીચે ઉતારૂં છું:—

"એક બીજી પણ બાબત છે જે અવળી રીતે પણ લોકમતને જાગૃત કરી રહી છે. આ બાબત સરખે હિસ્સે લોકોને પૈસા વહેંચી આપનારી પ્રોવીડન્ટ કંપનીઓ છે. ૨૫ વર્ષ ઉપર આવી

જાતની હજારો કંપનીઓ ઉભી થઇ હતી પણ આજે તેમાંથી એકનું પણ નામનિશાન રહ્યું નથી. આ સરખે હિસ્સે પૈસા વ્હેંચી આપનારી કંપનીઓ કેટલીક વાર "મફત વીમા કંપનીઓ" ના ખોટા નામે બ્હાર પડે છે. પણ તેમનો પાયો ધૂળનો છે અને એથી ગોટાળો કર્યા વિના તેઓ નભી શકે તેમ નથી. મોટે ભાગે અજ્ઞાન અને ગરીબ લોકો જ આવી કંપનીઓના શિકાર થઇ પડે છે અને એથી માબાપ સરકારની ફરજ છે કે કાયદામાં જોઇતો સુધારો કરી ગરીબ લોકોનું એમનાથી રક્ષણ કરે."

વીમાની કેટલીયે કંપનીઓના સલાહકાર અને વીમાના નિષ્ણાત (expert) મી. મરાઠેનો આ નિષ્પક્ષપાત અભિપ્રાય એટલો બધો સ્પષ્ટ છે કે એ માને છે તેવી 'માબાપ સરકાર' ખરેખર હસ્તી ધરાવતી હોય તો આ કંપનીઓનાં પાટીઆંનું જાહેર લીલામ ક્યારનુંયે થઇ ગયું હોય અને તે બધીએ ફરજીયાત લીક્વીડેશનમાં ગઈ હોય પણ આજે તે શક્ય નથી, અને તેથી પ્રજાસેવકોની એ ફરજ થઇ પડે છે કે પ્રજાને આવી પરપોટા કંપનીઓની જાળમાં તે ન ફસાય તે માટે સાવધાન કરવી.

નિયમોનું પૃથક્કરણ.

આ કંપનીઓના નિયમોનું પૃથક્કરણ કરતાં નીચેનો સાર નીકળે છેઃ—

૧. દાખલ ફી રૂ. પાા, દર વર્ષે સભાસદ ફી રૂ. ૧) અને દર મહીને મરણ ફી (ડેથકોલ) રૂ. ૧) લેનાર આ "મફત વીમા" કંપનીઓ "મફત" પણ નથી અને "વીમા" કંપની પણ નથી, કારણકે વર્ષે રૂ. ૧૩) કે તેથી વધારે રકમ ઉઘરાવનાર કંપનીને 'મફત' કંપની કહી શકાય જ નહિ અને સભાસદો પાસેથી મરણ ફી ઉઘરાવી મરનારના વારસને વ્હેંચનાર આ કંપનીઓ ચોક્કસ કેટલી રકમ મળશે અને ચોક્કસ કયે સમયે મળશે તે

બાબતમાં બંધાતી નથી, એટલે કે મરનારની જીંદગી ઉપર કોઇ પણ જાતનો વીમો તે કરતી નથી.

૨. દાકતરી તપાસ કે ઉમ્મરની ખાત્રી લેવાનું આ કંપનીઓએ રાખ્યું નથી. અને ૨૦ વર્ષના જુવાન કે ૫૫ વર્ષના બુઢ્ઢા પાસેથી સરખી મરણ ફી લે છે; આથી જુવાનો ઓછા દાખલ થાય છે અને મરણને આરે પહોંચેલા ડોસાડોસીઓની ભરતી ખૂબ થાય છે. ફરીથી પરણવા ઇચ્છનાર બુઢ્ઢાઓ જેમ પોતાની ઉંમર છૂપાવે છે તેમ આ કંપનીમાં દાખલ થનાર બુઢ્ઢાઓ પણ ૬૦–૬૫ વર્ષના ૫૦–૫૫ વર્ષ બતાવી સભાસદો નોંધાઈ જાય છે, અને તેમના ઉપર જુવાનોનું પીકેટીંગ નહિ હોવાથી કે ઉંમરનું પ્રમાણપત્ર રજુ કરવાની ખટપટ નહિ હોવાથી તેઓ તેમાં આબાદ ફાવી જાય છે અને બીજા યુવાનોના પૈસા પોતે ઓહિયાં કરી જાય છે. દાક્તરી તપાસ નહિ હોવાને લીધે ગંભીર રોગથી પીડાતા માણસો પણ આ રીતે સભાસદ બની જાય છે અને આને લીધે આ કંપનીઓના સભાસદોનું મરણ પ્રમાણ પણ બીજી સામાન્ય વીમા કંપનીઓ કરતાં ઘણું વધારે આવે છે. આ નુકસાન સભાસદોને જ વેઠવું પડે છે.

૩. બીજી સામાન્ય વીમા કંપનીઓ તેમની વાર્ષિક આવકના ૧૦ થી ૪૦ ટકા સુધી ખર્ચમાં વાપરે છે જ્યારે આ મફતીયા કંપનીઓ ૫૦ થી ૮૦ ટકા આવક કંપનીના ખર્ચમાં જ ઉડાવી દે છે અને બાકી રહેલી જુજ રકમ મરણ પામેલા સભાસદોને વ્હેંચે છે.

૪. સામાન્ય વીમા કંપનીઓનું બંધ પડતી પોલિસીઓનું પ્રમાણ ૩૫ થી ૪૦ ટકા જેટલું આવે છે. આ મફતીયા વીમા કંપનીઓનું બંધ પડતા સભાસદોનું પ્રમાણ એથી તો ખૂબ વધારે હોય જ પણ તેઓ તેમના વાર્ષિક રિપોર્ટમાં તે સંખ્યા જણાવવા તસ્દી લેતા નથી અને જાહેર ખબરોમાં બંધ પડેલા અને મરણ પામેલા સભાસદોના આંકડા ભેગા કરી સભાસદોના મોટા આંકડા જણાવે છે અને એ રીતે જનસમૂહને અંધારામાં રાખી ઠગે છે.

૫. આ કંપનીઓ દર મહીને ગુજરનારના વારસોને જે રકમ ચૂકવે છે તે જોતાં જણાય છે કે ચૂકવેલી રકમમાં દર મહીને ઘટાડો થતો જ આવ્યો છે અને પૂરી રકમ ચૂકવતાં ત્રણ માસને બદલે હવે તો છ-છ અને આઠ-આઠ માસ વીતી જાય છે. વધારે વખત જતાં ચૂકવવાની રકમ રૂ. ૧૦૦૦ ને બદલે રૂ. ૨૫૦ થઇ જાય તો નવાઇ નહિ.

૬. આ કંપનીઓ પાસે રીઝર્વ ફંડ પણ માત્ર નામનું જ હોય છે, સિવાય કે તેઓ મોટા વીમાનું કામ પણ સાથે સાથે કરતી હોય અને એનું મોટું રીઝર્વ ફંડ જમા થયું હોય. આને લીધે રોગચાળો ફાટી નીકળે ત્યારે કે ૧૨-૧૪ વર્ષની આખરી મુદત પૂરી થાય ત્યારે સભાસદે ભર્યા હોય તેનાથી દોઢાં નાણાં ચૂકવવાની તેમની ગુંજાસ રહેતી નથી અને એથી એવે વખતે તેઓ લાભ લે એવો સંભવ છે.

૭. ટુંકામાં આ કંપનીઓ બેકાર અને બીનઅનુભવી માણસોનું એકનું જોઇને બીજાએ કર્યું અને બીજાનું જોઇને ત્રીજાએ કર્યું એમ દેખાદેખીવાળું મંડળ છે. એમાં કેટલાકે તો પોતાની મુડી રોકી જ નથી. કંપનીઓનો કારોબાર વ્યવસ્થિત રીતે ચલાવવાની તેમનામાં આવડત નથી અને જે ગરીબોના પૈસા તેઓ એકઠા કરે છે તેમનું શું થશે તેની તેમને પોતાને પણ સાચી માહિતી નથી.

આથી સૌને વિનંતી છે કે આવી કંપનીઓથી પોતે બચવું, એટલું જ નહીં પણ ભોળા અને અજ્ઞાન લોકોને એમનાથી બચાવવા અને કાંઈ ઉઘાડી ઠગાઈ માલુમ પડે તો તેના દાખલા દલીલો સાથેના પૂરાવા મોકલી આપવા, જેથી તે સંબંધમાં યોગ્ય પગલાં લેવામાં આવે.

આવી કંપનીઓના સંચાલકોને પણ વિનંતી છે કે જો તેમને પોતાની ભૂલ જણાઇ આવે તો પોતે ઠગાઇના આરોપસર કોર્ટમાં

ઘસડાય તે પહેલાં તે ભૂલ સુધારવાની તક તેઓ હાથથી ના જવા દે અને ગરીબોના ઉઘરાવેલા પૈસા પાછા આપી દઇ પ્રમાણિક ધંધે લાગી જાય.

[લેખાંક ૨ જો : તા. ૧૯-૬-૩૧]

છપ્પનીઆની મુડદાં કંપનાઓ.

હું એક મિત્ર સાથે મફત વીમા કંપનીઓ વિષે વાત કરતો હતો તેવામાં એક કાકા આવી ચડ્યા અને કાકાઓના સનાતન સ્વભાવ મુજબ વચમાં જ બોલી ઉઠ્યાઃ "પેલી મુડદાં કંપનીની વાત કરો છો કે?"

મેં પૂછ્યું : "મુડદાં કંપની કેવી ?"

કાકાએ જવાબ આપ્યો : "કેમ વળી, પેલી છપ્પનીઆમાં નીકળી હતી તે જ તો. ડોસા-ડોસીઓનો વીમો ઉતારી પહેલા મરનારને રૂપીઆ આપનારી. પેલા વ્રિજવલ્લવદાસ વકીલ અને કટલાલવાળા કેશવલાલ મોતીલાલ વકીલે કાઢેલી ગુજરાત ફ્રેન્ડલી સોસાઇટી. અમદાવાદમાં પોળે પોળે આ કંપનીઓનાં પાટીઆં લાગ્યાં હતાં, પણ એમાંની એકકે આજે રહી નથી. બધી લીકવીડેશનમાં ગઇ."

મેં પૂછ્યું: "તમે એમાં પૈસા ભરેલા કે?"

કાકા કહેઃ "હા, મેં મારા ૭૦ વર્ષના ડોસાનો વીમો લીધેલો. મહીને રૂપીઓ દોઢ ભરવાનો. આઠ આના કંપની ખર્ચના કાપી લે અને વધ્યો તે રૂપીઓ રૂપીઓ એકઠો કરી મરનારાઓમાં વ્હેંચી આપે. શરૂઆતમાં તો રૂપીઆ આઠસો આઠસો સૌને ભાગે આવ્યા અને એ કેશવલાલભાઇ જાહેરસભા ભરી એ આઠસો રૂપીઆની થેલી ખડંગ ખડંગ ખખડાવે અને મરનારના વારસને બોલાવી સૌના દેખતાં આપે. આથી બીજાઓના મ્હોંમાં પાણી છૂટે અને પોતાના ઘરમાં ડોસા ડોસી ના હોય તો પાડોશીના ડોસા ડોસીના નામ ઉપર પૈસા ભરી આવે અને તે ક્યારે મરે તેની વાટ જોઇને બેસે."

મેં કહ્યું: "ખરી વાત. અત્યારે પણ એમ જ છે. માંડળથી મારા ઉપર કાગળ છે કે લહેણદારો દેવાદારના ડોસા કે ડોસીના નામનો વીમો ઉતરાવી લહેણું વસુલ કરે છે અને સાઠ વર્ષથી ઓછી ઉમરનાનો વીમો લે તો એમના બાપના જ સમ."

કાકા બોલ્યા: "પણ આથી તો ડોસા–ડોસી વચ્ચે પહેલું કોણ મરે છે તેની શરત ચાલી અને એ શરતમાં પેલા કેશવલાલભાઇની થેલીમાં ૮૦૦ ના થઇ ગયા ૪૦૦ અને ૪૦૦ ના થયા ૨૦૦ અને છ મહીનામાં તો થેલીએ સીલ વાળ્યાં અને સભા ભરાવીએ બંધ થઇ. મારા ડોસા વહેલા મરી ગયા તો મને મળ્યા અને જેમના ના મર્યા તે રહી ગયા."

મેં કહ્યું: "કાકા, ખરી વાત છે. આજે જે કંપની ગઇ સાલ ફેબ્રુઆરી માસમાં રૂ ૯૩૮) પ્હોંચતી હતી તે ગયા ડીસેમ્બર માસમાં રૂ. ૪૬૦ અને જાન્યુઆરીમાં રૂ. ૩૦૧) પ્હોંચે છે."

જુના સરકારી વીમાશાસ્ત્રીનો અભિપ્રાય.

સરકારી એકચ્યુઅરી મી. માઇકલ સને ૧૯૧૮ ની બ્લ્યુબુક (વીમા સંબંધી રિપોર્ટ) પૃષ્ઠ ૬–૭ માં લખે છે કે:–"તેર વર્ષ પહેલાં આવી ૧૨૦૦ કંપનીઓ હિંદુસ્તાનમાં હસ્તી ધરાવતી હતી પણ આજે (૧૯૧૮ માં), તેમાંથી ૩૪ જ જીવે છે અને તેમાંની ઘણીખરી મરવાની આળસે જ. તેમાંની એક જ કંપની એવી છે કે જેની પાસે રૂપીઆ ત્રીસ હજારની મુડી છે. આઠની મુડી ત્રણ હજારની છે અને બાકીની ૨૫ સહકારી ધોરણે એટલે વગર મુડીએ કામ કરે છે.........ઇન્ડીઆ ઇકવીટેબલ, પોપ્યુલર, બંગાળ મર્કેન્ટાઇલ, આર્ય અને યુનીક એ પાંચે કંપનીઓએ મરતી વખતે કે પરણતી વખતે પૈસા આપનારી પોલીસીઓ બંધ કરી છે અને અત્યારે તો તેઓ પસ્તાતી હશે કે તેમણે આ ધંધો શરૂ કર્યો. લોકોની પાસેથી મરણ ફીના પૈસા એકઠા કરી મરનારના વારસને સરખે હીસ્સે વ્હેંચી આપનાર આ

કંપનીઓ એમના પ્રોસ્પેક્ટસમાં એમની સદ્ધરતાની અને એમની યોજનાના મોટા મોટા લાભોની ગમે તેવી વાતો કરે છતાં આવી કંપનીઓ હિંદુસ્તાનના વીમાના ધંધાને શાપ સમાન છે. હિંદી કંપનીઓના શુભેચ્છકોની એ ફરજ છે કે ડીરેક્ટરોને આવી જાતના ધંધામાં પડતા રોકે અને વીમાશાસ્ત્રી (actuary) ની ગણતરી મુજબની યોજનાઓ જ અમલમાં મૂકે."

મારી પાસે મફત વીમા કંપનીઓનાં આશરે ત્રીસ પ્રોસ્પેક્ટસ છે. એમના ડીરેક્ટરોમાંથી એકકેને મેં વીમાની લાઈનના અનુભવી કે નિષ્ણાત જાણ્યા નથી. તેમાં પ્રતિષ્ઠિત ગૃહસ્થો ઘણા હશે પણ તેમણે હીસાબ ગણવાની તસ્દી લીધી હોય એમ દેખાતું નથી, નહિ તો જેનો અમલ થવો અશક્ય છે એવી લલચાવનારી યોજનાઓ ઉપર તેઓ પોતાનું નામ છાપવાની હરગીજ સંમતિ આપે નહિ. ભૂતકાળનો ઇતિહાસ ભવિષ્યનો માર્ગદર્શક છે એ ન્યાયે ઇતિહાસની આરસીમાં નીહાળવા હું તેમને ભલામણ કરૂં છું અને ઇતિહાસની પુનરાવૃત્તિ થાય છે એ ઉક્તિનું તેમને સ્મરણ કરાવવા રજા લઉં છું. (History always repeats itself)

ધી ઈન્ડીયન ગુડલક એશ્યોરન્સ કું.

ધી ઇન્ડીઅન ગુડલક એશ્યોરન્સ કું. પોતાના નવા પ્રોસ્પેક્ટસની પ્રસ્તાવનામાં લખે છે કે:"અમારી પ્રથમની યોજનામાં સર્ટીફીકેટ હોલ્ડરોનું હિત ભવિષ્યમાં ગંભીર રીતે જોખમાવાની ધાસ્તી ઉભી થવાથી વીમાના બાહોશ એક્ચ્યુઅરી મી. એલ. એસ. વૈદ્યનાથનની ઓનરરી સલાહ મુજબ યોજનામાં ઘટતા ફેરફાર કર્યા છે." આ પ્રથમ યોજનાની પદ્ધતિ (basis) પરજ બીજી ઘણીખરી કંપનીઓ કામ કરે છે અને એ કંપનીઓના મેમ્બરોનું હિત ગંભીર રીતે જોખમમાં છે એવો આ સ્પષ્ટ ઇકરાર છે.

આ કંપનીના સંચાલકોને જણાવવાની રજા લઉં છું કે આ ભૂલનું નુકશાન સર્ટીફીકેટ હોલ્ડરો (મેમ્બરો)ને ભોગવવાનું હોય જ

નહિ પણ તેમણે પોતાને ભોગવવાનું છે, અને એથી જે મેમ્બરો કોલનાં નાણાં ૪૦ ટકા વધારે ભરી, તેમની નવી યોજનામાં સામેલ થવા ઇચ્છા ન રાખે તેમને તેમનાં ભરેલાં તમામ નાણાં પાછાં આપવાની ગોઠવણ કરે. જો તેઓ ન્યાયની રાહે તેવી ગોઠવણ નહિ કરે તો મૂળ યોજના બહાર પાડતી વખતે તેઓ ભોળા ન હતા પણ ખોટી ખોટી આશાઓ આપી લોકોને ફસાવનાર હતા એમ સાબીત થશે અને તેમના ઉપર કાયદાની રાહે પગલાં લેવાશે.

ગુડલક કંપની એના જુના પ્રોસ્પેકટસની ૧૨મી કલમમાં જણાવે છે કે "ડેથ કોલની રકમ એકઠી થાય તેમાંથી મરણ બાબતમાં ૨૦ ટકા અને ફારેગની બાબતમાં ૫૦ ટકા રીઝર્વ ફંડ તેમજ મેનેજમેન્ટ ચાર્જીઝ માટે કાપવામાં આવે છે. બાકીની રકમ કલેકશન ખર્ચ જતાં હક્કદારોને કંપનીના કાયદા મુજબ વહેંચી આપવામાં આવશે." "કંપનીના કાયદા મુજબ" શબ્દો લખીને કંપનીએ પોતાને માટે કાયદાની કોર્ટમાંથી છટકવાનો અને એજન્ટોને માટે રૂ. ૮૦૦-૧૦૦૦ ની વાતો કરી માછલાંઓને જાળમાં પકડવાનો માર્ગ ખુલ્લો રાખ્યો છે. નડીઆદની **ગુજરાત પોપ્યુલર ઇન્સ્યુરન્સ સોસાયટીએ** આગળ વધી "કંપનીના કાયદા મુજબ" એ શબ્દો પણ કાઢી નાખેલા અને પોતે ૧૯૩૦ ના ડીસેમ્બરની ૧ લી તારીખે પ્રસિદ્ધ કરેલા પ્રોસ્પેકટસની ૧૬ મી કલમમાં જણાવેલું કે ૨૦ ટકા ને ૪૦ ટકા કાપી લઇ "બાકીની રકમ સરખે હિસ્સે મરનારાઓને અને ફારેગ થનારાઓને વહેંચી આપવામાં આવશે." ૨૧ મી કલમમાં જણાવેલું છે કે "આ કંપની પ્રોવિડંટ એકટ મુજબ રજીસ્ટર થયેલી છે," એટલે કે રૂ. ૫૦૦) થી વધારે વહેંચવાની તેને સત્તા નથી એમ સ્પષ્ટ કર્યું નથી અને એજન્ટોને શરૂઆતમાં મેમ્બરો મેળવવા માટે ખોટાં ગપ્પાં મારવાની અનુકૂળતા કરી આપેલી છે. કાયદાની હદમાં રહીને લોકોને કેવી રીતે ફોસલાવવા એના આ નમૂના છે.

વીમાનું શાસ્ત્ર એ ગણતરીનું શાસ્ત્ર છે. "બે ને બે ચાર થાય" એટલું બધું એ નિશ્ચયાત્મક (exact) નથી તેમજ વાયુશાસ્ત્ર જેવું તે અનિશ્ચયાત્મક પણ નથી. છેલ્લાં ૫૦ વર્ષના અનુભવે જેમ વિજળીના શાસ્ત્રને ખીલાવ્યું છે, તેમ વીમાના શાસ્ત્રને પણ ખીલાવ્યું છે. વિજળીના ઇજનેરો અનુભવ વડે જેમ flux-lines ની ગણતરી કરી મશીનો બાંધે છે તેમ વીમાશાસ્ત્રીઓ (actuaries) જૂદા જૂદા દેશોમાં અને સંજોગોમાં, જૂદી જૂદી ઉમરે થતા મરણ પ્રમાણની ગણતરી કરી વીમાના દરોના કોઠાઓ નક્કી કરે છે અને તે પ્રમાણે જ ગેરંટી આપે છે. ૫૦ વરસના મરણઆંકડાઓ તેમની ગણતરીનો આધાર છે અને આસમાની સુલતાની માટે તેઓ રીઝર્વ ફંડ એકઠું કરે છે. તેમની ગણતરીમાં પાંચેક ટકાની આમ કે તેમ ભુલ રહેતી હશે પણ ગાડનાં ગાડાં જાય એવી ભુલ હરગીજ રહેતી નથી. આવા એક અનુભવીએ ગુડલક કંપનીને કોઠો ઘડી આપ્યો અને રૂ. ૨૫૦) ની ગેરંટી આપવા માટે રૂ. ૨૨૬ાાા નું લવાજમ નક્કી કરી આપ્યું ત્યારે આ નડીઆદની ગુજરાત પોપ્યુલર અને બીજી ઘણીયે કંપનીઓના સંચાલકોએ આપઅક્કલથી જણાવ્યું છે કે રૂ. ૧૮૭ાા લેઇ રૂ. ૨૫૨ ની ગેરંટી આપવી. એકચ્યુઅરીની સલાહ લીધા વિના આવી અસંભવિત ગેરંટી આપનાર કંપનીઓ છપ્પનીઆની મુડદાં કંપનીઓ માફક ક્ષણજીવી થવા જ સરજાઇ છે.

નેપ્ચ્યુન એસ્યોરન્સ કંપની.

પણ આ બે કંપનીઓને પણ વટલાવે તેવી રીત નેપ્ચ્યુન એસ્યોરન્સ કંપનીએ અખ્તિયાર કરી છે. પોતે પ્રોવિડન્ટ એક્ટ મુજબ રજીસ્ટર્ડ થયેલી છે તે જણાવવાની પણ તસ્દી આ કંપનીએ લીધી નથી, બલ્કે તેના એક પ્રોસ્પેક્ટસની ૧૦ મી કલમમાં દાખલો આપી જણાવ્યું છે કે "હવે સમજો કે કંપનીમાં ૧૦,૦૦૦ મેમ્બરો છે અને મેમ્બર થયા પછી તથા કંપની પાસેથી પોલિસી મળ્યા

પછી છ મહિના બાદ કોઇ એક મેમ્બરની આંખ મીંચાઈ જાય તો તુરત જ બાકીના મેમ્બરો પાસેથી કંપની રૂા. ૧૦,૦૦૦) વસુલ કરશે અને તેમાંથી રીઝર્વ ફંડના તથા ખર્ચના ૨૦ ટકા કાપી લઇ બાકીના રૂ. ૮૦૦૦) કાયદા અનુસાર મરનારના વારસદારને આપે." આવી રીતે રૂા. ૮૦૦૦) ની લાલચ આપી કંપનીએ રૂા. ૫૦૦) જ વહેંચ્યા છે અને હવે તા. ૫ મી જુને મેમ્બરોને એક લાંબો લેખ લખી સમજાવે છે કે આ બધું તમારા હિતને માટે છે! મોટી રકમો આપવાની લાલચો આપી, હજારોની સંખ્યામાં સભાસદો નોંધી, દરેક મેમ્બર દીઠ દાખલ ફીના રૂ. પાા એકઠા કરી, ટૂંકામાં "સો ચુઆ મારીને બિલ્લી હજ કરવા નીકળી છે."

જાહેર કાર્યમાં પેઠેલો આ સડો દૂર કરવા માટે મેં આ લેખમાળા શરૂ કરી છે આવી કંપનીઓએ અત્યાર સુધીમાં આશરે ૧૫ લાખ રૂપિયા ગુજરાતમાંથી એકઠા કર્યા છે અને દર મહિને ૨ થી ૩ લાખ રૂપિયા એકઠા કર્યે જાય છે. આ દેશનું ધન દેશમાં રહે છે એ વાત સાચી છે પણ ૯૪ ટકા અભણ અને ગરીબ માણસોના ખિસામાંથી હલવાઇ તે ભણેલા અને બેકાર ઠગોના ખિસામાં જાય છે. સ્વરાજ એ ગરીબોને માટે છે. જો આપણે સ્વરાજ પાસે આણવું હોય તો ગરીબોનું ઠગોથી રક્ષણ કરવું એ પત્રકારોની અને જાહેર પુરૂષોની ફરજ છે અને એથી આવી કંપનીઓ પર નજર રાખવા અને જનસમૂહને સાવધ કરવા એક વગવાળી કમિટી નીમાઇ છે અને તેણે પોતાનું કામ શરૂ કર્યું છે. મને સંપૂર્ણ ખાત્રી છે કે ગરીબનું હિત ધરાવનાર જનસમાજ કમિટીના કાર્યને વધાવી લેશે.

[લેખાંક ૩ જો : તા. ૨૫-૬-૩૧.]

ગ્રાહકોને અંધારામાં રાખવાની યુક્તિઓ.

મારા બીજા લેખમાં મેં ગુડલક, ગુજરાત પોપ્યુલર અને નેપચ્યૂન કંપની પર ગ્રાહકોને અંધારામાં રાખી, મોટાં મોટાં વચનો આપી ઠગાઇ કરવા માટે જે ટીકા કરી હતી તેનો કંઈ પણ જવાબ મને હજી તેમની તરફથી મળ્યો નથી, એટલે તેમનું મૌન સંમતિ-દર્શક છે એમ હું માની લઉં છું.

પ્રોવિડંટ એકટની ૨૪ મી કલમ મુજબ છપાયેલા નિયમોમાં ૮ મા પાના પર સ્પષ્ટ ઉલ્લેખ છે કે કંપનીએ તેના છપાવેલા પ્રોસ્પેકટસમાં મરણ વખતે કે ફારેગ થતી વખતે **વધારેમાં વધારે કેટલી રકમ** (Maximum sum) મળશે તે જણાવવું. પ્રોવિડંટ એકટ મુજબ રજીસ્ટર થયેલી કંપનીઓ રૂ. ૫૦૦) થી વધારે રકમ ન આપી શકે તે હકીકત દબાવી રાખી આ ઉપર જણાવેલી કંપ-નીઓએ આ નિયમનો ભંગ કર્યો છે તે પર હું રજીસ્ટ્રારનું ધ્યાન ખેંચું છું.

કાયદો તોડનાર "મહાસભાવાદી."

આવા ભંગનો એક ચોથો દાખલો મને મળી આવ્યો છે, અને તે મુંબઇના એક મહાસભાવાદીના હાથે. મહાસભાના આદેશથી મહાસભાવાદીઓએ મીઠાનો કાયદો તોડી નાંખ્યો. આ તકનો લાભ લઇ કેટલાક સૈનિકોએ રેલ્વેનો કાયદો તોડી નાખ્યો. દિલ્હીના એક કોંગ્રેસ નેતાએ રજીસ્ટરનો કાયદો તોડી નાંખ્યો (જેમને માટે શ્રીમાન હાલ જેલમાં બિરાજે છે અને તેમના પર ઠગાઇનો કેસ ચાલે છે) અને ધી ન્યુ બોમ્બે બેન્કીંગ કોરપોરેશન લીમીટેડના મેનેજીંગ ડાયરેકટર ઠાકોર ગોપાલસિંહ એસ. ચૌહાણે પ્રોવિડંટ એક્ટનો નિયમ તોડી નાંખ્યો ! તેમના એજંટના કહેવા મુજબ પોતે "સ્વદેશાભિમાની, ખાદીધારી છે અને રાષ્ટ્રધ્વજ વંદન કરાવે છે." તેમણે તેમના

વગરતારીખના પ્રસિદ્ધ થયેલા ગુજરાતી નિયમોમાં જણાવ્યું છે કે કંપની કંપનીઝ એક્ટ (સન ૧૯૧૩) મુજબ રજીસ્ટર થયેલી છે અને ૧૦,૦૦૦ મેમ્બરોમાંથી એક ગુજરી જાય તો "બાકીના રૂા. ૮૦૦૦ મરનાર મેમ્બરના વારસોને **અમારા રૂલ મુજબ** ફાળો ખર્ચ બાદ જતાં વહેંચી આપવામાં આવશે." "અમારા રૂલ મુજબ" એટલે કંપનીઝ એક્ટના રૂલ મુજબ એવો અર્થ થાય છે કારણકે કંપની પ્રોવિડંટ એક્ટ મુજબ રજીસ્ટર થયેલી છે તે પ્રોસ્પેક્ટસમાં ક્યાંય પણ જણાવ્યું નથી. ૧૯૩૦–૩૧ ના રીપોર્ટમાં કંપની જણાવે છે કે "૧૯૩૦ ના એપ્રિલની ૧ લી તારીખે સભ્યોની સંખ્યા ૧૭૬૬ હતી તે ૧૯૩૧ ના માર્ચની ૩૧ મી તારીખે વધીને ૯૨૨૭ થઈ છે અને સવિનય ભંગની ચળવળથી સ્વદેશીને જે ઉત્તેજન મળ્યું તેનો મોટો લાભ કંપનીને પણ મળ્યો છે." એટલે કે "ખાદી-ધારી" ગોપાલસિંહની અને તેમના ખાદીધારી એજંટોની યુક્તિ સફળ થઈ છે. "બેકારીના વખતમાં આબાદ બનવા માટે રાષ્ટ્રપતિનો સંદેશો......ધી ન્યુ બોમ્બે બેંકીંગ કોરપોરેશન લીમીટેડ (મુંબઇ)માં રૂા. ૫–૮–૦ ભરી મેમ્બર બનો વિગેરે. રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઇએ કોંગ્રેસના ભાષણમાં દેશને ભલામણ કરી કે જો આર્થિક સ્થિતિ તથા બેકારી મટાડવી હોય તો દેશી વીમા કંપનીને તેમજ દેશી ધંધાને ઉત્તેજન આપો." ટુંકામાં, બેકારી મટાડવા માટે આવી કંપનીઓ ખોલો અને લોકોની નહિ તો તમારી બેકારી તો જરૂર જ મટશે. સરદારના સંદેશાનો આવો અવળો અર્થ કરનારની બુદ્ધિ અવળે માર્ગે ચઢી છે એમ કહ્યા વિના ચાલતું નથી!

સુરતનું મરણ લોકપ્રિય બનાવ્યું!

ન્યુ બોમ્બે બેન્કીંગના માર્ચથી ઓકટોબર, ૧૯૩૦ ના રીપોર્ટ પ્રમાણે તે અરસામાં ૩૬ મેમ્બરોનાં મરણ થયાં છે અને તેમાંથી ૧૭ માણસો એકલા સુરત શહેરમાં જ મરણ પામ્યા છે. જાનેવારી ૧૯૩૧ માં ૨૨ નાં મરણ થયાં છે અને તેમાંથી ૧૦ સુરત શહેર

અને આસપાસનાં ગામોમાં મરણ પામ્યા છે, એટલે કે કુલ મરણનાં ૪૭ અને ૪૬ ટકા મરણ સુરતમાં જ થયાં છે, જો કે સુરત શહેરમાં મેમ્બરોની સંખ્યા કુલ સભાસદોના છઠ્ઠા ભાગ જેટલી છે. સુરત શહેરનું જમણ વખણાય છે પણ લડાઇની સાલમાં મરણ પણ વખણાઇ ગયું એમ આ રીપોર્ટ પરથી જણાય છે. આ માટે ધન્યવાદ સુરતના ચીફ એજંટ મિ. રતનલાલ દેસાઈ દિલખુશ બિલ્ડીંગવાળાને જ મારે આપવો જોઇએ કે તેમણે સુરતમાં જમણની સાથે મરણને પણ લોકપ્રિય બનાવ્યું અને કંપનીને પણ "લોકપ્રિય" બનાવી. ઠાકોર ગોપાલસિંહને હું પુછું છું કે આવા "દિલખુશ" આંકડા જોયા પછી તેમણે તે બાબતનાં કારણોની તપાસ કરવા માટે કોઈ ઇન્સ્પેકટરને સુરત હજુ મોકલ્યો છે કે નહિ?

કંપનીઓના સંચાલકોનાં "ચરિત્રો"

પણ હવે મારે મારા અમદાવાદના જ ધૂતારાઓ વિશે લખવાનું રહે છે. "સત્ય, પ્રમાણિકતા અને જનસેવાના સિદ્ધાંતો પર વડોદરામાં સ્થપાયેલી ધી ગુજરાત પ્રોવીડંટ એને ઇન્ડસ્ટ્રીયલ કંપની લીમીટેડ" ના ડાયરેકટરોની યાદીમાં મી ડી. એચ. શાહ (એક્ષ ઓફીશીઓ) અને મી. એસ. એસ. પરીખ મેનેજરનાં નામો તમે વાંચશો.

મી. ડી. એચ. શાહ એટલે અત્રેની પંચભાઇની પોળવાળા મિ. ડાહ્યાભાઇ હરગોવન શાહ અને મી. એસ. એસ. પરીખ એટલે મી. શંકરલાલ સાંકળચંદ પરીખ એમ મેં તેમના જ શ્રીમુખેથી જાણ્યું છે. આ બન્ને અમદાવાદના સુપ્રસિદ્ધ વેપારી શ્રી. પોપટલાલ ગીરધરલાલ ગંજવાલા અને શ્રી. બાલાભાઇ ગીરધરલાલ ગંજવાલાને ત્યાં અનુક્રમે રૂ. ૫૦) ને રૂ. ૨૫) ના માસિક દરમાયાથી નોકર હતા. મી. ડાહ્યાભાઇને તો તેમના શેઠે જ રૂ. ૨૦૦૦) ખરચી પરણાવી આપ્યા હતા કારણકે તેઓ દશ વરસથી તેમને ત્યાં નોકર હતા અને તેનો બદલો ડાહ્યાભાઇએ શેઠની ઉદારા-

ળીના રૂ. ૫૦૦૦) ૧૯૨૮ માં ઉચાપત કરીને આપ્યો. તેમના જોડીદાર શંકરભાઇએ આશરે રૂ. ૨૦૦૦) ઉચાપત કર્યા અને તે બદલ બન્નેએ માફીપત્ર લખી આપી રૂ. ૩૩૦૦) નું અને રૂ. ૧૨૦૦) નું ખાતું પાડી આપ્યું. અત્યારસુધીમાં ડાહ્યાભાઇએ માત્ર તેમાંથી રૂ. ૬૦૦) ભર્યા છે અને શંકરલાલે રૂ. ૯૦૦) ભર્યા છે. આ બન્ને અને બીજા કારકુનો રાતના આ વીમાની ઓફિસ ચલાવતા અને સ્ટોર્સનું અને બીજું કામ પણ એક કંપનીને નામે કરતા. શેઠને આ બધી વાતની ખબર પડી એટલે રાતોરાત ઓફિસ પર દરોડો પાડયો અને બધી વાત કબુલ કરતાં ડાહ્યાભાઇ અને શંકરભાઇને શેઠે મજેનો મેથીપાક આપ્યો અને એથી તેમનો એક સાગરીત એવો તો ગભરાઇ ગયો કે નળવાટે મેડા પરથી ઉતરીને નાઠો. આ પછી ડાહ્યાભાઇ અને શંકરભાઈની ટોળી અમદાવાદમાંથી પલાયન થઈ ગઇ અને દેશીરાજ્ય વડોદરામાં બેઠક જમાવી. ૧૯૨૪ માં તેમણે કાઢેલી માસિક રૂ. ૨ અને રૂ. ૧ ભરવાની પ્રોવીડન્ટની યોજના ૧૯૨૯ માં પડી ભાંગી. આથી તેમણે તેમના ફળદ્રુપ ભેજામાંથી ૨૫૦૦ સભાસદોવાળી નવી યોજના ઉભી કરી અને તેના આજે ચાર ગ્રુપમાં લગભગ ૯૦૦૦ સભાસદો છે અને તેઓ દર માસે ત્રણ રૂપિયા ભરે છે અને કંપની તેમને રૂા. ૧૨૫૦ ના પોટલાં ફેંકે છે. તેમના ઓલ-ઇન્ડીયા ઓરગેનાઇઝર ધરાસણામાં લાઠીમાર ખાનાર મી. માણેકલાલ ટી. શાહે ખંભાત, ભરૂચ અને પંચમહાલના એજંટ તરીકે માસ્તર મોહનલાલ મોતીલાલની નીમણુંક કરેલી પણ તેઓ નામવર ગુજરાત સદ્દર પેઢીને અદ્દર કરી રફુચક થઇ ગયા છે અને ગરીબ મજુરોના પરસેવાના આશરે ૫૫૦૦) રૂપિયાનું પાણી કર્યું છે. તેમના ભાગીદાર ભાઇ પોપટલાલ મનોહરના કહેવા મુજબ આ ગુજરાત પ્રોવિડંટ કંપનીના પણ કેટલાક રૂપિયા તેમણે આ સદ્દર પેઢીમાં હોમ્યા છે. માણેકલાલના પ્રથમ કહેવા મુજબ "એકચ્યુઅરી મી. દેવેન્દ્રનાથ ડી. ડોકટર"નો

તેમની કંપની માટે બહુ જ ઉંચો અભિપ્રાય છે પણ પાછળથી પોતાની ભુલ સમજાતાં તેમણે કબુલ કર્યું કે કે મી. દેવેન્દ્રનાથ એકચ્યુઅરી નથી. નવસારી અને સુરત ડીસ્ટ્રીકટના ચીફ એજંટસ મેસર્સ ડૉ. પટેલ એન્ડ કું. વાળા ડોકટર તેજ આ દેવેન્દ્રનાથ. પોતાની જાતને માની બેઠેલા આ "ઇન્સ્યુરન્સ એક્સપર્ટ" અને ૧૨૫૦ ના પોટલાંવાળી વીમા કંપનીના ચીફ એજન્ટનો પોતાના જાતઅનુભવ ઉપરથી હવે શો અભિપ્રાય થયો છે તે તેમને જાહેરમાં જણાવવા હું આહ્‌વાન* કરૂં છું, અને જાહેર પ્રજાને ચેતવણી આપું છું કે મેનેજીંગ એજંટસ ડાહ્યાભાઇ અને શંકરલાલ જેવા ઉઠાવગીરોના હાથમાં પોતાનું ધન સોંપતાં પહેલાં સો વાર વિચાર કરે.

આ કંપનીએ અમદાવાદમાં જ ૫-૬ ચીફ એજન્સીની ઓફીસો ખોલી દીધી છે. મુંબઇ, સિંધ, બલુચિસ્તાન, બસરા, કચ્છ, કાઠિઆવાડ, અને મહીકાંઠાની એજન્સી મિ. એમ. ટી. શાહે રાખી છે, પંજાબ, યુ. પી. અને બંગાળની ચીફ એજન્સી પણ અમદાવાદમાં જ છે અને તે એજન્સી ધરાવવાનું માન ચીમનલાલ ડી. શાહે લીધું છે. કડી પ્રાંત અને રજપુતાનાના ચીફ એજન્ટની માનનીય પદવી લલ્લુભાઇ ઇશ્વિરલાલ ત્રિવેદીએ રાખી છે. આ ઓફિસમાં હું તપાસ કરવા ગયો ત્યારે તેમના જુના પ્રોસ્પેકટસમાં જી. એસ. મરાઠે, કન્સલ્ટીંગ એકચ્યુઅરીનું નામ ચેરેલું જોઈ મેં પૂછ્યું કે આ નામ શામાટે કાઢી નાંખ્યું છે? ત્યારે મને શોકજનક સમાચાર મળ્યા કે મિ. જી. એસ. મરાઠે મરી ગયા છે! મારી પાસે તે જ દિવસે મિ. મરાઠેનો કાગળ આવેલો હોવાથી મને ખૂબ જ નવાઈ લાગી કે એકાએક આ શું થયું? મેં એ ખબર આપનાર મોહનલાલને પૂછ્યું કે, "તમને આવા સમાચાર કોણે આપ્યા?" એમણે કહ્યું કે, "અમને તો ડીરેકટરો કહે છે તે તમને કહીએ

*આ આહ્‌વાન તેમણે હજુ સુધી ઉપાડી લીધું નથી.

છીએ. તમે ડીરેકટરોને જઈને પૂછો." આથી હું તે કંપનીના મેનેજર અને ઓર્ગેનાઈઝીંગ ઇન્સ્પેકટરના ધ્યાનપર આ વાત લાવ્યો ત્યારે તેમણે તપાસ કરવાને બદલે મને જણાવી દીધું કે, "અમારા માણસો ગમે તે બોલે તેને માટે અમે શું કરીએ?" આ પરથી લાગે છે કે એજન્ટો ગમે તે બોલે તેને માટે જે કંપની તેમને નીમે છે તે જવાબદાર નથી, કારણ કે જવાબદારી શી ચીજ છે અને કંપનીને આવી વાતોથી શો ધોકો પહોંચે તેનો આવા બીનજવાબદાર ડીરેકટરો અને મેનેજરોને શો ખ્યાલ હોય?

[લેખાંક ૪ થો : તા. ૩-૭-૩૧.]

ભરેલા પૈસા પાછા આપ્યા.

પ્રાંતિજની ચંદ્ર એસ્યુરન્સ કંપની લીમીટેડના મેનેજીંગ એજન્ટસ મી. ચંદુલાલ ચુનીલાલ શાહ તા. ૩-૬-૩૧ ના પત્રમાં લખી જણાવે છે કે:

"કોંગ્રેસના આગેવાનોના ફરમાનોને માન આપી ગરીબ લોકોના હિતની ખાતર રૂ. ૫-૮-૦ દાખલ ફીની અને માસિક એક રૂપિયાવાળી "મફત" વીમાની યોજના અમે બંધ કરી છે અને જે લોકોએ ધી ચંદ્ર એસ્યુરન્સ કં. લીમીટેડમાં વીમા ઉતરાવ્યા હતા તે દરેકને ભરેલા પૈસા પાછા આપી દીધા છે."

આ સ્તુત્ય પગલું ભરવા માટે મી. ચંદુલાલને ધન્યવાદ ઘટે છે અને મને આશા છે કે બીજી કંપનીઓ જેઓ પૈસા કરતાં ઈજ્જત આબરૂને વધારે પસંદ કરે છે તેઓ આ દાખલાનું અનુકરણ કરશે.

"સ્વદેશી" ઠગ.

નડીઆદની ગુજરાત પોપ્યુલરના એક ડીરેકટર* લખે છે કે: "મને સ્વદેશી વીમા કંપનીને ઉત્તેજન આપવા દબાણ કરી કહ્યું.

---

*ડોકટર કરસુખ વોરા.

સાથે એમ પણ કહ્યું કે દાદુભાઇ, ડૉ. દીક્ષિત વગેરે જોડાવાના છે. સ્વદેશી વીમા કંપનીને ઉત્તેજન આપવાના હેતુથી જ મેં હા પાડી. હજુ સુધી એક પણ મીટીંગ મેં attend કરી નથી... એ કંપની-માંથી ડીરેકટર તરીકેનું મારૂં રાજીનામું મેં મોકલી આપ્યું છે પણ તે હજુ સ્વીકારાયું હોય તેમ લાગતું નથી. મને (રાજીનામું) પાછું ખેંચી લેવા કાગળ લખ્યો હતો પણ મેં તેમ કર્યું નથી."

આ ડીરેકટરને તેમની નૈતિક હિંમત માટે ધન્યવાદ આપું છું અને બીજા "સ્વદેશી કંપની" સમજીને થયેલા ડીરેકટરોને આ ફોસલાવનારી જાહેરખબરોવાળી કંપની નૈતિક જવાબદારી-માંથી મુક્ત થવા વિનંતિ કરૂં છું. રાવસાહેબ દાદુભાઇએ પોતે જેલમાં હતા ત્યારથી જ આ કંપનીમાંથી ડીરેકટર તરીકે રાજીનામું આપ્યું છે અને ડૉ. દીક્ષિત એ સ્વદેશી જાળમાં ફસાયા નથી. રા. બા. ભીમભાઇ નાયક પણ આ કંપનીના ડીરેકટરમાંથી ફારેગ થયા છે એ બતાવે છે કે પવન કઇ દિશામાં વાય છે. નડીઆદના રામકૃષ્ણ પ્રેસમાં છપાયેલા ગુલાબી હેન્ડબીલમાં આ કંપની લખે છે કે: "દાખલા તરીકે સોસાયટી પાસે ૧૦૦૦ મેમ્બરો હોય તેથી દર મહિને ડેથકોલના રૂા. ૧૦૦૦૦ નું ભંડોળ થાય તેમાંથી... વીસ ટકા કાપી લેઇ બાકીની રકમ તે માસમાં નીપજેલાં મરણ (પામેલા) ના વારસદારોને સરખે ભાગે વહેંચી આપવામાં આવે છે." આ હેન્ડબીલમાં કંપની પ્રોવિડન્ટ એકટ મુજબ રજીસ્ટર થયેલી છે એ પ્રોસ્પેકટસમાં જણાવેલી હકીકત સુદ્ધાં જણાવી નથી અને એથી કંપનીને કાયદામાંથી છુટવાની બારી બંધ થઇ ગઇ છે.

"કાયદેસર રીતે ફાળો વહેંચી આપવામાં આવશે" એ મતલબની હકીકત ગ્રેટ ઇંડિયન, રીલાયન્સ, કુમાર, ઇસ્ટર્ન અને નવજીવન કંપનીઓએ જણાવી છે અને "ખર્ચ કાપી બાકીનો ફાળો મરનારના વારસોને સરખે હિસ્સે વહેંચી આપવામાં આવશે" એ મતલબની હકીકત ગ્રાન્ડ ઇંડિયન, માર્સ, બ્રાઇટ સ્ટાર, સ્ટાન્ડર્ડ

મ્યુચ્યુઅલ, રાજનગર અને નડીઆદ એસ્યુરન્સ બેન્કે જણાવી છે. આ નડીઆદની બેન્કના મેનેજીંગ એજન્ટસ રમણલાલ જે. મુજુમદાર છે જેઓ રમણલાલ જે. દેસાઇ તરીકે ખેડા જીલ્લાની કોઓપરેટીવ બેન્કના પણ મેનેજર છે. આ બંને બેંકોનું કામ એકલે હાથે ચલાવતાં તેમને મુશ્કેલી તો પડશે જ અને એથી દિવાન બહાદુર અંબાશંકર મલજી તેમને પ્રારંભમાં જ ચેતાવી દે તો સારૂં જેથી વધારે ખર્ચમાં એમને ઉતરવું ન પડે.

"સુવર્ણ સંધિ" કરવા લાગેલા ઠાકુર ગોપાળસિંહ.

ધી ન્યૂ બોમ્બે બેંકીંગ કોર્પોરેશનના મેનેજીંગ ડાયરેકટર ઠાકોર ગોપાળસિંહ ચૌહાણ હિંદીમાં એક ઉદાહરણ* આપે છે તે નીચે હિંદીમાં જ ટાંકું છું. પત્રિકા કયા પ્રેસમાં છપાઇ છે તે જણાવ્યું નથી એટલે કે પ્રેસ એકટનો પણ છાપનારે ભંગ કર્યો છે.

" સમજો કે કોર્પોરેશન કે એક લાખ મેંબર હૈ ઔર સર્ટિફિકેટ મિલાયે હુવે મેંબરમેંસે કોઈ મેંબર મર જાય તો કોર્પોરેશન ઉસ મહિનેમેં ડેથકોલકા રૂા. ૧ હરએક મેંબર પાસસે વસુલ કરકે એક લાખ રૂપીઆ એકઠા કર લેગી. ઉસમેંસે રોકડા ૨૦ ટકા કે હીસાબસે રૂ. ૨૦૦૦૦ કાટ કર બાકી બના હુવા રૂ. ૮૦૦૦૦) મરે હુવે મેંબર કે વારીસકો દે દેગી.

ઇસ પરસે આપ વિચાર કર સકતે હૈં કે સિર્ફ દાખલ હોને બાબત રૂા. ૫-૮-૦ ઔર ડેથકોલકે કુછ રૂપીએ ભરકે સેંકડો તો કયા મગર હજારોં રૂપીએકા લાભ ઉઠા સકતે હેં.

ઐસી સુવર્ણ સંધી આપ કયોં મુફત ગમાતે હો ! બીલકુલ વિચાર ન કરતે આપ હમારે કોર્પોરેશનકે શીઘ્ર મેંબર બન જાઇએ ઔર સુવર્ણ સંધિકા સુવર્ણ લાભ ઉઠાઇએ. "

ઠાકોર ગોપાલસિંહ કહે છે કે બિલકુલ વિચાર કર્યા વિના જ કોર્પોરેશનના શીઘ્ર મેંબર બની જાઓ કારણકે વિચાર કરશો

---

*આ ઉદાહરણ પાછળથી ગુજરાતીમાં પણ મળી આવ્યું છે.

તો એક લાખ મેંબરમાંથી એક મહિનામાં એક જ મેમ્બર કેમ મરશે એ પ્રશ્ન તમને મુંઝવશે. એક મહિનામાં લાખ મેંબરમાંથી ૧૫૦ થી ૨૦૦ મેંબરો મરે તે તમે વિચાર કરીને સમજી જાઓ તો આ સુવર્ણ સંધિનો સુવર્ણ લાભ કેમ ઉઠાવાય? માટે જેમ બને તેમ જલદી થોડા રૂપિયા ભરીને સેંકડો તો શું પણ હજારો રૂપિયાનો લાભ ઉઠાવો એમ ઠાકોર ગોપાલસિંહનું કહેવું છે!

પણ આ ઉદાહરણ ઠાકોર સાહેબે વીનસ કંપનીના ગુજરાતી પ્રોસ્પેક્ટસમાંથી ઉતાર્યું છે અને તે પર હિંદી ભાષાનો સુવર્ણ ઓપ ચઢાવી "ચમકીલું" બનાવ્યું છે. માત્ર ઠાકોરસાહેબ ભુલી ગયા છે કે વીનસ કંપની કાયદા પ્રમાણે ૫૦૦ રૂપિયાથી વધારે વહેંચી શકે પણ તેમની કોર્પોરેશન કાયદા પ્રમાણે ૫૦૦ થી વધારે વહેંચી શકતી નથી પણ વીનસના જુના એજન્ટ તરીકે તેમના હાથે આવી ગરબડ થઇ જાય એ સ્વાભાવિક છે.

વીનસમાં વહેંચણીના રૂપિયામાં થતો ઘટાડો.

વીનસ કંપની વિષે પુછપરછના મારા પર અનેક પત્રો આવ્યા છે તેના જવાબમાં જણાવવાનું કે જીંદગીના "મફત" વીમાની તેની યોજના એકચ્યુઅરીના અભિપ્રાય મુજબ ઘડાયેલી નથી અને કોઇ પણ એકચ્યુઅરીએ તેને બહાલી આપી નથી અને તેથી તેમાં ઘણા સુધારાઓની જરૂર છે. હાલ જે રીતે તે ચાલે છે તે રીતે એ લાંબો વખત ન નભી શકે એવો મારો દૃઢ અભિપ્રાય છે અને તે એ કંપનીના આંકડાઓ પરથીજ બંધાયો છે. ગઇ સાલમાં ફેબ્રુઆરી માસમાં મરનારના વારસને એ કંપનીએ ૯૩૮ રૂપિયા આપ્યા. આ (૧૯૩૧ ની) સાલના જાનેવારી માસમાં મરનારના વારસને રૂ. ૩૦૧ આપ્યા. આ ઘટાડો ઉત્તરોત્તર થતો આવ્યો છે અને તે પ્રમાણે ચાલુ રહે તો આગળ જતાં ફાળો ઘણો જ નાનો થઈ જાય અને એથી નવા મેંબરોની સંખ્યા પણ ઘટતી જાય.

"મફત" શબ્દ વાપરવો બંધ કરો.

ડેથકોલની નોટિસ બંધ થયા પછી પણ જે "મફત" શબ્દ આ કંપનીની જાહેર ખબરો વિગેરેમાં હજુ પણ વપરાય છે તે બંધ થવો જોઇએ કારણ કે દર મહિને મરણ તો થવાનુંજ છે (કંપની પોતે તે કબુલ કરે છે) અને માસિક રૂપિયો ભરવાનો જ છે તો પછી "જીંદગીનો 'મફત' વીમો" કેવી રીતે કહી શકાય ? અને એક લાખ મેંબરમાંથી એક મરણનો જે તરંગી દાખલો આપી ૮૦૦૦૦ રૂપિયાની મોટી થેલી લોકોને બતાવી છે તે માટે દિલગીરી દર્શાવી એ છપાવનાર ગુન્હેગારોને નસીહત થવી જોઈએ અને એ તમામ સાહિત્ય નષ્ટ કરવું જોઇએ.

શ્રીમુખે સાંભળેલી કથા.

વડોદરાવાળી ગુજરાત પ્રોવિડન્ટ કંપની વિશે જે હકીકત મેં ગયા લેખમાં પ્રસિદ્ધ કરી છે તે શ્રીયુત ડાહ્યાભાઇ હરગોવિંદના શ્રીમુખે સાંભળીને ખાત્રી કર્યા પછી જ પ્રસિદ્ધ કરી છે અને તેથી તેમાં લખેલો એકેએક અક્ષર ખરો છે. આ લેખમાળામાં જે જે હકીકતો હું પ્રસિદ્ધ કરૂં છું તે તમામનો આધાર લેખિત પત્રો, પત્રિકાઓ, નિયમો, પ્રોસ્પેકટસો વિગેરે છે અને તેમાંથી હું માત્ર અવતરણોજ ઉતારૂં છું કોઇની સામે મારી પાસે ફરિયાદ આવે છે તો એ માણસને હું તુરતજ મળું છું, અને જો એ સાચી હકીકત જણાવી માફી માગી લે છે અને પોતાની ભૂલ સુધારવા વચન આપે છે તો હું તેને સુધરવાની તક આપું છું, કારણકે આપણામાંથી એવો કોણ છે કે જે બિલકુલ નિર્દોષ હોય ? પણ જ્યારે તે સાચી હકીકત છુપાવે છે અને નિયમને તાબે થવા ના પાડે છે ત્યારે તેને જાહેરમાં ખુલ્લો પાડવો એ મારી દુઃખદ ફરજ થઈ પડે છે.

ગુજરાત પ્રોવિડન્ટ કંપની મહિનામાં ત્રણથી વધારે કોલ કાઢતી નથી અને ત્રણ ઉપરાંત પાકતા દાવા અનુક્રમવાર ત્યારબાદ ચૂકવવામાં આવશે એમ તેમના નિયમ નં. ૭ (ક) માં જણાવે છે.

૧૫ દિવસની અંદર નાણું નહિ ભરનાર સર્વ હકો ગુમાવશે એમ નિયમ નં. ૭ (ડ) માં જણાવે છે. "મફત વીમા" વાળી ઘણીખરી યોજનામાં ગ્રાહકોને વરસમાં બાર વખત પૈસા ભરવાના આવે છે એટલે બારમાંથી એક વખત ચૂકે તો તેનાં તે આગમચ ભરેલાં તમામ નાણાં હજમ કરી જવાનો કંપનીને હક્ક મળે છે. આથી આવી કંપનીઓમાં પણ પૈસા ભરનારા બંધ થાય છે કારણ કે એક આનાના કમિશન માટે એજંટો ડેથકોલનાં નાણાં ઉઘરાવવાની તસ્દી લેતા નથી. ૫૦ ગ્રાહકો પાસેથી નાણાં ઉઘરાવે તો રૂા. ૩⅞ દેખે અને એક નવો મેંબર નોંધે તોપણ લગભગ તેટલી જ રકમ પામે. આથી નવા મેંબરો બનાવવાની ચીવટ એજન્ટો વધારે રાખે તેમાં શી નવાઈ ?

પણ આ ડાહ્યાભાઇ અને શંકરલાલની કંપનીએ મેંબરોના "સર્વ હકો ગુમાવવાની" તકો વરસમાં ૩૬ વાર ઉભી કરી છે. મેંબર એક વાર ચૂકે તો તેને ત્રણ માસ સુધીમાં ફરીથી દાખલ કરવો કે નહિ અને તેનો દંડ લેવો કે નહિ તેની સત્તા કંપનીએ પોતાના હાથમાં રાખી છે.

ફુટી નીકળેલી લોન કંપનીઓ અથવા બેંકો.

આ ચાલુ ચળવળનો લાભ લઈ ગયા સાલમાં ગરીબોને મોટા વ્યાજના દરમાંથી બચાવવાના બ્હાને કેટલીક લોન કંપનીઓ, બેંકો અને સીન્ડીકેટો ગુજરાતમાં ફૂટી નીકળી છે. ગુજરાતમાં એવી આઠ બેન્કોના અસ્તિત્વની મને ખબર છે અને તેમનાં પ્રોસ્પેક્ટસ વાંચતાં ગરીબોનું ધન હરવાની અજબ કાળનું દર્શન થાય છે. આજે તેમાંથી પાંચ બેન્કો સરકારી અદાલતમાં ઘસડાઇ છે અને એને લીધે એ કળાનું દિગ્દર્શન કરાવવાની મારી ઇચ્છાને મારે નિરૂપાયે હાલ દબાવવી પડે છે. આ કંપનીઓનાં નામ નીચે મુજબ છે.

દિલ્હી સીન્ડીકેટના ત્રણ આરોપીઓ જેલમાં.

(૧) દિલ્હી સીન્ડીકેટ કંપની લીમીટેડ* મેનેજીંગ ડાયરેક્ટર પંડિત દુર્ગાદાસ રાધાકિશન વૈદ, દિલ્હી કોન્ગ્રેસ કમીટીના એક વખતના વાઇસ પ્રેસિડન્ટ. ૧૯૩૦ ના ઓગસ્ટની ૧૬ મી તારીખે કંપની પર પોલીસે દરોડો પાડ્યો. સેંકડે દોઢ ટકાના દરથી નાણું વ્યાજે આપવાનાં કરી સેંકડે તેર ટકા લેખે એકઠાં કરેલાં ગરીબોનાં રૂ. ૯૧૫૦૦) માંથી રૂ. ૯૫૦૦) હાથ લાગ્યા. ચાર માસથી કેસ ચાલે છે. ફરીયાદી શ્રી. નંદલાલ મણિલાલ શાહ, અમદાવાદ જીલ્લા સમિતિના મંત્રી છે. રૂ. ૧૦૦૦૦) ના જામીન નહીં આપી શકવાથી ચાર આરોપીઓમાંથી ત્રણ આરોપીઓ ત્રણેક માસથી જેલમાં છે. કેસ અમદાવાદના એડીશનલ સીટી મેજીસ્ટ્રેટ મી. સુલેમાન કે. દેસાઇની કોર્ટમાં ચાલે છે.

પાટનગર બેંકીંગ સામે ઠગાઈની ફરિયાદ.

(૨) ધી પાટનગર બેન્કીંગ યુનીયન લીમીટેડ, મેનેજીંગ ડાયરેક્ટર મી. દામોદર ગોવર્ધન ત્રિપાઠી સરખેજવાળા. પોતે દિલ્હી સીન્ડીકેટના સરખેજના સબ એજન્ટ હતા. તે બંધ થયા પછી આ કંપની શરૂ કરી. તેમની સ્હામે ઠગાઇની ફરીઆદ મેજીસ્ટ્રેટ મી. એમ. પી. દેસાઇની કોર્ટમાં ચાલે છે. ફરીઆદી મી. મોહનલાલ એક વકીલના ગુમાસ્તા છે. તહોમતદારોમાં મી. મોહનલાલ એ. પદમણીવાળા ઉર્ફે કેરીઅન છે. જેઓ પાછળથી પાટનગરવાળી કંપનીમાંથી છૂટા થઇ ગયા હતા. કંપનીનું કામ લગભગ બંધ પડી ગયું છે. આ બેંક રૂ. ૧૪) લઇ રૂ. ૨૫૦) આઠ આનાના વ્યાજે ધીરે છે. રૂપીઆ લેનારે બીજા બે ગ્રાહક લાવવા પડે છે.

તકાદો થવાથી મેનેજર નાઠા!

(૩) ગુજરાત સદ્ધર પેઢી, મેનેજરો મી. મોહનલાલ મોતીલાલ માસ્તર અને મી. પોપટલાલ મનોહર. આશરે ૧૨ દિવસ ઉપર

*આ કંપની હવે લીક્વીડેશનમાં ગઈ છે.

પોલીસે એ સદ્દર પેઢી ઉપર દરોડો પાડયો અને સીલ લગાવ્યાં છે અને પેઢીના એક સંચાલક શ્રી. પોપટલાલે મજુર ઓફીસને શરણે આવી પોતાની ભૂલનો એકરાર કરી પશ્ચાત્તાપ જાહેર કર્યો છે. પેઢીના બીજા સંચાલક શ્રી. મોહનલાલ માસ્તર જેઓ ગુજરાત પ્રોવિડન્ટ કંપનીના પણ એજન્ટ છે અને પેઢીના મેનેજર છે, તેઓ મજુર લ્હેણદારોનો બહુ તકાદો થવાથી નાશી ગયા છે. મેં તેમને લગભગ એક માસ ઉપર ચેતવણી આપેલી તે વ્યર્થ ગઇ છે અને આખરે પોલીસનો આશરો લેવાની તેમણે અમને ફરજ પાડી છે. શ્રી. પોપટલાલ*ના કહેવા મુજબ મજૂરોના રૂ. ૫૫૦૦) આમાં હોમાયા છે. રૂ. ૬૭૦૦ લોન તરીકે પેઢીએ આપ્યા છે. પણ તે પાછા આવવાની આશા બહુ જ ઓછી છે. ફરીઆદી મીલમજુરો છે. આ પેઢી ૭ રૂપીઆ લઈ રૂ. ૧૦૦) દસ ટકાના વ્યાજે ધીરતી હતી. રૂપીઆ લેનારે બે ગ્રાહક લાવવા પડે છે.

સલામતી માટે પઠાણ રાખ્યો!

(૪) ધી ઇગ્રી લોન બેંક લીમીટેડ અને પાછળથી ધી બેંક ઓફ સધર્ન ઇન્ડીઆ લીમીટેડ (મુંબઈ) કંપનીના અમદાવાદના એજન્ટ મી. દીનશા ડી. કામા (લાલ દરવાજા). એ કંપની સામે અને એજન્ટ સામે ઠગાઇ માટે શ્રી. હીમતલાલ મોહનલાલ શાહ, ઝવેરીવાડવાળાએ ફરીઆદ નોંધાવી છે એમ સાંભળ્યું છે. લક્ષ્મી-વિલાસ હોલટની લાઇનમાં ઘડીઆળી વસરાજ હેમચંદ અને તેમના ગુમાસ્તાએ રૂ. ૧૦૦૦) વગર વ્યાજે લેવાના લોભથી રૂ. ૧૦૬) પઠાણના વ્યાજના લાવીને ભર્યા છે અને તેમણે અને મોટી બોરૂ, નાની બોરૂ અને બીજાં ગામોના આવી રીતે પૈસા ભરી આવનાર ઇસમોએ લોકલ એજન્ટ મી. દીનશા કામા પર પોતાના ભરેલા પૈસા પાછા મેળવવા ખૂબ જ દબાણ કર્યું છે પણ હજુ સુધી

---

*પોપટલાલ કેસ દરમ્યાન જ મરણ પામ્યા છે. પ્રભુ તેમના આત્માને શાન્તિ આપો.

કંપનીના કાયદા મુજબ જે ૨૫ ટકા પાછા મળવા જોઇએ તે પણ ઘણાને પાછા મળ્યા નથી. મી. કામાએ આ બધી ઉઘરાણીથી ગભરાઇ જઇ રૂ. ૨૨) ના માસિક પગારનો પઠાણ રાખ્યો છે, પણ એ પઠાણનું ખર્ચ પણ કંપની તેમને આપતી નથી. ત્યાં બીજા ખર્ચની તો શી જ વાત ? આ કંપનીએ મી. કામાના કહેવા પ્રમાણે આશરે રૂ. ૨૭૦૦) આસપાસમાંથી એકઠા કર્યા છે, તેમાંથી કેટલાક રૂપીયા લોકોને વગર વ્યાજે ધીર્યા છે પણ તે પાછા મળતા નથી. કંપની લ્હેણદારોને સમજાવવા માટે રૂ. ૫૦૦) જેટલી નાની રકમ પણ મી. કામાને આપતી નથી. તેના મેનેજીંગ ડીરેકટર મી. હરનારાયણલાલ તા. ૨૩-૨-૩૧ ના રોજ છૂટા થઇ આ "બળતું ઘર" એક ડૉ. ગુલામનબી નિઝામીને અર્પણ કરતા ગયા છે. કંપની રૂ. ૧૨) લઇ રૂ. ૧૦૦) વગર વ્યાજે ધીરે છે. રૂપીઆ લેનારે આઠ ગ્રાહક લાવવા પડે છે.

કોઓપરેટીવ કેશબ્યુરોવાળા કોલ્હાટકર પકડાયા.

(૫) ધી કોઓપરેટીવ કેશબ્યુરો. આ કંપની મૂળ પટણાની હતી. તેના કાર્યકર્તા મી. સી એન. કોલ્હાટકરે દેશી ખ્રિસ્તિ, ધારાળા અને એવી અજ્ઞાન કોમોના આશરે ૬૦ ગામોમાં નીમેલા એજન્ટો મારફતે ખેડા જીલ્લાના ખ્રિસ્તી, ઢેડ, ધારાળા વર્ગમાંથી આશરે રૂપિયા એક લાખ વગર વ્યાજે લોન આપવાના બ્હાને ગઇ સાલ જમા કર્યા છે અને તે લઇને નાશી ગયા છે, તેની ફરિઆદ નડીઆદ અંત્યજ સેવામંડળવાળા ભાઇ શ્રી. ચીમનલાલ છ. નરસીએ ખેડાના કલેકટરને ત્યાં નોંધાવી અને કલેકટરે આ કામ સી. આઇ. ડી. ના ખાસ માણસને તપાસ માટે સોંપ્યું. આથી શ્રી. કોલ્હાટકર અને તેમના મળતીઆ પકડાઇ ગયા છે અને પોલીસ કેસ ચાલુ છે. દેવું કરી પૈસા ભરનાર માણસોની દુર્દશા જોઇ રડવું આવી જાય એવી સ્થિતિ છે. દર માસે જેની રૂ. ૧૫) કમાણી ના હોય ત્યાં વ્યાજના જ રૂ. ૧૫) કયાંથી ભરે ? નડીઆદના

મીશનમાં ભણેલા ખ્રિસ્તીઓ પણ લોભને લીધે આમાં ફસાયા છે અને રૂ. ૩૦૦૦) તેમણે ભર્યા છે. આ કંપની સેંકડે બે ટકાના વ્યાજે રૂ. ૨૫) લઇ રૂ. ૧૦૦) ધીરે છે.

પાટિયું ઉતાર્યું.

(૬) ધી ઓલ ઇન્ડીઆ મ્યુચ્યુઅલ ફાઇનેનસીંગ કંપની લી. ના ચીફ એજન્ટસ મી. ચંદુલાલ ભગુભાઇ શાહે મારી સલાહને અનુસરી નવું કામ મોકલવાનું બંધ કર્યું છે અને એનું પાટીયું ઉતારી નાંખ્યું છે. ઉમરેઠ, કઠલાલ વિ. જગ્યાએથી જે એજન્ટોના કાગળો મારા પર આવ્યા છે તેમને ભાઈ ચંદુલાલનો અનુકરણીય દાખલો અનુસરવાનો આગ્રહ કરૂં છું, અને જે પૈસા તે કંપનીને ભર્યા હોય તે પાછા લેવા માટે તમામ કાગળીઆ મને મોકલી આપવાથી તે સંબંધમાં ઘટતી તપાસ કરવામાં આવશે.

"હવે આટલેથી જ માંડી વાળો."

(૭) આ ઉપરાંત બીજી એક બેંક અમદાવાદમાં હજી ચાલે છે જેનું નામ ધી ન્યુ હિંદુસ્થાન ફાઇનેનસીંગ એન્ડ બેન્કીંગ કોરપોરેશન લીમીટેડ છે જેને મેં એકદમ કામ બંધ કરવા ચેતવણી આપી છે. આ બેંક કેશવબીલ્ડીંગ ચાર રસ્તા, અમદાવાદમાં આવેલી છે અને એના મેનેજીંગ ડીરેકટર મોડલ પ્રીન્ટરી વાળા મી. મણીલાલ છોટાલાલ મહેતા છે અને પાટનગર કેસના એક આરોપી મી. મોહનલાલ એ. પદમણીવાળા બીજા ડાયરેકટર છે. મી. મ્હેતા મારી પાસે, શ્રી. જીવણલાલ બેરીસ્ટર પાસે, "નવજીવન" ના સંચાલક શ્રી. મોહનલાલ ભટ્ટ પાસે અને બીજા ઘણાઓની પાસે તેમની યોજનાના અભિપ્રાય માટે જઇ આવ્યા અને દરેકે તેમને તે ન ચલાવવાની સલાહ આપી છતાં તેઓ તેને ચાલુ રાખી રહ્યા છે અને બીજાઓના કેસનું શું થાય છે તેની વાટ જુએ છે. તેમની આ મનોવૃત્તિ ઇચ્છવાયોગ્ય નથી. હું ઇચ્છું છું કે જેમના પૈસા લીધા હોય તે પાછા આપી આટલેથી જ માંડી વાળે તેમાં તેમની શોભા છે.

"મતુ કરતા માવજીભાઈ" ની ખબર પહોંચાડો.

આપણામાં કહેવત છે કે "પારકી લેખણુ, પારકી શાહી, મતુ કરે મારા માવજીભાઇ" એનો આ લોનબેન્કો નમૂનો છે. ૬ ના ૧૦૦, ૧૦ ના ૧૦૦, ૧૩ ના ૧૦૦, ૨૫ ના ૧૦૦ એવી આશાઓ આપી અનેકોને આ બેંકોએ ધૂત્યા છે અને અનેકોને ફસાવ્યા છે અને તે માટે તેમના ઉપર કેસ ચાલે છે. ફસાનારાઓમાં મોટો ભાગ મિલમજૂરો, ખેડૂતો અને લોભિયાઓનો છે માટે આવી કોઇ જાળમાં હવે કોઈ ફસાશો નહિ.

[લેખાંક ૫ મો: તા. ૧૬-૭-૩૧]

સંચાલકોની મનોદશા.

મિ. માધવા જણાવે છે કે "ગુડલક એસ્યુરન્સ કંપનીની નવી યોજનાને મારી કે મારા મિત્ર વૈદ્યનાથનની સંમતિ મળી છે એ વાત કેવળ ખોટી (gross misrepresentation) છે. માત્ર એ કંપનીના કન્સલ્ટીંગ એકચ્યુઅરી તરીકે મારૂં નામ પ્રસિદ્ધ કરવાની મેં તેમને પરવાનગી આપી છે......વહેંચણીના ધોરણ પર કામ કરતી કોઇ પણ યોજનાની હું વિરૂદ્ધ છું અને હું જોઉં છું કે ગુડલક કંપનીએ મહત્વની સૂચનાઓ સ્વીકારી નથી." ગુડલક કંપનીની નવી યોજના સંબંધી જેઓ ખૂબ જ પૂછપરછ કરે છે તેમને ઉપરના જવાબથી સંતોષ થશે.

"સ્વદેશી ઠગ"

નડીઆદની ગુજરાત પોપ્યુલર ઇન્સ્યુરન્સ સોસાયટીના તા. ૭-૪-૧૯૩૧ ના રોજ પ્રસિદ્ધ થયેલા સ્ટેચ્યુટરી રીપોર્ટમાં મેનેજીંગ એજન્ટસ એ. પી. પટેલ એન્ડ કંપની લખે છે કે: "The Society is directed by patriotic and nationalist leaders and stands first in the field of free Insurance scheme against such other sister

companies." (સોસાયટીના સંચાલકો દેશભક્ત અને રાષ્ટ્રવાદી નેતાઓ છે અને સોસાયટી મફત વીમા કંપનીઓમાં પ્રથમપદ ભોગવે છે) વાક્યના છેલ્લા અર્ધ ભાગ માટે વીનસ, નેપચ્યૂન, ન્યુ ઓમ્એ એન્કીંગ કોરપોરેશન વિગેરે કંપનીઓને મારા કરતાં કાંઇક વિશેષ કહેવાનું હશે. મિ. અંબાલાલ ચતુરભાઇ પટેલ અને મિ. પરભુદાસ બી. પટેલ જેવા "દેશભક્ત નેતાઓ" ની જે બ્રાન્ડ (brand) ગુજરાતમાં ફુટી છે તે પર બે શબ્દો મારે કહેવાના છે. મિ. અંબાલાલ અને મિ. પરભુદાસ ગુજરાત પોપ્યુલર કંપનીમાંથી તેમના જ લખ્યા પ્રમાણે માસિક ૨૦૦ રૂપીયાનો પગાર અને સેંકડે ૭ ટકા કમિશન લે છે, તે તેઓ "દેશભક્ત" હોવાના જ સબબે કે? ઇન્ટર સુધી પણ નહિ ભણેલા આ "દેશભક્તો"ને પહેલાં શો પગાર મળતો હતો તે તેઓ જણાવશે કે? વીનસ કંપનીનું અંગ્રેજી કોરસપોન્ડન્સ કરવાથી અને થોડાક કેસ વીનસમાં અપાવ્યાથી પોતે વીમાના તજ્જ્ઞ (expert) થઇ ગયા એમ "દેશભક્ત" અંબાલાલ પોતે માને એ તેમની આત્મવંચના કહેવાય પણ બીજાઓને પણ તેમ મનાવવાનો પ્રયત્ન કરે ત્યારે તે ' સ્વદેશી ઠગાઇ " કહેવાય.

મિ. અંબાલાલ અને મિ. પરભુદાસ એમ જાહેર કરે કે અમારૂં પેટ ભરવાને માટે કંપની કાઢી છે તો કોઇને વાંધો ન હોય, પણ "હિંદી ઉદ્યોગને સપોર્ટ કરવા (ટેકો આપવા) ખાતર," "પરદેશી વીમા કંપનીઓ જે કરોડો રૂપીઆ દર વરસે દરિયા પાર લઇ જાય છે તેમાં ભાગ પડાવવા ખાતર," "દેશભક્ત અને રાષ્ટ્રવાદી નેતાઓ" ની દેખરેખ નીચે આ કંપની કાઢી છે એમ જાહેર કરી પોતાનું બિઝનેસ અને મહેનતાણું "દેશભક્તિ" ના ઓઠા નીચે આગળ ધપાવવા કોશિશ કરે ત્યારે "સ્વદેશી" ને નામે ફસાયેલા ડીરેકટરોની અને જાહેરસેવકોની એ ફરજ થઇ પડે છે કે તેમની એ ઠગાઇ ખુલ્લી પાડવી અને એ ખુલ્લી પાડવા માટે કાંઇ આફત આવી પડે તો તે સહર્ષ વધાવી લેવી.

એમની કંપનીનો તા. ૭-૪-૩૧ ના રોજ ઓડીટ થયેલો રીપોર્ટ મારી પાસે છે; તેમાં જણાવ્યા પ્રમાણે કંપનીએ ગરીબ લોકો પાસેથી રૂ. ૧૪૯૨૫) પાંચ માસમાં એકઠા કર્યાં અને તેમાંથી એજન્ટોનું કમીશન, પગાર, પોસ્ટેજ, મુસાફરી ખર્ચ વગેરે પાછળ રૂ. ૯૭૩૬) નો ધૂમાડો કર્યો. ગરીબોના ભલા માટે નીકળેલી આ કંપનીએ રૂ. ૨૫૦) એક ગરીબને એડવાન્સ આપ્યા અને આશરે રૂ. ૨૦૦૦) "દેશભક્ત" મેનેજીંગ એજન્ટોએ પોતાના ખિસામાં મુક્યા. જો દેશહિતને ખાતર જ આ કંપની કાઢી હોય તો કંપનીની સ્થિતિ સદ્ધર થાય ત્યાંસુધી મેનેજીંગ એજન્ટોએ પોતાનું મહેનતાણું છોડી દેવું જોઇએ, નહિ તો "દેશભક્ત" નું ઓઠું છોડી દેવું જોઇએ. દેશભક્તિ એ કોઇનો ઇજારો નથી પણ "પેટભક્તિ" ને "દેશભક્તિ" ઠોકી બેસાડવાની મી. અંબાલાલ અને મી. પરભુદાસની કોશિશ ગાંધીયુગનું ગુજરાત સહન કરે તેમ નથી.

સંકટ સમયે સાંકળ ખેંચો.

મારા પર અનેક મિત્રોના પત્રો આવ્યા છે કે મારા આ પ્રચારકાર્યથી ઘણાઓએ ચાલુ ડેથકોલનાં નાણાં ભરવા બંધ કર્યા છે અને એથી "મફત" વીમા કંપનીવાળાઓને તેમનાં નાણાં પોલિસી લેપ્સ થઇ જવાથી હજમ થઇ જશે. તેવા મિત્રોને હું એટલું જ કહું છું કે "તુલસી હાય ગરીબ કી કબૂ ન ખાલી જાય, મૂઆ ઢોર કે ચામસે લોહા ભસ્મ હો જાય."

મેં અત્યાર સુધીમાં જે જે કંપનીઓએ ખોટાં લલચાવનારાં વચનો આપી કે નિયમોના અણઘટતા ફેરફારો કરી પોતાનો સ્વાર્થ સાધ્યો છે તેમનાં નામો આપ્યાં છે. કેટલાંક વચનો તેઓ પાળી શકે તેમ નથી અને કેટલાક ફેરફારો કાયદાની દૃષ્ટિએ પણ તેઓ કરી શકે તેમ નથી છતાં કાયદો તેમણે ઘોળી પીધો છે. કાયદાનું ભાન કરાવવા માટે અને એ કંપનીના નાણાં પરનો હક ચાલુ રાખવા માટે દરેક ગામના કે લત્તાના આવી કંપનીના પોલીસી

હોલ્ડરોએ ભેગા થઇ રજીસ્ટર્ડ પોસ્ટથી ભેગી નોટીસ કંપનીની હેડ ઓફીસને મોકલી આપવી અને તેની નકલ જાણ માટે મારા પર સાદા કવરમાં રવાના કરવી. નોટીસનો સામાન્ય મુસદો નીચે પ્રમાણે કરવો:—

ગામનું નામ... ... ...

તારીખ... ... ...

મેનેજીંગ એજન્ટસ,

કંપનીનું નામ... ... ...

હેડ ઓફીસનું ઠેકાણું... ... ...

સાહેબો, વિ. અમે નીચે સહીઓ કરનાર આ નોટિસથી તમને જણાવીએ છીએ કે તમારી કંપનીમાં અમે નીચે જણાવેલી પોલિસી નંબરો પ્રમાણે વીમો ઉતરાવ્યો છે.

(૧) ડેથકોલનાં એકઠાં થયેલાં નાણાં મરનારના વારસોને વહેંચી આપવાની બાબતમાં મરનારના વારસને માત્ર રૂ. ૫૦૦) થી વધારે નહિ મળે, એવો જે નિયમ પાછળથી બહાર પાડયો છે તે અમને જુના પોલિસી હોલ્ડરોને કબૂલ મંજુર નહિ હોવાથી અમને તે બંધનકર્તા નથી તેની નોંધ લેશો.

(૨) તમે અમને મોટી મોટી લાલચો આપી ખોટી રીતે ફસાવ્યા છે તેની નોંધ લેશો.

(૩) તમારા પ્રોસપેક્ટસના નિયમોમાં અમારા હિતને નુકશાન થાય અને તમારા હિતને ફાયદો થાય એવા જે જે સુધારાવધારા અમારી સંમતિ વિના કર્યા છે તે અમને કબુલ મંજૂર નથી.

(૪) વહેંચણીના ધોરણ પર કામ કરી તમે જે દોઢાં નાણાં આપવાની ખાત્રી આપો છો તે તમે વખત આવ્યે પાળી શકો તેમ નથી એવો વીમાશાસ્ત્રીઓનો અભિપ્રાય છે. તમે તેમને પૂછયા વિના આવી યોજના ઘડી અમને ગરીબોને ફસાવ્યા છે.

લોન બેંકો.

મારા ચોથા લેખાંકમાં લોન બેન્કો વિષે લખ્યા પછી મને નીચેની વિશેષ માહિતી મળી છેઃ—

નં ૬ પીપલ્સ ઓન ફ્રી લોન સપ્લાઇંગ બ્યુરોના બે એજન્ટોનાં નામ ૧. મલેક મીરસાહેબ દાદુ તથા ૨. ખ્રિસ્તી સોમા હીરા છે તેઓ ખેડા જીલ્લાના છાપરા ગામના રહીશ છે અને નડીઆદમાં મિશન પાસે તેમની મુખ્ય ઓફીસ છે, એવા ખબર આપે છે. ખ્રિસ્તી, ધારાળા, અને ઢેડ ભંગીમાંથી આ લોકોએ પૈસા ઉઘરાવ્યા છે.

નં. ૯ ધી બેન્ક ઓફ સધર્ન ઇન્ડિયા લીમીટેડના અમદાવાદના એજન્ટ મિ. દીનશા ડી. કામા મને ખબર આપે છે કે પોતે અત્યાર સુધીમાં કુલે રૂા. ૩૧૬૦ લોકો પાસેથી એકઠા કર્યા છે, તેમાંથી રૂા. ૧૦૦૦) ઝીલવાણા (હારીજ થઇને) ના પટેલ દેવા લખમણને વગર વ્યાજે તારીખ ૨૩–૬–૩૦ ના રોજ આપ્યા છે. અમદાવાદના ઝવેરીવાડની ગોલવાડના ધોબી મોતીજી કેવળજી અને મોટર ડ્રાઇવર મનુભાઇ પ્રેમાજીને દરેકને રૂા. ૨૦૦) વગર વ્યાજે ગયા સપ્ટેમ્બરમાં આપ્યા છે.

પણ આ ઉપરાંત મી. દીનશા ડી. કામા ધી મેટ્રોપોલિટન મ્યુચ્યુઅલ બેન્કીંગ અને એસ્યુરન્સ કંપની લીમીટેડના પણ એજન્ટ હતા, અને તે કંપનીને પણ રૂા. ૧૦૦૦) આશરે એકઠા કરી મોકલી આપ્યા છે. આ કંપની ગરીબ અને મધ્યમ વર્ગના માણસોને માટે નવાં ઘર બાંધી આપવાનું કામ કરતી હતી પણ એ ઘર બંધાતાં પહેલાં કંપની ઉખડી ગઇ છે. તમારે રૂા. ૧૦,૦૦૦) નું ઘર લેવું હોય તો તમારે ૧૦–૧૦ રૂપિયાના ૨૫ શેર લેવાના અને દર અઠવાડીયે રૂા. ૧૨॥ લેખે ૬ મહિનામાં રૂા. ૨૫૦) પૂરા કરવાના. જો તમે તમારા જેવા બીજા બે મેમ્બરો લાવી આપો અને એ બે બીજા ચારને લાવે અને એ ચાર બીજા આઠને લાવે

એટલે કે તમારા સુદ્ધાં કુલ ૧૫ મેમ્બરો તમારી મારફત થાય તો પાંચ માસમાં તમારા નવા ઘરનો પ્લાન તૈયાર થાય અને ઘર બાંધવાનું કામ શરૂ થાય અને તેની કિંમત બદલ તમારે મહિને રૂા. ૫૦) નો હપ્તો ભરવાનો. આવી "પરોપકારી સંસ્થા"નું સિરનામું અમરચંદ બિલ્ડીંગ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઇ છે અને તેમના બોર્ડ ઓફ ડીરેકટર્સમાં કાંતિલાલ ડી. ઠાકોર બેરિસ્ટર, કાંતિલાલ સી. ઠાકોર એડવોકેટ અને એન. ડી. એચ. સેગલ વિગેરેનાં નામો છે. આ કંપનીની સત્તાવાર થાપણ ૫ લાખ રૂપિયાની છે પણ તેમાંથી ભરાઇ છે કેટલી તેની માહિતી મળતી નથી. કંપની તમામ જાતના વીમાનું, ધીરધારનું, ઉદ્યોગ હુનરોનું અને નવાં મકાનો બંધાવી આપવાનું કામ કરે છે. આવી મ્યુચ્યુઅલ બેનીફીટની યોજના પર ચાલતી કંપની એકાએક બંધ પડી ગઇ એથી ઘણાને દુઃખ થશે. મિ. એન. ડી. એચ. સેગલ એ મેસર્સ સેગલ હંસલક્ષ કંપનીવાળા છે જેવણ નવી કંપનીઓ ખોલવાના અને બંધ કરવાના કામમાં સિદ્ધહસ્ત છે અને પૂનાની ધી પીપલ્સ ઓન પ્રોવિડન્ટ એન્ડ જનરલ ઇન્સ્યૂરન્સ કંપની પર જે ઠગાઇનો કેસ ૨૩ તહોમતદારો પર પૂનામાં ચાલે છે તેમાંના મિ. સેગલ* તે આજ હશે એમ કલ્પના થાય છે.

નં. ૧૦ યુનિવર્સલ મ્યુચ્યુઅલ એઇડ અને પુઅર હાઉસિસ એસોસીએશન લીમીટેડ, મદ્રાસઃ આ કંપની પણ ગરીબોને માટે ઘર બંધાવવાનું કામ કરે છે અને ઘોડદોડની માફક પૈસાની દોડાદોડી કે પડાપડી નહિ કરાવતાં રૂા. ૧૦) ના બોન્ડ ખરીદાવી તેના વ્યાજમાંથી ચીઠ્ઠીઓ ખેંચી રોકડ બક્ષિસ અપાવે છે, એમ સુરતના સેતાનફળીઆના તેમના ચીફ એજન્ટ મી. જી. ડી. વ્યાસ અનાવિલ બંધુ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાયેલા મોટા ગુલાબી પોસ્ટરમાં

* આ મિ. સેગલને અને બીજા આરોપીઓને ત્રણ વર્ષની સખ્ત કેદ ની સજા થઈ છે.

જણાવે છે. આમાં ચિઠ્ઠીઓ નંખાય છે પણ એ લોટરી નથી કારણકે બોન્ડ ભરનારને આજે નહિ તો સો દોઢસો વરસ પછી તેના વારસને બમણા રૂપિયા મળે જ છે, એટલે “આ યોજના નીતિ વિરૂદ્ધ છે એમ કોઇ પણ ઠરાવી શકતું નથી!” આ કંપનીના ગુજરાત પ્રાંતના ડાયરેક્ટરોના ચેરમેન તરીકે સુરતના ડોકટર મોહનનાથ કેદારનાથ દીક્ષિતનું નામ છે અને ડાયરેકટર તરીકે સુરત ડીસ્ટ્રીકટ લોકલ બોર્ડના પ્રેસીડન્ટ રા. બ. ભીમભાઈ રણછોડજી નાયકનું નામ છે. નડીયાદથી મારા પર પત્ર છે કે નડીયાદ, કાકરખાડના એજન્ટ કાશીભાઇ જીવાભાઇ પટેલ અને ચીફ એજન્ટ મી. જી. ડી. વ્યાસ વચ્ચે વાંધો પડવાથી બોન્ડની ભરાએલી રકમો મદ્રાસ ન પહોંચી અને બોન્ડ ભરનારાઓનાં નામો ચીઠ્ઠીઓમાં ફેબ્રુઆરીના ડ્રોઇંગમાં ખેંચાયા વિના જ રહી ગયાં. બીચારાઓને નામો ખેંચાયાનો સંતોષ પણ નશીબમાં નહોતો!

નં. ૧૧. વર્કર્સ અને પેઝન્ટસ બેન્કિંગ અને પ્રોવિડન્ટ એસ્યુરન્સ સોસાયટી લીમીટેડ, મેડોઝ સ્ટ્રીટ, મુંબઇ. આ કંપનીએ દશ દશ રૂપીઆનાં **સ્વરાજ** બોન્ડ કાઢયાં છે અને દશ લાખ બોન્ડના એક કરોડ રૂપિઆ એકઠા કરી તેના વ્યાજમાંથી રોકડ બોનસો કાઢયાં છે. મદ્રાસવાળી ઉપરની કંપનીએ દશલાખ બોન્ડ ભરાય તો એના એક કરોડ રૂપીઆના વ્યાજમાંથી સવાલાખ રૂપીઆની ૨૬૧૨ બક્ષિસો આપવાનું જાહેર કર્યું છે અને પહેલી રોકડ બક્ષિસ ૧૦,૦૦૦ રૂપીઆની રાખી છે. આ કંપનીએ ૧૪૬૩ બોનસો આપવાનું જાહેર કર્યું છે અને પહેલી બોનસની રકમ ૫૦૦૦ રૂપીઆની રાખી છે. જો દશ લાખને બદલે એક લાખ બોન્ડ ભરાય તો આ વહેંચવાની રકમો દશમા ભાગની થઇ જાય એટલે કે પહેલાં ઇનામો રૂ. ૧૦૦૦) અને રૂ. ૫૦૦) નાં થઇ જાય અને માત્ર ૧૦૦૦૦ જ બોન્ડ ભરાય તો એ પહેલાં ઇનામો રૂ. ૧૦૦) અને ૫૦) નાં થઇ જાય. ટૂંકામાં બોન્ડ જેટલાં ભરાય એ

પ્રમાણમાં ઇનામો વહેંચાય. આ હકીકત "નસીબ અજમાવનારાઓ" એ ખાસ સમજી લેવા જેવી છે. મુંબઇવાળી યોજનામાં ડાયરેક્ટર–ઇન–ચાર્જ એક મારવાડી મિ. એલ. સી. જેન છે અને માંગરોળ-વાળા મિ. એમ. વી. મહેતા અને મુંબઇના મિ. ડી. જી. પંડિત ડાયરેક્ટરો છે, આ યોજનામાં ડાયરેક્ટરોને ઘરના પૈસા રોકવાની જરૂર હોતી નથી અને એથી બીજી યોજનાઓ કરતાં આવી યોજના વધારે "ડાયરેક્ટર પ્રિય" છે.

નં. ૧૨. નસીબ અને પૈસો મેળવવાની કુંચીઃ વગર વ્યાજે લોનઃ ધી ન્યુ બોમ્બે બેન્કિંગ કોરપોરેશન લીઃ આ કંપનીવાળા "કાયદો તોડનાર મહાસભાવાદી" ઠાકોર ગોપાળસિંહ ચૌહાણ આવી સુવર્ણ યોજનાની કુંચી ન સમજે તે કેમ બને? તેમણે રૂા. ૨૫ નાં ચાન્સ બોન્ડ કાઢયાં છે અને તમને ફાવે તો વગર વ્યાજની લોન લો અને પંદર વરસ સુધી તે રાખો (કંપની પંદર વરસ જીવવાની છે કે નહિ તેની તમારે ચિંતા કરવાની નથી. મરી જાય તો તમારા લાભની વાત છે–લોન મળી હોય તો, જે નશીબનો ખેલ છે) તમારી ચીઠ્ઠીમાં લોન આવે અને તમારે રોકડ રકમ જ જોઇતી હોય તો ૪૦ ટકા રોકડ રકમ લેઇ લો. માત્ર તમારા નામની ચીઠ્ઠી નીકળવી જોઇએ. એ જરા મુશ્કેલ છે પણ આગેવાન દેશનેતાની હાજરીમાં (આ આગેવાન દેશનેતા ઠાકોર ગોપાળસિંહ પોતે જ હશે કે બીજા કોઇ તે સ્પષ્ટ કર્યું હોત તો વિશેષ આકર્ષણ થાત; આ ચીઠ્ઠીઓ ખેંચવાની છે અને આજે નહિ તો ૫ વરસે ૧૦ વરસે ૧૫ વરસે, તમને નહિ તો તમારા દીકરાને, તમારા દીકરાના દીકરાને, કોઇનું પણ નસીબ નહિ લાગે? તમે જે ૩ રૂપિયા દાખલ ફીના ભરશે તેમાં ઠાકોર ગોપાલસિંહનું નસીબ તો લાગેલું જ છે તો પછી તમારૂં નસીબ કેમ નહિ લાગે? "નસીબ અને પૈસો મેળવવાની કુંચી."

[લેખાંક ૬ ઠ્ઠો: તા. ૨૩-૭-૩૧]

ગુજરાત પ્રોવિડન્ટ અને ઇન્ડસ્ટ્રીયલના મેનેજરને.

આ ગુજરાત પ્રોવિડન્ટ એન્ડ ઇન્ડસ્ટ્રીઅલ કંપનીના મેનેજર શંકરલાલ એસ. પરીખે "તેજદ્વેષ કે અંગત રાગદ્વેષથી થતાં કેટલાંક ગેરસમજુતીભર્યાં, નિંદાત્મક લખાણોથી" ન ઉશ્કેરાવા મેમ્બરોને જે ખબર આપવાની કૃપા કરી છે તે લખાણ જો મેં તેમના અને તેમના જોડીદાર ડાહ્યાભાઇનાં "ચરિત્રો" ખુલ્લાં પાડયાં છે તેને ઉદ્દેશીને હોય તો મારૂં તેમને જાહેર ચેલેંજ* છે કે તેઓ તેનો આઠ દિવસની અંદર જાહેર ખુલાસો કરે અને તે નાપાયાદાર હોય તો મારા પર બદનક્ષીની ફરિયાદ માંડે. જો તેઓ તેમાંનું એકે નહિ કરે તો આ હકીકત સાચી છે એમ પૂરવાર થશે; કારણ કે જાહેર આક્ષેપોનો જાહેરમાં ખુલાસો કરવાને બદલે તેનો ખુલાસો મેળવવા મેમ્બરોને વડોદરા હેડ ઓફીસમાં રૂબરૂ મળવા બોલાવવાની શી જરૂર છે? મેમ્બરો કોઇ એવા નવરા હોય નહિ કે ગાંઠનું ભાડું ખર્ચીને ઠેઠ વડોદરા ખુલાસો મેળવવા જાય એટલે ખુલાસો આપવાની પીડા ટાળવાની આ સરસ હિકમત સૂઝી છે!

અમદાવાદની કંપનીઓ.

અમદાવાદની કંપનીઓમાં (૧) રાજનગર, (૨) કુમાર (૩) ઓલ ઇન્ડીઆ મ્યુચ્યુઅલ, (૪) ગ્રાન્ડ ઇન્ડિયન, (૫) નવજીવન અને (૬) ઇન્ડિયન સ્ટેન્ડર્ડ મ્યુચ્યુઅલ. એમ છ કંપનીઓ છે. આમાં પહેલી ત્રણ કંપનીઓએ લેખિત હકીકત પૂરી પાડી નથી અને ૪, ૫ અને ૬ ના મેમ્બરોની સંખ્યા અનુક્રમે ૨૨૮, ૨૩૯ અને ૮૫ મે માસની આખરે હતી. રાજનગરની સંખ્યા તેઓ રૂબરૂ જણાવે છે તે પ્રમાણે ૧૮૦૦ ની હતી અને કુમારની આશરે ૧૦૦૦ ની હતી. આવી સ્થિતિમાં અમદાવાદની આ પાંચ કંપનીઓએ રૂ. ૫૦૦) થી વધારે રકમ વહેંચવામાં નહિ આવે એ

---

*આ ચેલેંજનો જવાબ હજી સુધી મળ્યો નથી.

હકીકત દબાવી રાખી એટલી હકીકત મને એમના છપાવેલા પ્રોસ્પેક્ટસમાં મળી છે. છઠ્ઠી કંપની ઓલ–ઇન્ડિયા મ્યુચ્યુઅલ જેની હયાતીની મને જરા મોડી ખબર પડી તે કંપનીએ પણ રૂા. ૫૦૦) વાળી હકીકત દબાવી દીધી છે અને એ કંપનીના એક ડાયરેક્ટર મિ. મોહનલાલ મંગળદાસ શાહે શ્રી. મોહનલાલ મંગળદાસ શેઠ બની ધી રામકૃષ્ણ બેન્કીંગ યુનિયન લીમીટેડ ખોલી છે અને તેમાં બીનજોખમી નસીબ અજમાવવાની લકી બોન્ડની યોજના રાખી છે. શ્રીમાન પોતે જમીનદાર અને જ્યોતિષી (એસ્ટ્રોલોજર) બંને છે અને અલૂણામાં વાસો વસે છે. એમના જ્યોતિષજ્ઞાનના પ્રભાવથી તેમણે જોયું હશે કે રામકૃષ્ણ લકી બોન્ડથી પોતાને શેઠ થવાનું સર્જાયું છે એથી 'શાહ' નું બીરૂદ મૂકીને 'શેઠ' નું ધારણ કર્યું લાગે છે. રૂા. ૧–૪–૦ ની કિંમતના ચાલીસ લાખ બોન્ડ વેચાય તો વેના વ્યાજમાંથી દર ચાર માસે રૂ. ૫૦૦૦૦) નાં ઇનામો વહેંચાય અને દર બોન્ડે આઠ આનાની દાખલ ફી લેખે વીસ લાખ રૂપીઆ તેમના અને તેમના દલાલોના ઘરમાં બીનજોખમે પેસી જાય. ૧૬ વરસ સુધી તમને કંઇ પણ ઇનામ ન મળે તો તમને સોળ વરસે બમણા પૈસા મળે. આથી તમને સોળ વરસ સુધી કુણીએ ગોળ ચોંટે અને જ્યોતિષી મહારાજ લોટરીના કાયદાની ર૯૩ કલમને ચુકાવી 'શાહ' ના 'શેઠ' બની જાય. ધી પાટનગર બેન્કીંગ યુનિયન જેના પર ઠગાઇનો કેસ ચાલે છે અને જેના પર છાપખાનાવાળાએ પોતાને ખોટી ચિઠ્ઠી લખી આપવા બાબત બીજો ઠગાઇનો કેસ દાખલ કર્યો છે તે પોતાની આવી લકી બોન્ડની યોજના પૂરી રીતે અમલમાં મૂક્યાના સંતોષ વિના જ કોર્ટમાં ઘસડાઈ ગઈ. જોઇએ, આ રામકૃષ્ણ બેન્કીંગ યુનિયનનું શું થાય છે ?

"અમારા જાણવા મુજબ આવી યોજના મુજબ કામકાજ ઘણા મોટા પ્રમાણમાં યુરોપ તથા અમેરીકામાં સારી રીતે ચાલે છે..." એમ રાજનગર બેન્કિંગવાળા લખી જણાવે છે.

પાટિયાં લીલામ થયાં હોત.

યુરોપ તથા અમેરિકામાં વહેંચણીના ધોરણ પરની કોઈ યોજના ચાલતી હોય તો ઓરીએન્ટલના મેનેજર મિ. એચ. ઇ. જોન્સને તેની ખબર હોય જ. તેઓ લખે છે કે તેમની જાણ પ્રમાણે આવી કોઇ યોજના એ દેશોમાં ચાલતી નથી છતાં અમેરિકાની બોગસ ડીગ્રી આપનારી બોગસ યુનિવર્સિટીની જેમ આવી કોઇ બોગસ કંપનીઓ પણ અમેરિકામાં નીકળી આવે તો હું નથી ધારતો કે મિ. જોન્સ નવાઇ પામે. એસેસમેન્ટના ધોરણ પર કામ કરતી કંપનીઓને કેનેડાની સરકારે ૧૯૧૭ માં કાયદો ઘડી બંધ કરી તે પણ જાણીતી વાત છે. અમેરિકાની બોગસ (૧૦૦ થી ૨૦૦ ડોલરમાં ચાલુ તે ડીગ્રી આપનારી) યુનિવર્સિટીનું જો આપણે અનુકરણ કરીએ તો તેમની આવી બોગસ કંપનીઓનું અનુકરણ કરી શકીએ. પશ્ચિમમાં છે એ બધું સારૂં જ છે એમ માનવાનો કે મનાવવાનો જમાનો હવે જતો રહ્યો છે અને એ કંપનીઓ ત્યાં સારી ચાલતી હોય એમ ઘડીભર માની લેઇએ તો પણ એ દેશોમાં બોર્ડ ઓફ ટ્રેઈડનો જે અંકુશ છે તેવો અંકુશ આપણા દેશમાં ક્યાં છે? એ અંકુશના અભાવે તો આવી મફત કંપનીઓ મોજ કરે છે; નહિ તો ક્યારનાયે તેમનાં પાટિયાં સુદ્ધાંત એ બોર્ડના હાથે લીલામ થયાં હોત.

દાક્તરી તપાસ અને એકચ્યુઅરી.

બીજી ખોટી માન્યતા એવી ફેલાઈ છે કે જે કંપની દાક્તરી તપાસ રાખતી નથી તેને એકચ્યુઅરી પોતાનું નામ આપતા નથી! 'મફત' વીમાની યોજનાવાળા કોઈ ફળદ્રુપ ભેજાની આ ઉત્પત્તિ છે કારણકે વગર દાક્તરી તપાસવાળી બોમ્બે પ્રોવિન્સ્યલ કોઓપરેટીવ ઇન્સ્યુરન્સ સોસાયટીના પ્રોસ્પેકટસ પર ઓનરરી એકચ્યુઅરી તરીકે મિ. જી. એસ. મરાઠેનું નામ છે. દાક્તરી તપાસ અને એકચ્યુઅરીના નામ વચ્ચે કાંઇ સંબંધ નથી. માત્ર જે કંપની દર ત્રણ વરસે કે

પાંચ વરસે તેમની જીંદગીઓનો સ્ટોક લેવાની ના પાડે તેમને એક્ચ્યુઅરી પોતાનું નામ આપતા નથી એ વાત સાચી છે.

કોંગ્રેસવાદીઓ! તમે પણ ?

નડીઆદની પીપલ્સ એશ્યૂરન્સ બેન્કના ડીરેક્ટરોની યાદીમાં મુંબઇ પ્રાંતિક સમિતિના મંત્રી મિ. એસ. કે. પાટિલનું નામ છે અને મુંબઇની ફ્રી ઇન્ડિયા મ્યુચ્યુઅલ ઇન્સ્યૂરન્સ કંપનીના ડીરેક્ટરની યાદીમાં "મી. યુસુફ જે. મહેરઅલી, પ્રેસિડન્ટ, યુથલીગ" નું નામ છે. તેમનાં નામો વાંચી મેં આંખો ચોળી કે હું આ શું જોઉં છું ? આવા નેતાઓને પણ ગરીબ ખેડૂતો અને મજૂરોની ચાલી રહેલી આ લૂંટમાં ભાગ પડાવવાની ઇચ્છા થઇ ગઇ? જેલમાં કેટલાક નેતાઓનું દર્શન થયું હતું, પણ ત્યાંની દુનિયા તો ન્હાની હતી. અહીંની બહારની વિશાળ દુનિયામાં પણ પ્રતિષ્ઠાનો છેક ખ્યાલ છોડી દઇ ફોતરાં વીણવા તેઓ આવી 'મફત' વીમા કંપનીઓમાં જોડાશે એ વાત હું તેમનાં નામો ન વાંચત અને એ કંપનીઓના કાર્યવાહકો જાતે એ વાતની મને ખાત્રી ન આપત તો હું કદિ માનત નહિ. ખેર, દુનિયામાં જીવીને ઘણું જાણવાનું મળે છે. ગુજરાતના અને મુંબઇના યુવાનોને મારો પડકાર છે કે તમારા આ પ્રેસિડન્ટને યુથલીગના પ્રેસિડન્ટનો હોદ્દો વહેંચણીના ધોરણસર કામ કરતી ફ્રી ઇન્ડિયા મ્યુચ્યુઅલ ઇન્સ્યૂરન્સ (મફત વીમા) કંપનીના પ્રોસ્પેક્ટસ પરથી કાઢી નાંખવા દબાણ કરો, કારણકે પોતાના નામનો તેઓ ગમે તે ઉપયોગ કરે પણ યુથલીગની સંમતિ સિવાય એ હોદ્દાનો દુરૂપયોગ કરવાનો તેમને જરાયે અધિકાર નથી. જાહેરસેવકો જાહેર હોદ્દાનો લાભ પોતાના ખાનગી ધંધામાં ન લઇ શકે તો સરદાર વલ્લભભાઇ જેને ભોળા અને અભણ ખેડૂતોને ફસાવનારી, પોતાના સ્વાર્થને ખાતર સ્વદેશીની પવિત્ર ભાવનાને વટાવી દેશદ્રોહ કરનારી અને સ્વદેશી વીમાને આફતરૂપ કંપનીઓ કહે છે તેવી કંપનીઓની જાળ બિછાવવામાં તો તેઓ કેવી રીતે જ તે વાપરી શકે ? હું આશા

રાખું છું કે મિ. મહેરઅલી અને મિ. પાટિલ પોતે કેવી રીતે ડીરેક્ટર તરીકે જોડાયા તેનો જાહેર ખુલાસો કરશે અને તેમના નામને લીધે ફસાયેલા અભણ ખેડૂતોને તેમણે ભરેલા પૈસા પાછા અપાવવામાં મદદ કરશે. નહિ તો વ્યક્તિ કરતાં મહાસભા મોટી છે અને એની પ્રતિષ્ઠા જાળવવા ખાતર તેમના નામવાળી કંપનીનો બહિષ્કાર કરાવવા પણ હું પાછો પડીશ નહિ.

પત્રકારોને.

આ પ્રસંગે જાહેરખબરોના લોભને લીધે મુંબઇ અને અમદાવાદના કેટલાક રાષ્ટ્રમતવાદી પત્રોએ ગરીબોને સાવધાન કરવાની આ ચળવળ પ્રત્યે જે ખેદજનક વલણ અખત્યાર કર્યું છે તે પર જાહેરનું ધ્યાન ખેંચ્યા વિના મને ચાલતું નથી. 'મુંબઈ સમાચાર' અને 'અમદાવાદ સમાચાર' જેવા પત્રોએ જાહેર ખબરના કોલમોમાં મારા પ્રચારકાર્ય પર હુમલો કરવાની વડોદરાની ધી ગુજરાત પ્રોવિડન્ટ એન્ડ ઇન્ડસ્ટ્રીયલ કંપનીને જે તક આપી છે તે તેમના જેવા પત્રકારોને શોભે તેવું નથી. સરદારનો જે સંદેશો અન્યત્ર છપાય છે તે પરથી તેઓ પોતાની વલણ બદલે તે પહેલાં જાહેર પ્રજાનું આપણા વર્તમાનપત્રોની આવી નીતિ પર ધ્યાન ખેંચવું હું આવશ્યક સમજું છું, જેથી લોકો તેમને પણ સાચી રીતે ઓળખતાં શીખે.

[**લેખાંક ૭ મો : તા. ૩૧-૭-૩૧**]

મુડદાં કંપનીઓ.

હું રાતનો ઉજાગરો હોવાથી ઝોકાં ખાતો પડયો હતો ત્યાં મારા મિત્રે બૂમ પાડી: "નંદલાલભાઇ, મુડદાં કંપનીવાળા કાકા આવ્યા છે." મેં આંખ ઉઘાડીને જોયું તો કાકાના દાંત પડી ગયા હતા પણ આંખોનું તેજ જેવું ને તેવું હતું. કાકાએ જે વાત કરી તે તેમના જ શબ્દોમાં નીચે ઉતારું છું:—

"વીસ વર્ષ પહેલાં હું ખેડા ડેથ બેનીફીટ મુડદાં કંપનીનો એજન્ટ થયો હતો. મહિને ૧૮ રૂપિયાનો પગાર, ૩ રૂપિયાનું ઓફિસ ભાડું અને ૨ રૂપિયા 'કોન્ટીજન'–(ખડિયો, શાહી, કાગળ વિગેરેનું ખર્ચ) ના મને મળતા હતા. દાખલ ફીના રૂપિયા ૨॥ અને પછી મહિને સવા સવા રૂપિયો લેતા હતા, અને ઉઘરાવેલા પૈસા કંપની-વાળાને મોકલી આપીએ. મેં પોતે પોર, ઉંવારસદ, અડાળજ વગેરે ગામોમાંથી ૧૦૦ ઉપરાંત મેમ્બર કર્યા હતા. શરૂઆતમાં કંપનીએ ૧૦૦ રૂપિયા વહેંચ્યા, પછી સોના થયા સાઠ અને સાઠના થયા ત્રીસ–ત્રીસના હુઆ દશ ઓર દશમેં દેના કયા ઓર લેના કયા ? છેવટે દેખાળાય ન રહ્યા. દસે મહિને કંપની ભાંગી ગઇ–અમે ઉઘ-રાવેલા પૈસા અમારી પાસે રહ્યા. કંપનીવાળાના હાથમાં ગયા તે કંપનીવાળા પાસે રહ્યા. આ મા'ળું લોક ગાંડું થયું છે તે એકલા ઉંવારસદ ગામમાંથી જ આશરે રૂા. ૩૦૦૦) નું હમણાં જ પાણી થયું છે. મેં તો લોકોને ઘણુંયે કહ્યું પણ નથી માનતા. ખેડાની ઓફિ-સનું પાટિયું હજુ મારે ઘેર છે. મારા વા'લા સાડાબારસેં સાડાબારસેં લખે છે પણ એ બધાની આખરે આ દશા થવાની છે. અમારા જેવા ઘરડાનું કોઇ માને નહિ તે બધા દુઃખી થવાના છે."

મારાપર ચાર નોટીસો.

અત્યાર સુધીમાં મારૂં મ્હોં બંધ કરવા મારા પર વકીલ બેરિ-સ્ટરોની ચાર નોટિસો આવી ગઇ છે. આ ચારેને મારો એક જ જવાબ છે કે સત્ય હકીકત જાહેર કરતાં મને તમારાં આ ફરફરિયાં રોકી શકે તેમ નથી. મારૂં તમને જાહેર ચેલેન્જ છે કે તમારામાં હિંમત હોય તો મારાપર કેસ માંડો. હું અક્ષરે અક્ષર પૂરવાર કરવા તૈયાર છું. દરમ્યાન પ્રજાબંધુ, ગુજરાતી પંચ અને બીજાં જે પત્રો આવું જોખમ ખેડીને પણ સત્યને પડખે ઉભાં રહ્યાં છે, તેમની હિંમતનાં વખાણ કર્યા વિના મારાથી રહેવાતું નથી. તેઓ જો પડખે ન ઉભાં રહ્યાં હોત તો જાહેર ખબરના લોભી વર્તમાનપત્રોએ સત્યના અવાજને

ક્યારનોયે ગુંગળાવી દીધો હોત અને સરદાર કે મહાત્માજીનું આ બાબત પર જે ધ્યાન ખેંચાયું છે તે કદિયે ન ખેંચાયું હોત.

કંપની એક્ટની ૭૫ મી કલમનો ભંગ.

આ કલમ જણાવે છે કે સત્તાવાર થાપણ જણાવતી વખતે ભરાયેલી થાપણ અને પગાર થયેલી થાપણ પણ જણાવવી જોઇએ, નહિતો એ કંપનીનો દરેક ઓફિસર જેનો આ ગુન્હામાં હાથ હશે તે દરેકનો એક હજાર રૂપિયા સુધી દંડ થશે.

દિલ્હીની ધી ઇસ્ટર્ન બેન્ક એન્ડ પ્રોવિડન્ટ કંપની હસ્તપત્રોમાં "૨૫૦૦૦૦૦ (પચીસ લાખ) ની થાપણ" જણાવે છે. ભરાયેલી કે પગાર થયેલી (paid up) થાપણ કેટલી છે એ ત્રણ વાર પૂછાવ્યા છતાં તેનો જવાબ મને આપતી નથી, વડોદરાની ગુજરાત પ્રોવિડન્ટ એન્ડ ઇન્ડસ્ટ્રીઅલ કંપની "૧ લાખ રૂપિયાની સત્તાવાર થાપણ" જણાવે છે, પણ ભરાઇ છે કેટલી તે પૂછાવ્યા છતાં જણાવતી નથી. અમદાવાદની ધી ગ્રાન્ડ ઇન્ડિયન "રૂા. ૫૦૦૦૦) ની સત્તાવાર થાપણ" જણાવે છે અને ધી રામકૃષ્ણ યુનિયન બેન્ક પણ એટલી જ થાપણ છપાવેલા ગુજરાતી પ્રોસ્પેકટસ પર જણાવે છે અને અંગ્રેજીમાં તે જણાવતી નથી.

[લેખાંક ૮ મો : તા. ૭–૮–૩૧]

દિલ્હીની વીનસ કંપનીથી સાવધાન !

વીનસ કંપનીના મેનેજીંગ એજન્ટસ મેસર્સ કાશીભાઇ એન્ડ કંપનીએ તા. ૩–૮–૩૧ ની સહીવાળો જે ખુલાસો 'સંદેશ' ના તા. ૫–૮–૩૧ ના અંકમાં પ્રકટ કર્યો છે તેમાં ભોળા અને અજ્ઞાન ખેડૂતોને ફસાવવા કેટલીક ખોટી હકીકત પ્રસિદ્ધ કરી છે તે જોઇ સાવધાન સમિતિને ખેદ થાય છે.

મરકીનો ચેપ ફેલાવનાર.

તેમાં જણાવ્યું છે કે વીનસ એશ્યોરન્સ કંપનીને સાવધાન સમિતિના રીપોર્ટમાં જણાવેલાં કારણો લાગુ પડતાં નથી. આ

જુઠાણું છે કારણકે સાવધાન સમિતિએ રીપોર્ટના અંતે જણાવેલાં તેરે તેર કારણો **આ વીનસ કંપનીની 'મફત' વીમા થાને કોઓપરેટીવ બીનીફીટની** યોજનાને અને બીજી એવી તમામ યોજનાઓને લાગુ પડે છે. અને કદાચ એ કંપનીએ આવી ગરીબોના પરસેવાના પૈસાનું પાણી કરનારી યોજના સૌથી પહેલી શરૂ કરી ન હોત તો હિંદુસ્તાનના ગરીબોના એક કરોડ રૂપિયાનું જે પાણી થવા બેઠું છે તે કદી ન થયું હોત. મહાત્માજી કહે છે તેવી આ "આર્થિક મરકી" ને માટે વીનસ કંપની પહેલે નંબરે જવાબદાર છે અને મહાસભાના "સાલસ" આગેવાનોને નામે તે કંપનીના ૭૦૦૦ "કુશળ અને ચાલાક એજન્ટો" એ હિંદુસ્તાનના ગામેગામ આ મરકીનો ચેપ ફેલાવવામાં જે અગ્ર* ભાગ ભજવ્યો છે તેને માટે મેસર્સ કાશીભાઇ એન્ડ કંપનીનો રાષ્ટ્રપતિ વલ્લભભાઇ અને પૂજ્ય મહાત્માજી ખુલાસો પૂછવાના છે એટલે સાવધાન સમિતિને તે માટે વિશેષ લખવાનું રહેતું નથી.

"પ્રથમથીજ બધી ગણતરી"

મેસર્સ કાશીભાઇ એન્ડ કંપની આજે લખે છે કે "કંપનીએ **પ્રથમથી જ** બધી ગણતરી કરી આ યોજના અમલમાં મૂકી છે." હું તેમને સીધો સવાલ પૂછું છું કે આ બધી ગણતરી જો પ્રથમથી જ થએલી હતી તો ગયા જુન માસના અંતે તેમની કંપનીના મેનેજર મિ. નરસિંહમ સાવધાન સમિતિના સભ્યોને મળ્યા ત્યારે તે રજુ કેમ કરી નહિ? કારણકે તે તૈયાર નહોતી અને સરદારે અને મહાત્માજીએ ભોળા ખેડૂતોને ફસાવવાને માટે તેમણે બિછાવેલી જાળ ઉઘાડી પાડી ત્યારે બધી ગણતરીઓ કરવાની હવે જરૂર જણાઇ છે, પણ હું તેમને એક સીધો પ્રશ્ન પૂછું કે આ ગણતરી કયા એકચ્યુઅરીએ

---

* તા. ૧૭ મી ઓગસ્ટે સરદારે આ કંપનીના મેનેજરને કાંતો વીનસ કંપનીમાંથી કે દિલ્હીની કોંગ્રેસ કમિટીના મંત્રીપદનું રાજીનામું આપવા સૂચના કરી હતી. સરદારને મળ્યા પછી તેમણે પૂજ્ય મહાત્માજીને મળવાનો પ્રોગ્રામ માંડી વાળ્યો હતો.

કરી છે ? કે બે-ચાર વિદ્યાર્થીઓને ભેગા કરી તમારી મેળે ઉપજાવી કાઢી છે ? અને જો સાવધાન સમિતિ હિંદુસ્તાનના ૧૧ એક્ચ્યુઅરીમાંથી સમિતિ પાસે આવેલા ૮ એક્ચ્યૂઅરીના અભિપ્રાયોથી તમારા ડીરેકટરોની ખાત્રી કરી આપે કે તમે ઉભી કરેલી મફત વીમાની યોજના ચાલે તેવી નથી—લોકોને તો તમે ૯૩૮ રૂપિયા ૧૯૩૦ ના ફેબ્રુઆરીમાં વહેંચીને ૧૯૩૧ ના જાનેવારીમાં ૩૦૧ રૂપિયા વહેંચ્યા ત્યારથી જ ખાત્રી થઈ ગઇ છે કે તમારી યોજના છપ્પનીયાની મુડદાં કંપનીની યોજનાની માફક ભાંગી પડવાની છે—તો તમે એ યોજના બંધ કરી દેવા અને પોલિસીહોલ્ડરોએ ભરેલા પૈસા પાછા આપવા યોગ્ય જમાનત આપો છો ?

હિસાબ આપવા પડશે.

મેસર્સ કાશીભાઇ એન્ડ કંપની લખે છે કે "ઘણા વરસ સુધી ગણતરી કરી ખાત્રી કરી છે એટલે રીઝર્વડ ફંડમાંથી જવાબદારીને કંપની પૂરેપૂરી પહોંચી વળશે તેમાં જરા પણ શક નથી." મેસર્સ કાશીભાઇ એન્ડ કંપની પોતે "શક નથી" એમ કહે એથી કોઇને વિશ્વાસ બેસવાનો નથી. મિ. નરસિંહમે સાવધાન સમિતિના સભ્યો સમક્ષ રજુ કરેલાં ૧૯૩૦-૩૧ ના વાર્ષિક સરવૈયામાં ચાર માસ પછી તાજી થયેલી પોલિસીનાં આવેલાં નાણાંમાંથી રૂ. ૩૦૨૩૧-૧૫-૬ કંપની રીઝર્વ ફંડોમાં લઇ ગઇ છે અને એવડી જ રકમ તા. ૨ જી જાનેવારી, ૧૯૩૧ ના પ્રોસ્પેકટસમાં કરેલા સુધારાને અન્વયે મેનેજમેન્ટ ખર્ચમાં લઇ ગઈ છે. તેમ છતાં આવડી મોટી રકમ રીઝર્વ ફંડમાંથી મેનેજમેન્ટ ખર્ચમાં લઇ જવા ઇચ્છનાર મેસર્સ કાશીભાઇ એન્ડ કંપની "દરેક સભ્યનું હિત કંપનીના સંચાલકોના હાથમાં સહીસલામત હોવાની ખાત્રી આપે છે" ત્યારે તે વાંચી હસવું આવે છે. સુધારો ૧૯૩૧ ના જાનેવારીની તા. ૨ જીએ થયો અને તેનો અમલ ૧૯૩૦ ના એપ્રિલની ૧ લી તારીખથી ૧૯૩૧ ના જાનેવારીની ૧ લી તારીખ સુધીનાં આવેલાં નાણાં પર પણ કરી નાંખ્યો !

મેસર્સ કાશીભાઇ એન્ડ કંપનીને સામાન્ય કાયદાનું પણ ભાન હોય તેમ દેખાતું નથી નહિ તો આવી retrospective effect પાછલા હિસાબ પર કદિ કરતે નહિ, કારણ કે મેનેજમેન્ટનો ખર્ચ શરૂઆતમાં નક્કી થયા કરતાં વધારે કદિ પણ થઈ શકે નહિ એમ કાયદો ચોખ્ખા શબ્દોમાં કહે છે.

વીનસના "કુશળ અને ચાલાક એજન્ટો."

તા. ૨૦—૭—૧૯૩૧ ના રોજ પ્રકટ થયેલા અકટોબરથી ડીસેમ્બર, ૧૯૩૦ સુધીના ત્રિમાસિક રીપોર્ટમાં વીનસ કંપનીના મેનેજર મિ. બી. નરસિંહમ જણાવે છે કે:—" જો કે દેશનો સ્વાતંત્ર્ય યજ્ઞ શાન્ત થયો નથી છતાં અમારા કુશળ અને ચાલાક એજન્ટોએ જે કામ કર્યું છે તેનો અમે સહર્ષ સ્વીકાર કરી અંતઃકરણથી અભિનંદન આપીએ છીએ." આ ૭૦૦૦ "કુશળ અને ચાલાક એજન્ટો" એ ૧૯૩૦ ના માર્ચ માસમાં મેમ્બરોની સંખ્યા ૨૩૦૦૦ (આમાં મૂએલાંઓનો પણ સમાવેશ થાય છે) ની હતી તે વધારીને ૧૯૩૧ ના મે માસની આખરે ૭૬૬૫૪ ની કરી છે એટલે કે આગલી સાલ કરતાં આ સાલના કામમાં ૧૫૦ ટકાનો વધારો કર્યો છે! જ્યારે ઓરીએન્ટલ, ભારત, નેશનલ ઓફ કલકત્તા અને એમ્પાયર જેવી અગ્રગણ્ય, સદ્ધર વીમા કંપનીઓના કામમાં વેપાર ધંધાની મંદીને લીધે ૧૫ થી ૨૦ ટકાનો ઘટાડો થયો છે ત્યારે આ નવી ફુટી નીકળેલી વીનસ કંપનીએ આવડો મોટો અસાધારણ વધારો કર્યો તેનું શું કારણ? "વીનસના પ્રતિષ્ઠિત ડાયરેકટરોમાંના મિ. ટી. પ્રકાશમ જેવા દેશભક્ત દેશને ખાતર જેલનિવાસી બન્યા છે તેમજ શ્રી. દાદુભાઇ દેશાઈ જેવા દેશભક્ત હાલ દેશસેવામાં ઝંપલાવી રહ્યા છે" એવી ૧૯૩૦ ના જુન માસની મેસર્સ કાશીભાઈ એન્ડ કંપનીની જાહેર ખબર આનો ખુલાસો પૂરો પાડે છે. મેસર્સ કાશીભાઇ એન્ડ કંપનીએ દિલ્હીવાળા મી. મૂળચંદ હંસલક્ષની પાસેથી વીનસ કંપની ખરીદી છે પણ મિ. હંસલક્ષ પણ જે કૃત્ય કરતાં અચકાયા

હોત તે મેસર્સ કાશીભાઇએ કરી બતાવ્યું છે એ જોઇને કોને દિલ-ગીરી નહિ થાય ?

મેસર્સ કાશીભાઇ એન્ડ કંપની ' સંદેશ ' ના તા. ૫–૮–૩૧ ના અંકની જાહેર ખબરમાં લખે છે કે તેમની કંપનીમાં " પોલિસી રદ થતી નથી. " જો આ વાક્ય જમણા હાથના ચોકઠાવાળી કો–ઓપરેટીવ બેનીફીટ સ્કીમ યાને મફત વીમાની યોજનાને ઉદ્દેશીને હોય તો તા. ૨૮–૨–'૩૧ ના રોજ પ્રસિદ્ધ થયેલા જુલાઇથી સપ્ટેમ્બર, ૧૯૩૦ ના ત્રિમાસિક રીપોર્ટ પ્રમાણે કુલ ત્રણ માસમાં મરણની સંખ્યા ૧૨૧ ની હતી તેમાંથી ૭૧ ના દાવા કંપનીએ સ્વીકાર્યા, ૭ ના દાવા છ માસની અંદર મરી જવાથી રદ થયા અને ૪૩ ના દાવા ૧૯૨૯, ડીસેમ્બરમાં પ્રસિદ્ધ થયેલા પ્રોસ્પેકટસની કલમ ૧૪ પ્રમાણે એટલે કે નોટિસ મળ્યા બાદ એક માસમાં કોલ નહિ ભરાવાથી પોલિસી રદ થવાને કારણે રદ કર્યા. ૧૨૧ માંથી ૪૩ એટલે કે ૩૬ ટકા દાવા પોલિસી રદ થવાને કારણે રદ કર્યા પછી મેસર્સ કાશીભાઇ એન્ડ કંપની જાહેર ખબર છપાવે છે કે " પોલિસી રદ થતી નથી ! " સરદાર કહે છે કે કેટલાક સ્વાર્થી માણસોએ અજ્ઞાન ખેડૂતોને ફસાવવા જાળ બિછાવી છે તેનો આ નમૂનો છે અને આથી જ સરદાર આવી જાહેર ખબરો છાપવી એ પાપ છે એમ જણાવે છે.

વીનસ માટે સરકારી એકચ્યૂઅરી શું કહે છે ?

વીનસ કંપનીના ૧૯૨૮-૨૯ ના વહીવટ પર સરકારી એકચ્યૂઅરી મિ. માઇકલ તા. ૧૭ માર્ચ, ૧૯૩૦ ના રોજ ટીકા કરતાં ઈન્સ્યુરન્સ બ્લુ બુકમાં લખે છે કે વીનસ અને બીજી ૫-૬ કંપનીઓએ પહેલી સાલના પ્રિમીયમોના ૯૦ ટકા અને તે ઉપરાંત ચાલુ પ્રિમીયમોના ૫૦ ટકાથી વધારે પૈસા ખર્ચમાં ઉડાવી નાંખ્યા છે અને કેટલુંક ખર્ચ જે હજુ જમા પાસામાં (!) આ કંપનીઓએ બતાવ્યું છે તે જતું કરીએ તોપણ જે ઉડાઉ રીતે આવી કંપનીઓ કામ કરી રહી છે તે જોતાં તેમનું ખર્ચ કમી ન થાય તો વહેલું

મોડું તેમનું દેવાળું ફૂંકાવાનું છે!! પ્રીમીઅમની આવકના કુલે ૭૭ ટકા વીનસ કંપનીએ ૧૯૨૯ ની સાલમાં અને ૮૨ ટકા ૧૯૩૦ ની સાલમાં ખર્ચી નાંખ્યા છે એટલે કે વીમાનું કામ શરૂ કર્યા પછી પાંચે વરસે તેની આ સ્થિતિ છે. આમાં કાંઈ મહત્વનો સુધારો કે ફેરફાર થયો હોય તેવાં કાંઇ પણ ચિન્હ નજરે પડતાં નથી. મેરેજ ઇન્સ્યુરન્સ (લગ્નના વીમા)ની યોજનામાં વીનસ કંપનીએ દસ વર્ષ ધંધો કર્યા બાદ રૂ. ૪૪૬૯૦ નું પાણી કર્યું છે, એ વીનસનું પરાક્રમ ક્યાં અજાણ્યું છે?

ગુજરાત પોપ્યુલર.

શ્રી. રામકૃષ્ણ પ્રેસ (નડીઆદ) માં છપાયેલા હેન્ડબિલમાં ગુજરાત પોપ્યુલર કંપની જાહેર કરે છે કેઃ

"શ્રી. વીઠ્ઠલભાઇ પટેલ, મોતીલાલ નહેરૂ તથા સરદાર વલ્લભભાઇનું શું કહેવું છે? "સ્વદેશી વ્રત" લો. તો પછી દરેક હિંદીની ફરજ છે કે તેણે... સ્વદેશી વીમા કંપનીમાં જ વીમા ઉતરાવવા જોઇએ... આજ કારણે હિન્દીઓ હવે ગુજરાત પોપ્યુલર ઇન્સ્યુરન્સ સોસાયટીમાં પોતાના વીમા ઉતરાવે છે."

શ્રી. વિઠ્ઠલભાઈ પટેલ નાદુરસ્ત તબિયતને અંગે પરદેશમાં છે, પંડિત મોતીલાલ નહેરૂ સ્વર્ગમાં બિરાજે છે પણ સરદાર વલ્લભભાઇનું ગુજરાત પોપ્યુલર જેવી 'મફત' વીમા કંપનીઓ માટે શું કહેવું છે તે "સ્વદેશીની પવિત્ર ભાવનાને વટાવી ખાનારા" આ "સ્વાર્થી અને દેશદ્રોહી" એજન્ટો બરોબર જાણે છે. હું સ્વદેશીને નામે ભોળા ખેડૂતોને જાળમાં ફસાવનારા અને ધોળે દહાડે ગરીબોના પૈસાની પાયમાલી કરનારા આ અને તેમના જેવા "સ્વદેશી ઠગો" ને જણાવું છું કે સરદાર અને મહાત્માજીના સંદેશાને તેઓ આ પ્રમાણે જ પ્રસિદ્ધિ આપી તેમના મેમ્બરોમાં ફેલાવે અને તે મહાન પુરૂષોનો સંદેશો સમજવામાં ગેરસમજ થઈ છે એમ જાહેર પ્રજા પાસે એકરાર કરી પોતાની ભૂલને માટે ક્ષમા માગે, નહિ તો તેમણે જાણી બુજીને આ કૃત્ય કર્યું છે એમ પૂરવાર થશે.

"જંતુવિનાશક" નોટિસ.

ડૉકટરો કહે છે કે મરકી (પ્લેગ) નાં જંતુઓ ફેલાવનાર ઉંદરો છે. તેમને જંતુરહિત (disinfect) કરવા માટે દવા આપવી જોઈએ જેથી તેમના પેટમાં જેટલાં જંતુઓ ભરાયાં હોય તે તમામનો નાશ થાય. અને ભૂલેચૂકે એક પણ જંતુ આમાંથી રહી જાય તો આગળ જતાં બીજાં જંતુઓ પેદા થાય અને રોગ વધારે ઉગ્ર સ્વરૂપમાં ફાટી નીકળે, એવો તેમનો અભિપ્રાય છે.

મહાત્માજી કહે છે કે ૩૦ વરસ પર જે "આર્થિક મરકી" ફાટી નીકળી હતી તે આજે ફરીથી ઉગ્ર સ્વરૂપમાં ફાટી નીકળી છે અને તે રાફડાની માફક ઉભરાઈ નીકળેલી મફત વીમા કંપનીઓ છે. આ "આર્થિક મરકી" ના જંતુઓ ફેલાવનાર ઉંદરો તે આ કંપનીઓના એજન્ટો યાને દલાલો છે અને તેઓ હિંદુસ્તાનના ગામેગામ એજન્સીઓ રાખી આ મરકીના ચેપને અજ્ઞાન અને ગરીબ જનતામાં ફેલાવે છે. આ "આર્થિક મરકી" નાં જંતુઓ તે 'અર્થ' એટલે રૂપિયા છે અને તે આ દલાલ રૂપી ઉંદરોએ કમિશન તરીકે યા બીજી ગુન્હાહિત રીતે પોતાના પેટમાં ભર્યાં છે. આ રૂપિયા રૂપી જંતુઓનો તેમના પેટમાંથી નાશ કરવાને માટે જંતુવિનાશક દવા તે આ નોટિસ છે અને તે બજાવવાથી તેમના પેટમાં ખળભળાટ થઈ જાય છે. આ દવાથી ઘણાં જંતુઓનો નાશ થશે અને જે થોડાં ઘણાં બાકી રહેશે તેને માટે વધારે જલદ દવા તૈયાર થાય છે; માટે આ "આર્થિક મરકી" નો ફેલાવો અટકાવવા માટે સૌ ભાઇઓ અને બહેનોએ આ દવાનો ખૂબ છૂટથી ઉપયોગ કરવો. દવા પાસે તૈયાર ન હોય તો મને લખી જણાવવાથી નોટિસનો મુસદ્દો મોકલી આપવામાં આવશે.

એ પણ ચોક્કસ છે કે આ રોગ પાછો ફરીથી ફાટી ન નીકળે તે માટે આ દલાલરૂપી ઉંદરો ('દલાલ' શબ્દમાં મેનેજીંગ

એજન્ટો પણ આવી જ જાય છે) ના પેટમાં એક પણ જંતુ યાને ગરીબનો રૂપિયો ન રહેવો જોઇએ, નહિ તો ભવિષ્યમાં એ એક જંતુના અનેક જંતુ થાય અને રોગચાળો વધારે ભયંકર સ્વરૂપમાં ફાટી નીકળે એવો નામાંકિત ડોકટરોનો અભિપ્રાય છે. અર્થશાસ્ત્રના ડોકટરો પણ એ જ અભિપ્રાય ધરાવે છે કે આ દલાલોના પેટમાં ગરીબોનો એક પણ રૂપિયો જો રહી ગયો તો તેઓ ભવિષ્યમાં ફરી પાછા એવો ધંધો કરવા લલચાશે અને 'મરકી' વધારે ઉગ્ર સ્વરૂપમાં ફાટી નીકળશે. આથી જાહેરની સલામતીને ખાતર તેમને પૂરેપૂરા જંતુરહિત (disinfect) કરવા એ આપણી પવિત્ર ફરજ છે અને એ માટે સૌથી પ્રથમ આ મરકીના ઉંદરોને ઓળખવાની જરૂર છે. જેમ મરકીનો ઉંદર ધોળો હોય છે તેમ આ ઉંદરોમાંના ઘણાખરા ધોળાં કપડાં પહેરી ફરે છે. તેમના હાથમાં બેગ કે ઝોળી હોય છે અને તેમાં પ્રોસ્પેકટસો, જાહેરખબરો, અરજીના ફારમો વગેરે ભર્યાં હોય છે અને રૂપિયા ભરવા માટે ખિસામાં પાકીટ હોય છે. સાજા માંદા માણસો અને ડોસા–ડોસીઓ જેઓ થોડા રૂપિયા ભરી મોટી રકમો મેળવવાના લાલચુ હોય છે તેમની પાસે આ ઉંદરો પહેલા જાય છે કારણકે બીજાના ખિસામાંથી પોતાના ખિસામાં પૈસો ખેંચવાની વૃત્તિવાળા મનુષ્યો પર આ રોગ જલદી હુમલો કરે છે. આ ઉંદરોને જંતુરહિત કરવાના પુણ્ય કાર્યમાં જેમણે મદદ કરવાની ઇચ્છા હોય તેમણે એ ઉંદરોનો ભૂતકાળનો ઇતિહાસ (past history), હાલની રોગની સ્થિતિ, હાલની તેમની પ્રવૃત્તિ એ તમામ હકીકત મને લખી મોકલવી.

યુનિવર્સલ મ્યુચ્યુઅલ એઇડ એન્ડ પુઅર હાઉસીસ એસોસિયેશન, મદ્રાસ.

મદ્રાસમાંથી આ કંપનીના ડાયરેકટર મી. નગન્નાએ મને એ કંપનીનું તમામ સાહિત્ય, એજન્ટ થવાની શરતો સાથે મોકલી આપી મારા દિલમાં આશા પૂરી છે.

આ કંપનીએ દશ દશ રૂપિયાના ૧૦ લાખ ડોનેશન બોન્ડ કાઢયાં છે અને ૧૦૦–૧૦૦ રૂપિયાના ૧૨ લાખ ડોનેશન સર્ટીફીકેટ કાઢયાં છે. કંપનીની પગાર થયેલી મૂડી માત્ર ૪૦૦૦૦ રૂપિયા છે અને બોન્ડ અને સર્ટીફીકેટમાંથી તા. ૧–૭–'૩૧ સુધીમાં રૂા. ૬ લાખ ઉપરાંત એકઠા કર્યા છે. દશ લાખ બોન્ડ વેચાય તો દશ રૂપિયા બોન્ડની કિંમત અને અઢી રૂપિયા દાખલ ફીના મળી જે સવા કરોડ રૂપિયા આવે તેમાંથી એક કરોડ રૂપિયા ૭ ટકાને વ્યાજે ધીરે અને માત્ર ૨૫ લાખ રૂપિઆ આ "પવિત્ર કામ" કરનારા દલાલો અને ઓર્ગેનાઇઝરો ખર્ચ પેટે ખિસ્સામાં મૂકે. એક કરોડ રૂપિયાનું વાર્ષિક ૬ લાખ રૂપિયા વ્યાજ આવે તેમાંથી ૫ લાખ રૂપિયાના ૧૦ લાખ મેમ્બરોમાંથી ૧૦૪૪૮ મેમ્બરોને ઇનામ વહેંચવામાં આવે અને ૧ લાખ રૂપિયાની લૂલા લંગડાને કાંજી પાવામાં આવે કે ખોડાં ઢોરોને ઘાસ નાંખવામાં આવે. તમે કહેશો કે કેવું પવિત્ર કામ!

હવે ધારો કે તમારા તાલુકામાં ૨૦૦૦ બોન્ડ પૂરેપૂરા ખપ્યા. તો એ ખપાવનાર દલાલને બોન્ડ દીઠ રૂા. પોણા બે લેખે રૂા. ૩૫૦૦ કમિશનના પડયા અને માસિક રૂા. ૬૦ ના પગાર લેખે રૂા. ૭૨૦) ખર્ચના પડયા. એ ૨૦૦૦ બોન્ડના રૂા. ૨૦૦૦૦) ગુજરાતના ડીરેક્ટરોની સલાહકારક કમિટી (Advisory Board) પોતાને યોગ્ય લાગે તે રીતે ૬ ટકાની તેરીખે વ્યાજે મૂકે. તેના વ્યાજના વર્ષે જે રૂા. ૧૨૦૦) આવે તેમાંથી રૂા. ૨૦૦) ખોડા માણસો અને ઢોરોની પાંજરાપોળમાં ખર્ચાય અને તે બદલ આ "પવિત્ર કામ" કરનાર દલાલ માત્ર રૂા. ૪૨૨૦) ખિસ્સામાં મૂકે અને ઓર્ગેનાઇઝર અને મેનેજીંગ ડિરેક્ટર પણ સમસ્ત હિંદુસ્તાનમાંથી મોટી રકમ પામે. હું આ "પવિત્ર કામ" શરૂ કરનારાઓને પૂછું છું કે તમે આ પાંજરાપોળો કોને માટે ઉઘાડી છે– ખોડાં ઢોરો અને માણસોને માટે કે તમારા દલાલો માટે? શરૂઆતમાં આવી યોજનાઓ ઘડનારાઓ બધા પૈસાનો વહિવટ પોતે કરતા

હોવાથી તેમનો પરપ્રાન્તના લોકોને વિશ્વાસ બેઠો નહિ એથી હવે પ્રાન્તદીઠ અને તાલુકાદીઠ આવી બોર્ડો ઉભી કરી તેમને તેમની ઇચ્છા પ્રમાણે પૈસા રોકવાની લાલચ આપી પૂરી રકમ નહિ તો દાખલ ફી જેટલી રકમ ખેંચી જવાની આ તરકીબ શોધી કાઢી છે. નહિ તો શું હિંદુસ્તાનમાં સમાજસેવકોની એવી ખોટ પડી ગઈ છે કે ૩૩૦૦ રૂપીયા લૂલા—લંગડા માટે એકઠા કરવા માટે રૂ. ૪૫૦૦) દલાલોને ખવડાવવા પડે ?

મી. નગન્ના જાણે છે કે આ પવિત્ર ભાવનાવાળી આર્યભૂમિમાં એવી ખોટ કદિયે પડી નથી પણ તેમના શબ્દોમાં કહું તો "જ્યારે તમારા તાલુકાના લોકો તેમની નજર આગળ ગરીબોને અન્ન અપાતું જોશે અને કેટલાકને ઇનામો અને લોનો અપાતી જોશે તો તમારી જરાયે મહેનત વિના તેઓ મોટી સંખ્યામાં આ બોન્ડો અને સર્ટીફીકેટો ખરીદશે અને તમને મોટી રકમ કમિશન તરીકે મળશે." આ બધી હકીકત તેમણે મને એજન્ટ થવાને લલચાવવા માટે લખી છે અને તે જાહેર માટે નથી એટલે તમે તે ખાનગી રાખજો. સહેજ પણ બુદ્ધિ હોય તે સમજી જશે કે આ બધી તાલમબાજી સોયનું દાન કરી એરણની ચોરી કરવા માટે છે.

મી. નગન્નાએ મને જણાવવા કૃપા કરી છે કે એકઠા થયેલા ૬ લાખ રૂપિયામાંથી ૧ લાખ ઈનામોમાં વહેંચ્યા છે, ૨ લાખ સરકારી સીક્યોરિટી અને બેન્કોમાં રોકયા છે અને ૩ લાખ સર્ટીફીકેટ અને બોન્ડ ખરીદનારાઓને મિલ્કત પર ધીર્યા છે! જેમને આવડી મોટી રકમ ધીરી છે તેમનાં નામોની યાદી પણ મને બીડી છે અને તે ખાનગી હોવાથી હું એટલું જ જણાવી શકું કે તેમાંનો મોટો ભાગ આન્ધ્ર અને તામીલ નાડનો છે અને મોટા મોટા સરકારી અમલદારો, વકીલો, બેરિસ્ટરો અને જમીનદારોએ કરજે નાણાં લીધાં છે. ૧૯૩૧ ના તા. ૩ જી માર્ચના રોજ ખેંચાયલા ડ્રોઈંગમાં ૧,૧૫,૬૦૦ માંથી ૩૧૩ મેમ્બર ઇનામ મેળવવા ભાગ્યશાળી

થયા છે અને એમાંથી ૬૫ મુંબઇ ઇલાકાના છે. આ પ્રમાણે જોતાં પાંચમા ભાગના મેમ્બરો મુંબઇ ઈલાકાના છે છતાં મિલ્કત પર બધી ધીરધાર મદ્રાસ ઇલાકામાં જ થઇ છે. મી. નગન્ના એમ તો નથી જ માનતા કે મિલ્કતવાળા માણસો માત્ર મદ્રાસ ઈલાકામાં જ વસે છે અને મુંબઈ, બંગાળા, આસામવાળા મેમ્બરો મિલ્કત વિનાના છે? તો પછી આ બધી ધીરધાર મદ્રાસ ઇલાકામાં જ શા માટે? શું મુંબઇ ઈલાકાના મેમ્બરોને પૈસાની જરૂર નથી? આ ૩ લાખ રૂપિયામાંથી ૨,૭૭,૧૦૦ રૂપિયા મુખ્યત્વે આન્ધ્ર અને તામીલ નાડમાં વહેંચ્યા તો ડો. મોહનનાથ દીક્ષિત અને રા. બ. ભીમભાઈ નાયકે ગુજરાતમાં કેટલા વહેંચાવ્યા? આ રકમ તેઓ જાહેર કરે તો બોન્ડ ભરનારાઓ જે તેમના નામે ફસાયા છે તેમને કંઇક સધિયારો મળે.

વર્કર્સ એન્ડ પેઝન્ટ્સ બેંકિંગ એન્ડ પ્રોવિડન્ટ એશ્યુરન્સ સોસાયટી–મુંબઈ.

આ કંપનીએ મદ્રાસવાળી ઉપરની કંપનીનું અનુકરણ કર્યું છે અને “પાંજરા પોળ” ને બદલે છેલ્લી ફેશનનો “સ્વરાજ” શબ્દ દાખલ કર્યો છે. તેઓ તેમના બોન્ડને “સ્વરાજ બોન્ડ” કહે છે પણ મહાત્માજી જેને સ્વરાજ કહે છે તેને અને તેમની આ પેટ ભરવાની તાલમબાજ યોજના વચ્ચે કોઇ પણ જાતનો સંબંધ નથી.

[લેખાંક ૯ મો: તા. ૧૪–૮–૩૧.]

“મ્હાતારી, તુમચા વીમા ઘેતલા કાય?”

વાલોડથી ભાઇ સન્મુખલાલ ગોવર્ધનદાસ લખે છે કે: “આ વિભાગમાં એ ‘મફત વીમા’ નામધારી, લેભાગુ કંપનીઓવાળા ઝાઝા ફાવ્યા નથી. એ કંપનીઓની ડેથકોલની યોજના વાંચીને જ હું વિસ્મય થયો હતો. ડેથકોલ (ઉર્ફે લૂગડાં ઉતારીને વાંચજો) નો કાગળ આવે કે તેરમાનો રૂપીઓ પોલિસીહોલ્ડરોએ મોકલી આપવાની યોજના કદાચ કોઈ ફરમાસુ ભેજામાંથી ઉત્પન્ન થઇ હશે.

અમારી મઢીની દુકાનની પડોશમાં એક આબકારી ઇન્સ્પેક્ટર રહે છે. તેઓ દક્ષિણી છે. તેમનાં માજી જેઓ કમ્મરમાંથી તદ્દન વળી જવાથી કાટખૂણાના આકારે ચાલે છે, તેમના મિત્રે તેમનાં માજીનો વીમો આગ્રહ કરીને ઉતરાવ્યો છે, એ વાત સાંભળી ત્યારથી પેલાં વાકાં વળીને મૃત્યુની શોધ કરતાં જાણે ચાલતાં હોય તેવાં ડોશીમાને જોઇ હસી જવાય છે. મેં એક દિવસ તેમને પૂછ્યું, "મ્હાતારી, તુમચા વીમા ઘેતલા કાય?" મ્હાતારી મ્હણાલી: "વીમા કસલા? માલા કાય ઠાઉક નાહીં." આવા કંઇયે ખડખડપાંચેમને ખબર પણ ન હશે કે અમારો વીમો ઉતારવામાં આવ્યો છે."

વર્કર્સ એન્ડ પેઝન્ટસ બેંકિંગ એન્ડ પ્રોવિ. એશ્યો.

આ કંપનીએ દશ દશ રૂપીઆના સ્વરાજ બોન્ડ કાઢ્યા છે અને દશ લાખ બોન્ડના એક કરોડ રૂપીઆ એકઠા કરી તેના વ્યાજમાંથી ૧૪૬૩ મેમ્બરને માસિક બોનસો વહેંચે છે. આ બોન્ડની પૂરેપૂરી કિંમત ૧૩ રૂપિયા છે પણ બોન્ડ દીઠ ૩ રૂપિયા દલાલોના કમિશન વગેરે ખર્ચમાં જાય છે. એક કરોડની એક સીરીઝ એવી બાર કરોડની બાર સીરીઝ આ કંપનીએ કાઢી છે અને પોતાના ઉદ્દેશ તરીકે ગામેગામ ચોઢાયેલા દિવાલપત્રમાં જણાવે છે કે:

"સ્વરાજ બોન્ડ ખરીદો

અને રક્તપાત કર્યા વિના

પૂર્ણ સ્વાતંત્ર્ય મેળવો!"

આ "પવિત્ર" ઉદ્દેશને માટે કંપનીએ ૧૨ કરોડ રૂપિયા એકઠા કરવા ધાર્યા છે; જેથી "મજૂરો અને ખેડૂતોનું સુદઢ સંગઠન કરવામાં મદદ આપીને સ્વરાજને નજીક આણી" શકાય. હું નથી માનતો કે મહાત્માજીને "સ્વરાજ નજીક આણવા" ને માટે આ કંપની આવો ભગીરથ પ્રયત્ન કરી રહી છે અને ૧૨ કરોડનું ફંડ

જમા કરી રહી છે તેની ખબર હોય; છતાં આ ઉદ્દેશને નામે તેમણે જે પૈસા અત્યારસુધીમાં એકઠા કર્યા હોય તે બદલ તેમને ધન્યવાદ આપી મુંબઈની પ્રાંતિક સમિતિના પ્રમુખ વીર નરીમાન તેનો વહિવટ લઈ લે એમ હું ઇચ્છું છું અને સ્વરાજને ખાતર ૧૨ કરોડ એકઠા કરવામાં તેમણે જે ૩ કરોડ ને ૬૦ લાખ રૂપીઆ કમીશન તરીકે રાખ્યા છે તેમાંથી એકઠી થયેલી રકમ લોકોને પાછી અપાવી દે કારણકે સ્વરાજને ખાતર ફંડ એકઠું કરવા માટે દલાલી કે કમિશન લેવાનો રિવાજ નથી, એ વાતનું ૧૨ કરોડ રૂપિયા એકઠા કરવા જતાં વિસ્મરણ થઇ ગયું છે.

આ કંપનીએ "નિર્દય, રાક્ષસી વૃત્તિના શ્રીમંતો, શરાફો, મારવાડીઓ, પઠાણોની જાળમાં સપડાએલા" દુઃખી જીવોને રૂ. ૧૦૦) થી રૂ. ૧૦૦૦) સુધીની સેંકડે ૩ ટકા વ્યાજે લોન આપવાનું કાર્ય પણ ઉપાડી લીધું છે. ૧૫-૧૫ રૂપિયા ભરનાર દસ જણ મળે એટલે કંપની પહેલા નંબરને ભેગા થયેલા રૂા. ૧૫૦ માંથી રૂા. ૧૦૦ માત્ર ત્રણ ટકાના વ્યાજે મિલ્કત-દાગીના કે વીમાની પોલિસી પર ધીરે છે. બાકી વધેલી રૂા. ૫૦ ની રકમ કંપની પાસે દેખીતી રીતે "સ્વરાજ નજીક આણવા" માટે રહે છે. માટે આ રકમોનો વહીવટ પણ વીર નરીમાન સંભાળી લે એવી મારી તેમને વિનંતિ છે.

અને જો કંપનીવાળા એમ કહે કે ૧૨ કરોડ રૂપિયા ભેગા થાય ત્યાં સુધી બધો વહિવટ પોતે જ કરવા માગે છે તો તેમને કાયદાની સમજ પાડો કારણકે "પ્રિમિયમ ભર્યા વિના, ડેથકોલ ભર્યા વિના, ડાકટરી તપાસ વિના ૬૦૦૦ રૂપીઆનો ફ્રી એન્ડાઉમેન્ટ વીમો મેળવો અથવા ૬,૦૦,૦૦૦ રૂપીઆ સુધીની રકમ કમાવી લ્યો" એવી મોટી મોટી જબરદસ્ત લાલચો આપવાથી સ્વરાજ કદી પાસે ન આવે.

આ કંપનીએ "મુંબઈ અને પરામાં મોટી પાયરીથી બંદરના

ભાવે સસ્તું અનાજ આપવાની દુકાનો ખોલી છે" અને એનો "એક મહિનામાં ૨૫૦૦૦ ઉપરાંત કુટુંબે" લાભ લીધો છે, આ કામ ઘણું જ સરસ છે પણ સાથે સાથે આ કંપનીએ આ ૨૫૦૦૦ કુટુમ્બમાંથી કોઇને હપ્તે હપ્તે રૂપીઆ ભરવાના કહી સ્વરાજ બોન્ડ વળગાડયા હોય તો તેનો હિસાબ પણ કંપની આપી દે, નહિ તો કોંગ્રેસ તપાસ શરૂ કરશે, ત્યારે કંપનીની ફજેતી થશે.

દરમ્યાન લોકો સમજી લે કે સ્વરાજપ્રાપ્તિ અને આ કંપનીના સ્વરાજ બોન્ડ વચ્ચે કોઈ પણ જાતનો સંબંધ નથી અને મુંબઇની પ્રાન્તિક સમિતિ આ બાબતમાં જાહેર પ્રજાને વેળાસર ચેતવણી આપે એવી તેના અધિકારીઓને વિનંતિ કરૂં છું અને કંપનીને મારા પરની નોટિસનો આ તેને જવાબ છે એની નોંધ લેવા જણાવું છું.

[લેખાંક ૧૦ મો : તા. ૨૧-૮-૩૧.]

ધી નેશનલ આર્ટ એકઝીબીશન કં. લી. વડોદરા.

આ કંપની તા. ૨૦ મીથી તા. ૩૧ મી ઓકટોબર ૧૯૩૧ ના દિવસોમાં વડોદરા ખાતે સ્વદેશી હુન્નર ઉદ્યોગનું પ્રદર્શન ભરવાની છે અને તે પ્રદર્શન કાયમને માટે રાખી તેમાંની વસ્તુઓ મેમ્બરને પડતર કિંમતે આપવાની છે. તમે કહેશો કે આને અને 'મફત' વીમાને શો સંબંધ ?

"નજીવા દરે મળતો લાભ ક્યાં મેળવશો ? ફકત રોજના બે જ પૈસા બચાવવામાં મળતો લાભ કાં ગુમાવો ? હિંદુસ્તાનના નાના મોટા દરેક શહેરોમાં એજન્ટો મોટા પગારથી અથવા કમિશનથી જોઈએ છે."

સ્વદેશી હુન્નર ઉદ્યોગનું પ્રદર્શન કરનારી કંપનીને મોટા પગારવાળા એજન્ટોની શી જરૂર ? દાખલ ફી રૂા. ૫ અને માસિક ફી રૂા. ૧ ભરનાર મેમ્બરને મરણ થતાં કે ૧૨ વરસે મુક્ત થતાં

"તે માસની એકઠી થયેલી કુલ માસિક ફીની રકમમાંથી સેંકડે ૬૦ ટકા સરખે હિસ્સે વહેંચી આપવામાં આવશે." બાકીના ૪૦ ટકાનું શું થશે એ કંપની જણાવતી નથી, પણ તે સહેજે સમજી શકાય તેમ છે. દાખલ ફીની શી વ્યવસ્થા થશે, તે પણ સમજાય તેમ છે. આ કંપની વીમાના કાયદા મુજબ રજીસ્ટર થઈ છે કે નહિ તેની વડોદરા રાજ્યના કંપની અધિકારી તપાસ કરે તેમ ઈચ્છું છું અને જો ન થઇ હોય તો તેની સામે કાયદેસર પગલાં લે જેથી એવા આર્ટનું એકઝીબીશન કરનારાઓને ધડો મળે. કંપનીના મેનેજીંગ એજન્ટસ મેસર્સ મહેતા શેઠવાળા એન્ડ કંપની, માંડવી રોડ, વડોદરા છે.

અમદાવાદની ધી ગ્રાન્ડ ઈન્ડીઅન ઈન્શ્યુરન્સ કંપનીની "વધામણી."

"સુરત જીલ્લા, ભરૂચ જીલ્લા, રાજપીપળા સ્ટેટ તથા નવસારી પ્રાંતની ચીફ એજન્સી ઓફિસની શુભ શરૂઆત આવતા અઠવાડીઆમાં હોવાથી પ્રથમ "એકસો અરજી" તદ્દન મફત દાખલ ફી શિવાય લેવામાં આવશે. દાખલ ફી રૂા. ૫-૮-૦ વહેલો તે પહેલો. માસિક ફી રૂા. ૧. મળો મેસર્સ ડી. પટેલ એન્ડ કં. છક્કાપીર કણપીઠ–સુરત."

ઉપરની જાહેર ખબર સુરતના 'ગુજરાત' પેપરમાં મે માસની આશરે ૧૫ મી તારીખે પ્રકટ થઇ છે અને તે આવી 'મફત' વીમા કંપનીઓ નવા મેમ્બરો મેળવવા કેટલી હદ સુધી જાય છે તેના ઉદાહરણ તરીકે રજુ કરી છે.

મને ખબર મળી છે કે કેટલીક કંપનીઓએ ત્રણ કે છ માસની મુદત વીત્યા પહેલાં વસો, સોજીત્રા, ભાદરણ, પેટલાદ, ખંભાત વગેરે ગામોમાં મરનારના વારસને ઘેર બેઠે પૈસા ચૂકવ્યા છે અને એની ખુશાલીમાં ૪૦૦–૫૦૦ મેમ્બરો તેને તેજ દિવસે તે ગામમાંથી નવા નોંધ્યા છે. આવા દષ્ટાંતોની જેમને ખબર હોય તેમણે તમામ વિગત

સાથે મને તે લખી જણાવવાં જેથી લોભીયાને ફસાવનાર આવી ધૂતારા કંપનીઓની ફરેબ–બાજી ખુલ્લી થાય.

ધી ન્યૂ બોમ્બે બેન્કિંગ કોરપોરેશન, મુંબઈ.

આ કંપનીના જાનેવારી માસના મેમ્બરો પાસેથી તા. ૨૫ મી જુન સુધીમાં રૂ. ૫૦૩૩ એકઠા થયા છે અને તેમાંથી ૧૦ ટકા ઉઘરાણુ ખર્ચ, દસ ટકા મેનેજમેન્ટ ખર્ચ અને ૧૦ ટકા રીઝર્વ ફંડના કાપી બાકી વધેલા રૂ. ૩૫૨૦) ૨૨ મરનારના વારસોને રૂ. ૧૬૦) લેખે વહેંચી આપ્યા છે. આ કંપનીએ ૧૯૩૦ ના એપ્રિલમાં રૂ. ૫૦૦) ચૂકવ્યા, મે માં રૂ. ૪૩૮–૮–૦ ચૂકવ્યા, સપ્ટેમ્બરમાં રૂ. ૨૮૮ ચૂકવ્યા, ઓકટોબરમાં રૂ. ૨૫૦ ચૂકવ્યા, ડીસેમ્બરમાં રૂ. ૨૦૧) ચૂકવ્યા અને જાનેવારી, ૧૯૩૧ માં રૂ. ૧૬૦) ચૂકવ્યા. કયાં રૂ. ૫૦૦) ને ક્યાં રૂ. ૧૬૦ ? લગભગ ૫૦૦૦૦) ચાલુ મેમ્બરોમાંથી ૨૨ જાનેવારી માસમાં મરણ પામ્યા એટલે કે હજારે ૪ ઉપરાંત મરણ પ્રમાણ આ કંપનીનું આવ્યું છે ! એટલે કે ત્રણગણું આવ્યું છે !

ગુડલક કંપનીને મારૂં જાહેર ચેલેન્જ છે કે તેમની પ્રકટ થયેલી નવી યોજનાને મી. વૈદ્યનાથન કે મી. માધવાની સંમતિ મળી છે તે વાત ખરી હોય તો તેમની તે યોજનાની નીચેની સહી રજુ કરે, નહિ તો વહેંચણીના ધોરણની ૧૦ મી કલમ કાઢી નાંખી એ બન્ને એકચ્યુઅરીઓની માફી માગે. તમારી છાપેલી નવી યોજના જે એકચ્યુઅરીના નામે તમે પ્રસિદ્ધ કરો છો તે તેમને બતાવવામાં તમારી "સ્મરણશક્તિ લુપ્ત થઇ ગઇ" એમ તમે જણાવો છો એ શું બતાવે છે ?

સેંકડે એક ટકા વ્યાજે લોન !

લુધિયાના (પંજાબ) ની સી. એસ. ઘેઇ એન્ડ કંપનીએ પીરકાંઠી, ભરૂચમાં પધારી "નાણાંની ભીડથી દુઃખી થતા સજ્જનોને ખુશખબર આપી છે " કે ગરીબોનું દુઃખ ટાળવાને માટે તેમણે વરસે સેંકડે એક ટકાના વ્યાજે રૂ. ૫૦ થી રૂ. ૫૦૦૦ સુધી

ધીરવાની કંપની ખોલી છે. રૂા. ૧૦૦ ની લોન લેનારને કુલ રૂા. ૧૧ ભરવા પડે છે અને રૂા. ૧૧ ભરનારા બીજા બે પક્કા ઘરાક (Secondaries) લાવી આપવા પડે છે અને આ બે પક્કા ઘરાક બીજા ચાર ઘરાક લાવી આપે ત્યારે કંપની પહેલાને લોન આપે એટલે કે ૭ જણુ કંપનીને રૂા. ૭૭ ગણી આપે ત્યારે કંપની રૂા. ૧૦૦ લોન આપે. જો કંપનીને ગરીબોને કરજમાંથી બચાવવા જ હોય તો આ ૭૭ રૂપિયા પહેલેથી લેવાની શી જરૂર છે? દાખલ ફીના રૂપિયા ૧૭ કરજ આપતી વખતે રૂા. ૧૦૦ ની રકમમાંથી કાપી લે અને માસિક હપ્તાના રૂા. ૩ પણ કાપી લે, અને બાકીના રૂા. ૮૬ એક ટકા વ્યાજે આપે. પણ કંપની એ પ્રમાણે કરવા હરગીજ તૈયાર નહિ થાય, કારણકે પરસ્પર સહાયતાના ધોરણ પર એમની યોજના સ્થપાઇ છે એટલે કે મી. એસ. કે દુબે ૧૧ રૂપિયામાંથી ૫ રૂપિયા દરેક ઉમેદવાર દીઠ દાખલ ફીના પોતાના ખિસામાં મૂકવા માગે છે અને થોડા ઘણાઓને લોનો આપી વધારે માણસોને ફસાવવા માગે છે. અમદાવાદ અને ખેડા જીલ્લામાં આવી પાંચ લોન કંપનીઓ પર કેસ ચાલે છે. ભરૂચ જીલ્લામાં એકે કેસ નથી. તેની તૈયારી કરાવવી હોય તો મી. દુબેએ ભરૂચમાં મુકામ રાખવો, નહિ તો પાટીઉં ઉતારી ચાલતી પકડવી. ગુજરાત આવી દિલ્હીની પંજાબી કંપનીઓ માટે હવે અનુકૂળ ક્ષેત્ર નથી રહ્યું તેની મી. દુબે અમદાવાદની કોર્ટમાં આવી ચાલી રહેલા ચાર કેસની તપાસ કરશે તો તરત તેમની ખાત્રી થશે.

ચાર ઉપરાંત બીજી બે કંપનીઓએ મારા ઉપર અને સાવધાન સમિતિ ઉપર નોટિસો મોકલાવી છે પણ તે તો જાહેરાત મેળવવાની એક તરકીબ છે અને તેથી કોઇએ ભરમાવું નહિ. ચારને મેં જાહેર ચેલેન્જ આપી છે તેમ આ બેને પણ મારી ચેલેન્જ છે કે મારૂં સિરનામું લખ્યું છે ત્યાં મને સમન્સ પહોંચડાવે અને નાહક રજીસ્ટર કાગળો મોકલી શાહી ન બગાડે.

[લેખાંક ૧૧ મો : તા. ૨૯-૮-૩૧]

બે રસિક સંવાદો.

લોનબેન્કનો એજન્ટ નં. ૧—અમારી બેન્ક ગરીબોને મારવાડી અને પઠાણોના પંજામાંથી બચાવવા માટે બિલકુલ નામના વ્યાજે રૂ. ૫૦ થી રૂ. ૫૦૦૦ સુધી ધીરે છે.

'મફત' વીમા કંપનીનો એજન્ટ નં. ૨—અમારી કંપની ગરીબોને મોટી વીમા કંપનીઓનાં મોટાં મોટાં પ્રિમિયમોમાંથી બચાવવા માટે તેમની જીંદગીનો મફત વીમો ઉતારે છે.

એજન્ટ નં. ૧—અમે વરસે એક ટકા વ્યાજે સો રૂપીઆ કરજે લેવા ઈચ્છનાર અરજદાર પાસેથી ફક્ત દશ રૂપિયા દાખલ ફીના લઈએ છીએ.

એજન્ટ નં. ૨—અમે જીંદગીનો મફત વીમો ઉતરાવનાર અરજદાર પાસેથી ફક્ત સાડાપાંચ રૂપિયા દાખલ ફીના લઈએ છીએ.

એજન્ટ નં. ૧—આવા બાર અરજદાર મળે એટલે તુરત જ પહેલા નંબરને અમે સો રૂપિયા આપીએ છીએ.

એજન્ટ નં. ૨—અમને હજાર અરજદાર મળે એટલે દરેક પાસેથી મહિને રૂપિયો ઉઘરાવી એ મહિનામાં મરનારના વારસને ઘેર બેઠે, વગર તકરારે રૂ. ૫૦૦) જેવડી રકમ ચૂકવી આપીએ છીએ.

એજન્ટ નં. ૧—અમારી બેન્કો જો બરોબર ચાલે તો સરકારી બેન્કો અને કો-ઓપરેટીવ અને બીજી તમામ બેન્કો બંધ થઇ જાય એમ છે.

એજન્ટ નં. ૨—અમારી કંપનીઓ જો બરોબર ચાલે તો જીંદગીની મોટી વીમા કંપનીઓને સખત ફટકો પડે તેમ છે.

એજન્ટ નં. ૧—અમે સામાન્ય બેન્કોની માફક માત્ર મિલકત પર જ નાણાં ધીરતા નથી. આસામીની જબાન પર પણ નાણાં ધીરીએ છીએ અને રજીસ્ટર્ડ કાગળ પર સ્ટામ્પ ચોઢી લખાવી લેવાની પણ કડાકૂટમાં ગ્રાહકને ઉતારતા નથી.

એજન્ટ નં. ૨—અમે પણ મોટી વીમા કંપનીઓની માફક ઉમ્મરનું સર્ટીફીકેટ માગતા નથી અને ડાકટરી તપાસની કડાકૂટમાં ગ્રાહકોને ઉતારતા નથી. સ્ત્રી કે પુરૂષ દરેકનો અમે એક જ ભાવે વીમો ઉતારીએ છીએ.

એજન્ટ નં. ૧—અમદાવાદમાં સાવધાન સમિતિ નીકળી છે ત્યારથી અમે શહેરો અને મોટાં ગામડાંઓ છોડી નાનાં ગામડાંઓમાં ફરવાનું રાખ્યું છે.

એજન્ટ નં. ૨—અમે પણ હવેથી નાનાં ગામડાંઓમાં જ ફરવાનું રાખ્યું છે. ઘણી મફત વીમા કંપનીઓ વિશે એ સમિતિએ લખ્યું છે પણ હજુ એમાં અમારી કંપનીનું નામ આવ્યું નથી. મને ખરૂં પૂછાવો તો એ બધી કંપનીઓ ઠગ છે.

એજન્ટ નં. ૧—ઘણી લોન બેન્કો વિશે એ સમિતિએ લખ્યું છે પણ હજુ અમારી બેન્કનું નામ આવ્યું નથી. અમારામાંની ઘણી ખરી બેન્કો દાખલ ફીના પૈસા એકઠા કરી નાસી ગઇ છે અને એમાંની કેટલીક પર અમદાવાદની કોર્ટોમાં કેસ ચાલે છે. પણ દુનિયામાં કાંઇ પાંચે આંગળીઓ સરખી હોય છે?

એજન્ટ નં. ૨—મને લાગે છે કે આ સાવધાન સમિતિને ઉભી કરનાર મોટી જીંદગીની વીમા કંપનીઓ છે, કારણકે તેમના ધંધાને સખત ફટકો પડયો છે.

એજન્ટ નં. ૧—નહિ સાહેબ, તમારી ભૂલ થાય છે. એને ઉભી કરનાર તો આ બધી બેન્કો છે. એમનો ધંધો અમારે લીધે બીલકુલ બંધ થઇ ગયો છે. તેઓ જે આસામીને એક પૈસો ન ધીરે તેને અમે પાંચ પાંચ હજાર રૂપિયા સુધી ધીર્યા છે અને તે પણ સેંકડે વરસે એક ટકાના વ્યાજે. આ આસામીનું સર્ટીફીકેટ લેઇ અમે હેન્ડબિલો છપાવ્યાં એટલે અમારા પાસા પોબાર. જોઈ લ્યો પછી અરજદારોની ભીડ.

એજન્ટ નં. ૨—અમે પણ મરણને આરે પહોંચેલા જે ડોસા-

ડોસી કે ક્ષયરોગવાળાનો વીમો મોટી વીમા કંપની કદી ન ઉતારે તેનો વીમો મફત ઉતારીએ છીએ અને એ બે–ચાર માસમાં મરી જાય એટલે તેના બારમાની ન્યાતમાં જઈ રૂ. ૨૫૦) ની એડવાન્સ રકમ તેના દીકરાના હાથમાં મૂકીએ છીએ અને તેનું સર્ટીફીકેટ છપાવી ત્યાં ને ત્યાં જ હેન્ડબિલ વહેંચીએ છીએ અને પછી જુઓ પડાપડી. સાદરામાં દરજીની ન્યાત આખી મેમ્બર થઇ ગઇ.

એજન્ટ નં. ૧—હમણાં હમણાં તો પંજાબ, બિહાર અને મધ્યપ્રાંતની સરકારે અમારી લોન બેંકો સામે લોકોને ચેતવણી આપી છે, કારણકે સરકારી બેન્કોનું કામ બંધ થઇ ગયું. આથી અમે હવે ગુજરાત અને બીજા પ્રાંતોમાં કામ કરીએ છીએ.

એજન્ટ નં. ૨—અમારે અહીંઆ વલ્લભભાઇ અને ગાંધીજીએ અમારી મફત વીમા કંપનીઓ સામે લોકોને ચેતવણી આપી છે અને એથી અમે સિંધ અને મધ્ય પ્રાંત તરફ અમારા માણસોને મોકલ્યા છે. વડોદરા રાજમાંથી અમારી કંપનીનાં પાટિયાં ઉતરી ગયાં એટલે અમે કાઠિયાવાડમાં ગયા પણ ત્યાં તો પોલિસ કેડે પડી ગઇ એટલે હવે સિંધ હૈદ્રાબાદ અને શિકારપુર તરફ અમે પાટિયાં મોકલ્યાં છે.

એજન્ટ નં. ૧—પણ બધે આ સાવધાન સમિતિનો સંદેશો પહોંચી ગયો છે. એના કેટલાક મેમ્બરો જેલમાં હતા, ત્યાંસુધી ભારે સુખ હતું. વેપાર એવો મજેનો ચાલતો કે વાત ન પૂછો. આજે તો ચા પાણીનું ખરચ પણ નીકળતું નથી.

એજન્ટ નં. ૨—અમારી પણ એ જ દશા છે. એ બધા જેલમાં હતા ત્યારે સ્વદેશીને નામે અને મહાસભાને નામે અમે અહીંઆ એવી સરસ જમાવટ કરેલી કે મહિને પાર વિનાની ભરતી, પણ આજે એક પણ નવો મેમ્બર થતો નથી. મેનેજરો કલકત્તા અને પૂના અને મુંબઇ દોડાદોડ કરે છે પણ સમિતિ પ્રમાણપત્ર આપતી નથી. ફડ-ચામાં લેઈ જવાની જ વાત કરે છે.

એજન્ટ નં. ૧—એટલું સારૂં છે એમ કહો, નહિતો અમને

તો પોલિસની મારફત કોર્ટમાં લેઈ જઇ જેલમાં સડાવવાની જ વાત કરે છે. ભાઇ સાહેબ, આ સમિતિને કોઇ રીતે સમજાવો, નહિતો આપણું કામ ચાલવાનું નથી.

એજન્ટ નં. ૨—અમને પણ એજ બીતિ છે. અમે અમારી કંપનીઓનું એક એસોસિએશન એની સામે લડવા સ્થાપ્યું છે અને દરેકની પાસેથી થોડો થોડો ફાળો ઉઘરાવીએ છીએ. તમારી બધાની ઇચ્છા હોય તો હું એસોસિએશનને વાત કરૂં.

એજન્ટ નં. ૧—જરૂર વાત કરજો. એ કાર્યમાં અમારો તમને સંપૂર્ણ ટેકો છે અને થોડા પૈસા આપવા પડશે તો સમજીશું કે એટલા અરજદાર ઓછા આવ્યા હતા. ઓછા અમારે ઘરના પૈસા આપવાના છે ?

એજન્ટ નં. ૨—અમે પણ કંપનીમાંથી જ પૈસા આપીએ છીએ. ઘરમાંથી અમે ઝાઝી મુડી રોકી જ નથી. કોઇએ હજાર તો કોઇએ બે હજાર તો કોઇએ બહુમાં બહુ ત્રણ હજાર રૂપિયા રોકયા છે. રૂ. ૧૦૦ ભરવાથી કંપની રજીસ્ટર થઇ જાય અને તે પછી ઓફિસનું ખર્ચ, નિયમો વગેરે છપાવવાનું ખર્ચ, વકીલનું ખર્ચ, ડીરેકટરોના નામના શેરો ભરવાનું ખરચ વગેરેમાં રૂ. ૧૦૦૦–૧૫૦૦ રોકવા પડે પણ તે તો કામ ચાલે એટલે તુરત જ વસુલ થઇ જાય.

એજન્ટ નં. ૧—અમે પણ થોડી મૂડીથી જ ચલાવીએ છીએ કારણકે આવા કામમાં ઝાઝી મૂડીની જરૂર જ નથી. માત્ર પૈસો ફરતો રાખવો અને અરસપરસ-કંપનીવાળાને અને લોન લેનારને લાભ થાય એ અમારો હેતુ છે.

એજન્ટ નં. ૨—અમે પણ એ પરસ્પર સહાયતાના ધોરણ પર જ કામ કરીએ છીએ એથી અરસપરસ–કંપનીવાળાને અને જલદી મરનારને–દેખીતો લાભ થાય છે. આ ધંધામાં પૈસાની જરૂર છે એમ કોઇ કહે તો આપણો બધાનો અત્યારસુધીનો અનુભવ એ વાતને ખોટી ઠેરવે છે.

*   *   *   *

"પણ આ તમે ધાર્યું છે શું? તમે પોતે બાવા થઈ બેઠા એટલે આખા જગતને બાવા કરવા બેઠા છો?"

"એમ કેમ બોલો છો?"

"આ તમે "મફત વીમા કંપનીઓ" સામે ઝુંબેશ લેઇને બેઠા છે તેને માટે. બીચારા કોઈ મહાસભાને નામે રળી ખાતા હોય તેમને પણ અટકાવો છો. તમને ઘરબારની ફિકર નથી પણ બીજાઓને તો તેની ફિકર છે. અમારે તો 'પેટનું અને ડેઠનું' બધું સાથે ફરવાનું છે."

"તે ફરો, કોણ ના કહે છે? પણ ગરીબોને શા માટે ફસાવો છો?"

"ગરીબો કાંઇ અમસ્તા ફસાય છે? રૂપિયા પાંચસો ને સાડા બારસોના પોટલાં બાંધવાં છે તેથી ફસાય છે. એમને કહોને કે લોભ મૂકી દે. અમને શા માટે કહો છો? અત્યારસુધી તમારી સાથે લડયા, જેલમાં આવ્યા અને હવે બે પૈસા કમાવાનો વખત આવ્યો એટલે કહો છો કે ધંધો બંધ કરો. મહેરબાન! આમ ને આમ રહેશો તો ફરીથી લડાઇ થશે ત્યારે તમારી પડખે કોઇ ઉભું નહિ રહે. જરા દુનિયાદારીની રીત સમજો અને ખાલી અમને ગધેડે ન ચઢાવો. સરકાર પણ એના માણસોને આવી રીતે ગધેડે નથી ચઢાવતી. કોઇ બીચારૂં સ્વદેશીને નામે કે મહાસભાને નામે આ મોંઘવારીના વખતમાં બે પૈસા કમાઇ ખાતું હોય તો તેમાં આડી જીભ શામાટે કરો છો? મિલોવાળા કમાઇ ખાય છે, સીગારેટવાળા કમાઇ ખાય છે, એમને નથી રોકતા અને અમને કેમ રોકો છો?"

"પણ એ તો કાંઈ પેદા કરે છે અને કમાય છે, હજારો મજુરોને રોજી આપે છે."

"તો અમે હજારો એજન્ટોને રોજી આપીએ છીએ, પેપરોને જાહેરખબરો આપીએ છીએ અને તમે કહો તો દેશસેવામાં મદદ કરવા પણ અમે તૈયાર છીએ. અમારી કયાં ના છે?"

"માફ કરો. એવી રીતે ધૂતીને મેળવેલો પૈસો દેશના યજ્ઞમાં કામ ન આવે. તમે આ દેશદ્રોહનો ધંધો બંધ કરો અને લોકોના લીધેલા પૈસા પાછા આપી દો, નહિતો તમે જેલમાં આવ્યા તે નિરર્થક ગયું અને તમે જે ભોગ આપ્યો તેના પર પાણી ફરી વળ્યું. પ્રભુ તમને સદ્‌બુદ્ધિ આપો!"

* * * *

જાહેર પ્રજાને ચેતવણી.

'મફત' વીમા કંપનીઓ સામેની ઝુંબેશને પરિણામે નવા મેમ્બરો થતા લગભગ બંધ થયા છે અને જુના મેમ્બરોમાંથી મરણને આરે પહોંચેલા ડોસાડોસીઓ સિવાય બાકીના મેમ્બરોએ ડેથકોલનાં નાણાં ભરવાં બંધ કર્યાં છે. આને લીધે આ કંપનીઓ સાથે સંબંધ ધરાવનાર માણસોએ જૂદા જૂદા ઉપનામોથી અજાણ્યા માણસોને ઉંધે રસ્તે દોરવા ચર્ચાપત્રો લખવાં શરૂ કર્યાં છે પણ તેમનામાં પોતાનું પૂરૂં નામ પ્રસિદ્ધ કરવાની પણ હિંમત નથી એ જ બતાવે છે કે દાળમાં કંઇક કાળું છે.

'મુંબઇ સમાચાર' ના તા. ૨૨–૮–૩૧ ના અંકમાં 'ઉપેન્દ્ર' ની સહીથી એક ચર્ચાપત્ર પ્રસિદ્ધ થયું છે પણ એ 'ઉપેન્દ્ર' કેટલે અંશે તટસ્થ છે એની ભાળ મેળવવા માટે મેં એમનું પૂરૂં નામઠામ આપવાને લખેલા પત્રનો જવાબ એ પત્રના તંત્રી કે 'ઉપેન્દ્ર' તરફથી મને હજુ સુધી મળ્યો નથી.

'ગરીબોના પૈસાનું પાણી થશે.'

આ કંપનીવાળાઓની એક માત્ર દલીલ હવે એ જ રહી છે કે આ રીતે ચળવળ ચાલુ રહેશે, કંપનીને બારણે તાળાં દેવાશે તો ગરીબોના ભરેલા રૂપિયા પંદર લાખનું પાણી થશે. ગુજરાતમાંથી એકત્ર થયેલા આ પંદર લાખમાંથી કેટલી રકમ આ કંપનીઓ પાસે હાલ સિલીક છે? એક કે બે લાખ રૂપિઆ. તો બાકી રહેલા ૧૩ લાખ વસુલ કરવા માટે કંપનીઓને બીજા લાખો રૂપિયા એકઠા કરવાની

છૂટ આપવી ? પંદર લાખનો આવો વહિવટ કરનાર આ કંપનીઓ અને તેમના સંચાલકો એટલા વિશ્વાસને પાત્ર છે ખરા કે ? સૌ તટસ્થ માણસો આનો એક જ ઉત્તર આપશે કે "ના, હવે તેમના હાથમાં તો એક પાઈ પણ ન સોંપાય. તે બધીને હવે જેમ બને તેમ જલદી ફડચામાં જ લેઇ જવાની તૈયારી કરવી જોઈએ જેથી નવા ફસાય નહિ અને જુનાઓને તેમના ભાગે પડતા પૈસા પાછા મળી જાય." સાવધાન સમિતિની પણ આ જ નીતિ છે અને સરદાર વલ્લભભાઇનો તેને સંપૂર્ણ ટેકો છે. માટે જેને ઇજ્જત વહાલી હોય તે બચવાનાં ફાંફાં છોડી દઈ સરકારની દેખરેખ નીચે ફડચામાં જવાની તૈયારી કરે અને પૂરાં નાણાં પહોંચે તેમ હોય તો તે મેમ્બરોને આપી દઇ નવો ધંધો શોધી કાઢે. નહિતો ગરીબોના પૈસા થોડા ઘરમાં રહેશે પણ ઇજ્જત રહેશે નહિ.

મદ્રાસની યુનિવર્સલ મ્યુચ્યુઅલ એઇડ.

આ કંપની પરની થોપાનાઇડુ અને બીજાઓ તરફથી તેને ફડચામાં લેઇ જવા માટે મદ્રાસની હાઇકોર્ટમાં કેસ શરૂ થયો છે અને તેનો રીપોર્ટ તા. ૧૬ મીથી ૨૦ મી ઓગસ્ટના 'હિંદુ' પેપરમાં પ્રસિદ્ધ થયો છે. કંપની પર મુખ્ય આરોપો એ છે કે (૧) કંપની ઠગાઇ કરવા જ ઉભી થઇ છે, કારણકે મૈસોરની ઓલ–ઈંડિયા મ્યુચ્યુઅલ એઇડ એન્ડ પુઅર હાઉસીસ એસોસિએશન જેણે ખૂબ મોટી ખાદ કરેલી તેને આ કંપનીએ ખરીદી લીધી છે. (૨) કંપ-નીના ચીફ ઓર્ગેનાઈઝરને ખૂબ જ સત્તા છે અને મોટું કમિશન મળે છે. (૩) કંપનીની યોજના પ્રમાણે ઘણાં વરસો વીતે તે પછી જ દરેક બોન્ડ હોલ્ડરને લાભ મળે છે અને (૪) ૧૯૩૦ ના જુનની ૩૦ મી તારીખ સુધીમાં કંપનીએ ૧૩૦૦૦ રૂપીઆની ખાદ કરી છે, એટલે કે કંપની નુકશાનમાં કામ કરે છે. આ અને બીજા મુદ્દાઓનો શ્રી. યુ. રામરાવે લંબાણ ખુલાસો જાહેરખબર તરીકે છાપ્યો છે પણ તે છાપવા માટે તેમને અને તે છાપનાર 'હિંદુ' પત્રને દિલગીરી દર્શાવી માફી માગવી પડી છે. આ કેસ હજી

ચાલે છે અને તે દરમ્યાન જુલાઇ માસનું ડ્રૉઇંગ બંધ રહ્યું છે. કંપનીએ પોતાની યોજનામાં સામા પક્ષને સંતોષ આપવા સુધારાઓ કરવા કબુલ કર્યું છે અને જો સંતોષ નહિ થાય તો કેસ આગળ ચાલશે. આ કંપનીમાં બારડોલી તાલુકાના ઘણા ખેડુતોના પૈસા રોકાયા છે. એ કંપનીના ગુજરાતના ડીરેક્ટરો હવે મૌન તોડી ગુજરાતની ખરી સ્થિતિ પ્રસિદ્ધ કરે અને ખેડુતોના હિતનું રક્ષણ કરે એ જરૂરી છે.

[લેખાંક ૧૨ મો : તા. ૪-૯-૩૧]

રાતોરાત પલાયન.

તા. ૨૩ મી ઓગસ્ટના લેખાંક ૧૦ માં મેં જણાવ્યું હતું કે: "લુધિયાનાની સી. એસ. ઘેઇ એન્ડ કંપનીએ પીરકાંઠી ભરૂચમાં પધારી 'નાણાંની ભીડથી દુઃખી થતા સજ્જનોને ખબર આપી છે' કે ગરીબોનું દુઃખ ટાળવાને તેમણે વરસે સેંકડે એક ટકાના વ્યાજે રૂા. ૫૦ થી રૂા. ૫૦૦૦ સુધી ધીરવાની કંપની ખોલી છે...... ભરૂચ જીલ્લામાં એકકે કેસ નથી, તેની તૈયારી કરવાની હોય તો મિ. ઘેઇએ ભરૂચમાં મુકામ રાખવો, નહિતો પાટીઉં ઉતારી, જેના પૈસા લીધા હોય તે પાછા આપી જલદી ગુજરાત છોડી ચાલ્યા જવું." મેં ધાર્યું ન હતું એટલી ઝડપથી મિ. ઘેઇએ મારી સલાહ માન્ય કરી છે, માત્ર પાટીઉં ઉતારવાનું અને પૈસા પાછા આપવાનું ભૂલી ગયા છે! ભરૂચના મૂંગા સેવક શ્રી. છોટાલાલ બા. પુરાણી તા. ૨ જી ના પત્રમાં લખે છે કે: "ઇન્ફ્લ્યુએન્ઝાના સખત ઝપાટાથી અશક્ત થઇ ગયેલો હોવાથી ઘર બહાર નીકળી શકતો નહોતો. આજે જાતે ગયો. સી. એસ. ઘેઇ કંપનીવાળા ઠગ તા. ૩૧ મીએ સવારના ૩ વાગે અહીંથી ઉપડી ગયા છે. પાટીઉં ભગવાનને આશરે મૂકી ગયા છે. ભરૂચ તળમાંથી રૂા. ૧૬૦૦) અને ગામડાંઓમાંથી પણ એટલી જ અથવા એથી કદાચ વધારે રકમ ઉઠાવી ગયા છે."

ભાઈ છોટુભાઈના ઇન્ફ્લુએન્ઝાનો મિ. દુબેને સારો લાભ મળી ગયો, નહિતો આમ સહેલાઇથી તેઓ છટકી જવા નહિ પામત. જંબુસર અને આમોદ તાલુકામાં આ કંપનીએ ઠીક હાથ માર્યો છે. જેટલા ફસાયા હોય તે તાબડતોબ મંત્રી, સેવાશ્રમ, ભરૂચને ખબર આપે અને પહોંચો જાળવી રાખે. શ્રી. મોતીભાઇ અમીન જે કહે છે કે ધોળે દહાડે, ઢોલ વગાડીને, પાંચ સાત યુક્તિબાજ માણુસો કંપની કાઢીને ગરીબોને લૂંટે છે તે આનું નામ.

ખેડા જીલ્લાની કહાણી.

મહેમદાવાદ તાલુકા સમિતિના પ્રયાસથી પીપલ્સ ઓન ફ્રી લોન સપ્લાઇંગ બ્યુરો વિશે નીચેની વિગતવાર માહિતી મળી છેઃ—

"મહેમદાવાદમાં એ કંપનીનો એજન્ટ ૧૯૩૦ ના જુલાઇના અરસામાં આવ્યો હતો અને અહીંના ચમાર, ઢેડ, ધારાળા, ખ્રિસ્તી વગેરે કોમોમાં ફરી સમજાવ્યું કે 'ભાઇઓ, તમારા ગરીબોના લાભ માટે એક સરસ કંપની નીકળી છે જે તમને થોડે પૈસે વધારે પૈસા આપે છે. (પૈસા વિઆય છે!) હાલ તમે થોડા રૂપીઆ આપો એટલે બે મહિના પછી તમને વગર બ્યાજે લોન આપવામાં આવશે.' આથી ઘણાએ પોતાની પાસેનાં ચાદીનાં ઘરેણાં વેચીને પૈસા ભર્યાં, કેટલાકે કાબુલી પાસે મહિને રૂપિએ બે આના બ્યાજે કરજે લઇને પૈસા ભર્યા અને એજન્ટોએ તાલુકાનાં ગામોમાંથી અઢીથી ત્રણ હજાર રૂપીઆ ઉઘરાવ્યા. જેમણે પૈસા ભર્યા છે તેમાંથી માત્ર થોડાને જ પૈસા ભર્યાની પહોંચ આપી છે. એમાંથી કેટલાકની પાસેથી તમને પૈસા મળવાના છે એમ કહી પહોંચો પાછી લઈ લીધી છે છતાં જેમની પાસે પહોંચો રહી ગઈ છે તેમને વગર બ્યાજની લોન માગતાં એજન્ટોએ જવાબ આપ્યો છે કે 'કંપની તુટી ગઇ છે, પૈસા સરકારમાં ગયા'!"

માત્ર એ એજન્ટોનું કમિશન અને તેમની પાસે રહી ગયેલા પૈસા સરકારમાં ગયા છે કે નહિ તેની તપાસ કરવી જોઇએ અને ન ગયા હોય તો પોલિસને તેની ખબર આપવી જોઇએ.

લંડન ફ્રેન્ડલી સોસાયટીના રજીસ્ટ્રાર શું કહે છે?

તપાસ કરતાં એમ માલમ પડ્યું છે કે લંડનની ફ્રેન્ડલી સોસાયટીઓના રજીસ્ટ્રારે વહેંચણીના ધોરણ પર ચાલતી યોજના પરત્વે ખૂબ જ વાંધાઓ ઉઠાવ્યા છે અને જણાવ્યું છે કે તેવી યોજનાવાળી કંપનીને તેઓ લંડનમાં હોય તો રજીસ્ટર જ કરે નહિ. પણ હિંદુસ્થાનમાં આવી કંપનીઓની હાલ બોલબાલા છે. સરકારી એકચ્યૂઅરી મિ. મુકર્જી ૧૯૩૦–૩૧ ના તાજેતરમાં પ્રકટ થયેલા અહેવાલમાં જણાવે છે કે ૧૯૧૨ પહેલાંની વહેંચણીના ધોરણ પર કામ કરતી અનેક કંપનીઓ રામશરણ થઇ ગઈ અને હમણાં ફુટી નીકળેલી એવી કંપનીઓ ટૂંક સમયમાં પોતાની ભૂલ જોશે. પણ જે ભૂલથી કંપની કાઢનારાઓને ઘી-કેળાં થતાં હોય એ ભૂલ સુધારવાની તેઓ પોતાની મેળે તસ્દી લેશે એમ કેવી રીતે માની શકાય? પ્રોવિડન્ટ એકટની કલમ ૧૭ પ્રમાણે સરકારના રજીસ્ટ્રારે આ બાબતમાં પગલાં લેવાં જોઇએ એવો મારો નમ્ર અભિપ્રાય છે.

પરસ્પર સહાયકારી યોજના એટલે શું?

આજે હિંદુસ્તાનમાં વહેંચણીના ધોરણ ઉપર બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે, જી. આઇ. પી. રેલ્વે, સબ એસિસ્ટન્ટ સર્જન, બંગાળ પોલિસ, બોમ્બે પોસ્ટમેન વગેરેનું મ્યુચ્યુઅલ ડેથ બેનીફીટ ફંડ ચાલે છે અને તેમાં દરેક મેમ્બરના માસિક પગારમાંથી પરભાર્યા દોઢથી ત્રણ રૂપિયા સુધી કાપી લેવામાં આવે છે. મેમ્બરની ઉમ્મરનું પ્રમાણપત્ર અને શારીરિક અવસ્થાનું પ્રમાણપત્ર તેની હિસ્ટરી શીટમાંથી જ મળી જાય છે અને બનતાં સુધી ૩૧ થી ૩૫ વરસની વચ્ચેની ઉમ્મરના-ઓને જ દાખલ કરવામાં આવે છે. માસિક ૩ રૂપિયા ૨૫ વરસ સુધી ભરનારને ૧૦૦૦ રૂા. ની ગેરંટી આપવામાં આવે છે. ઉઘરાણીનું, જાહેર ખબરનું, રેલભાડા કે મોટરનું, છપામણીનું,

એજન્ટોના કમિશનનું અને એવું બીજું જે ગંજાવર ખર્ચ વીનસ અને તેના જેવી બીજી "મફત" વીમા કંપનીઓ કરે છે તે આવી કંપનીઓમાં હોતું નથી. મેનેજરો કે મેનેજીંગ એજન્ટોના મોટા પગારો અને કમિશનો પણ આમાં હોતા નથી. ડાયરેક્ટરોની ફીઓ અને શેરહોલ્ડરોનાં ડિવિડન્ડો આમાં હોતાં નથી. માત્ર જે ભરણું દર માસે આવે તે મરનારાઓના વારસને માત્ર પાંચથી છ ટકા ખર્ચના કાપી લઇ વહેંચી આપવામાં આવે છે. એના સેક્રેટરી ઓનરરી (વગર પગારે કામ કરનારા) હોય છે અને વ્યવસ્થાપકો પણ વગર પગારે જ કામ કરે છે. વીનસ કંપનીના મેનેજરે સ્થાનિક પત્રકારને મુલાકાત આપી જણાવ્યું કે બંગાળની પોલિસમાં આવું એક ફંડ ચાલે છે તેને 'ફ્રોડ' (ઠગાઇ) તો સાવધાન સમિતિ નહિ જ ગણે. આના જવાબમાં એ મેનેજરને હું એટલું જ જણાવું કે વીનસ કંપનીમાં બંગાળની પોલિસને મેમ્બર તરીકે તેઓ નોંધવા માંડે અને પછી જુએ કે સરકાર તેમની આ પ્રવૃત્તિ ક્યાં-સુધી ચાલવા દે છે. રૂપિયામાંથી પંદર આના મેમ્બરોને મળતા હોય તો એ સંભવિત છે કે બીજાઓને ભોગે કેટલાકને તાત્કાળિક ફાયદો થાય પણ એ ફાયદો પોતાના ખાતાવાળાને થાય છે, પણ રૂપિયામાંથી છ આના અને આઠ આના મેનેજર, મેનેજીંગ એજન્ટ અને દલાલોના ગજવામાં જતા હોય, જાહેરખબર, મુસાફરી અને ટપાલમાં જતા હોય, હજારો પોલિસીઓ રદ (લેપ્સ) થતી હોય અને જલદી જલદી મરનાર સભાસદોને ભાગ આઠથી દશ આના જ આવતા હોય તો તે પરસ્પર સહાયની યોજના નહિ પણ પરસ્પર ઠગાઇની યોજના છે. આથી નવાં ઘર બંધાય છે કંપનીઓ કાઢનાર મેનેજીંગ એજન્ટોનાં, લાડવાનું ખર્ચ નીકળે છે જલદી મરનાર ડોસાડોસીઓનું, લગનનું ખર્ચ નીકળે છે દલાલી કરનાર એજન્ટોનું, પણ બાકીના ૯૫ ટકા મેમ્બરોનો તો મરો જ થાય છે અને તરસ્યાં હરણો જેમ મૃગજળને જુએ છે પણ તે પી શકતાં નથી

તેમ તેઓ મોટી મોટી રકમો અપાતી જુએ છે પણ તે મેળવી શકતા નથી. આથી મહાત્માજી કહે છે કે "આવી મોહક લાલચની પાછળ શા માટે પડો છો? સઘળીનો જ ત્યાગ કરો." માટે હરણો, ખબરદાર! નવા પૈસા ભરી મૃગજળ પાછળ દોડશો મા.

"હિંદ માતા" પૈસા પાછા આપે છે.

હિંદ માતા પ્રોવિડન્ટ એન્ડ એશ્યોરન્સ કંપનીના એક ડીરેક્ટર લખી જણાવે છે કે "એ કંપની પાંચ માસ કામ કરી ગયા એપ્રિલ માસમાં સ્વેચ્છાએ લીકવીડેશનમાં ગઇ છે અને પોલિસી હોલ્ડરોએ ભરેલી દાખલ ફી તેમજ પ્રિમીયમના તમામ પૈસા તેમને પાછા આપી દીધા છે અને ડીરેકટરોએ તમામ નુકસાન પોતે વેઠી લીધું છે. જ્યારે ડીરેકટરોએ જોયું કે એમણે ગરીબોને જે લાભ આપવાની આશા હતી તે આપી શકાય તેમ નથી ત્યારે તેમણે ઉપરનો નિર્ણય કર્યો છે."

આ નિર્ણય કરવા માટે ડીરેકટરોને ધન્યવાદ ઘટે છે અને ભરેલા પૈસાની પાઇએ પાઇ ચૂકવીને એક ગુજરાતી વેપારીની આંટ કેવી હોય તેનો તેમણે સરસ દાખલો બેસાડ્યો છે. આજે આ 'મફત' વીમા કંપનીમાં લોભને લીધે પડેલા આપણા ઘણા ગુજરાતી બંધુઓ પંજાબ અને દિલ્હીનો દાખલો લે છે, પણ મુંબઇ અને ગુજરાતના વેપારનું ધોરણ એનાથી બહુ ઉંચું છે અને જો તેઓ વહેવાર જાળવશે નહિ તો તેમની સાથે ભવિષ્યમાં કોઇ આબરૂદાર માણસ વેપાર કરવાનો નથી, એ નિઃસંશય છે.

પરદેશમાં વસતા ગુજરાતી બંધુઓને.

તમારી તરફથી મને અનેક પત્રો મળ્યા છે અને તમે પણ આ જાળમાં સારી સંખ્યામાં ફસાયા છો એમ હું જોઇ રહ્યો છું. મને એ વાતનું ખુબ જ દુઃખ છે કે આપણા સ્વાર્થી ગુજરાતી-ભાઇઓ દેશમાં કામ મળતું બંધ થવાને લીધે પરદેશમાં આ કંપની-ઓનાં પાટિયાં લઇને નીકળી પડ્યા છે અને મહાત્માજીના અને

સરદાર વલ્લભભાઇના ગુજરાતની ધવલ કીર્તિને ઝાંખપ લગાડી રહ્યા છે. તમે આ ભાઇઓ પર ચોકી રાખજો અને આપણા પાડોશીઓને મહાત્માજીનો સંદેશો આપજો કે એમનાથી દૂર રહે. એમને છાંયડે પણ તમે જશો નહિ અને એમની કંપનીઓને કોઇ રીતે મદદ કરશો નહિ કારણકે એ દેશદ્રોહનો ધંધો છે. પરદેશી વીમા કંપનીઓનો ઘણોખરો વેપાર ૧૯૨૯–૩૦ ની સાલથી સ્વદેશી વીમા કંપનીઓને મળવા લાગ્યો છે. 'સ્વદેશી'ની આંટ તોડી, 'સ્વદેશી'માં લોકોને બેઠેલા વિશ્વાસને ડગાવવાનો ઇલાજ આવી "બોગસ પ્રોવિડન્ટ કંપનીઓ" કરતાં વધારે સારો 'સ્વદેશી'ના દુશ્મનને પણ જડે તેમ નથી. ગુજરાતના ગામેગામ અને ઝુંપડે ઝુંપડે ફરી સ્વદેશીની પવિત્ર ભાવનામાં રહેલી પ્રતિષ્ઠાને વેચીને આ પોકળ કંપનીઓએ અને તેમના દલાલોએ પોતાનાં ગજવાં ભર્યાં છે અને ગુજરાતના આજે કેટલાંક ગામોમાં અસંખ્ય માણસોને ધાન્યવિનાના કર્યાં છે. પરદેશમાં તેઓ આવે તો તેમનું 'યથોચિત' સ્વાગત કરજો અને મહાત્માજી અને સરદારનો સંદેશો તમારા પ્રાન્તની ભાષામાં છપાવી છૂટે હાથે વહેંચજો.

[લેખાંક ૧૩ મો : તા. ૧૦–૯–૩૧]

વીનસ એશ્યુરન્સ કંપની.

આજના 'સંદેશ'માં નીચે પ્રમાણે જાહેર ખબર પ્રસિદ્ધ થઇ છે:–

"ધી વીનસ એશ્યુરન્સ કં. લી. (દિલ્હી)

અમો આથી અમારા એજન્ટોને જણાવીએ છીએ કે તેઓએ અમારી મફત જીંદગીના વીમાની અથવા તો કોઓપરેટીવ બેનીફીટ સ્કીમમાં ગુજરાતના કોઇપણ ખેડૂતનો વીમો લેવો નહિ.

બી. નરસીંહમ—મેનેજર."

આ જાહેરાતની પાછળ લાંબો ઇતિહાસ છે પણ તેમાં હું હાલ નહિ ઉતરૂં. સરદાર વલ્લભભાઇને તા. ૧૭ મી ઓગસ્ટે આપેલા એ

વચનનું પાલન કરતાં મેનેજરને ૨૫ દિવસ લાગ્યા છે અને તેનું માન રા. સા. દાદુભાઇ દેસાઈ અને શ્રી. અનંતરાવ રત્નપારખીને ઘટે છે. તેઓ જો દબાણુ ન લાવ્યા હોત તો એ મેનેજર અને તેમના સાથી અત્રેના બ્રાન્ચ મેનેજર શ્રી. ચંદુભાઈ તળસીભાઈ પટેલ એ વચન પાળવા તૈયાર નહોતા એ હકીકત હું ન જણાવું તો વીનસના પોલિસીહોલ્ડરોનો હું દ્રોહી ગણાઉં. આ બન્ને જણુ વીનસની મેનેજીંગ એજન્સીના ચાર ભાગીદારોમાંના બે ભાગીદારો છે અને તેમના વહીવટની વિરૂદ્ધ સાવધાન સમિતિ પાસે અનેક ફરિયાદો આવી છે.

આન્ધ્ર દેશના પ્રખર કાર્યકર્તા અને મહાસભાના નેતા ડૉ. પટ્ટાભી સીતારામૈયા જેઓ મહાસભાની કારોબારી સમિતિની સભામાં હાજરી આપવા અત્રે આવેલા હતા તેમની મેં આજરોજ લીધેલી મુલાકાતમાં તેમણે વીનસ કંપનીની યોજના વિષે નીચે મુજબ અભિપ્રાય આપ્યો હતોઃ—

વીનસની દિલ્હીની હેડ ઓફિસમાં ૧૫૦ કલાર્કો કામ કરે છે. તેમાંથી ૪ કે ૫ મોટા જીંદગીના વિમાનું કામ કરે છે અને બાકીના મફત વીમાનું કામ કરે છે, એ જાણી અદ્દભુત રસનો સાક્ષાત્કાર થાય છે. ડૉકટરોમાં એક વાત ચાલે છે તેનું આથી સ્મરણ થઇ આવે છે. એક બાઇને ગુમડું નીકળ્યું અને એ બાઇને જોખી તો બાઈના કરતાં એ ગુમડાનું વજન વધારે. સવાલ એ થયો કે બાઈના શરીરને ગુમડું વળગ્યું છે કે ગુમડાને બાઈનું શરીર વળગ્યું છે. વીનસ કંપની એના શરીર પર વધી ગયેલા મફત વીમાના ગુમડાનું જેમ જલદી ઓપરેશન કરાવે તેમ સારૂં. એથી જ તેના મોટા વીમારૂપી શરીરની તંદુરસ્તી સલામત રહેશે.

સવાલઃ—વહેંચણીના ધોરણ પર કામ કરતી આ મફત વીમા કંપનીઓનો જે રાફડો ફાટયો છે અને એને લીધે જે વિકટ પ્રશ્ન ઉભો થયો છે તેનું સૌથી સરસ નિરાકરણ તમારી દૃષ્ટિએ શું છે?

જવાબઃ—ઓપરેશન.

સવાલઃ—એટલે ?

જવાબઃ—ફડચામાં લઇ જાઓ—તુરત જ સૌને ફડચામાં લઇ જાઓ.

*　　　*　　　*

[લેખાંક ૧૪ મો : તા. ૧૬-૯-૩૧]

ઇસ્ટર્ન બેન્કિંગ એન્ડ પ્રોવિડન્ટ ઇન્સ્યુરન્સ કંપની, દિલ્હી.

આ કંપનીના મુંબાઇ ઇલાકાના ચીફ એજન્ટ ડી. દેશાઇની કું. વાળા શ્રી. ધીરૂભાઇ ટી. ઠાકોર છે. તેમણે આ કંપનીની મફત વીમાની યોજનામાં ગુજરાતમાંથી ૩૨૦૦ સભાસદો નોંધ્યા છે. આ કંપનીએ ટુંક મુદત દરમ્યાન જે મહત્ત્વના ફેરફારો કર્યા છે તે નીચે પ્રમાણે છેઃ—

(૧) જુના પ્રોસ્પેકટસમાં ઓથોરાઈઝડ કેપિટલ રૂા. ૧૦૦૦૦૦ (એક લાખ) હતી તે તા. ૨૮ માર્ચ, ૧૯૩૧ પછીના પ્રોસ્પેકટસમાં એકાએક રૂા. ૨૫ લાખ થઇ ગઈ છે અને પેઇડઅપ (પગાર થયેલી) કેપિટલ રૂા. ૧૦ લાખ થઇ ગઇ છે! દિલ્હીમાં તપાસ કરતાં મને ખબર મળે છે કે ૧૯૩૦ ની આખર સુધીમાં ભરાયેલી થાપણુ રૂા. ૫૨૭૨ હતી અને તે પછી રૂા. ૩૮૭૦ ના શેર ખપ્યા છે, એટલે કે રૂા. ૧૦૦૦૦ જેટલી થાપણુ પર માત્ર બે મીંડાં કોઇએ ચઢાવી દીધાં છે! (૨) બીજી ઠગાઈ પોલીસીની પાકવાની મુદત બાબતની છે. જુના પ્રોસ્પેકટસ પ્રમાણે પોલિસી દાખલ થયાની તારીખ પછી છ માસે પાકતી હતી પણ ૧૯૩૧ ના માર્ચની ૨૮ મી તારીખ પછીના હેન્ડબિલમાં વડોદરાના એજન્ટ અને મુંબાઇના ચીફ એજન્ટ જાહેર કરે છે કેઃ—"ખરૂં સોનું તો આનુંજ નામ... પોલિસીની દાખલ તારીખથી (સભાસદ) દાવાનો હકદાર થાય છે અને ગમે તે વખતે મરણુ થાય છે તો કંપની કાયદા પેટે એડવાન્સ

નાણાં આપે છે અને ફાળાનો હક ઉભો રહે છે. ૧૮ થી ૬૦ વરસ સુધીના કોઈ પણ સ્ત્રી પુરૂષ દાખલ થઇ શકે છે." શ્રી. ધીરૂભાઈ જણાવે છે કે વીમો ઉતરાવ્યા પછી એક માસમાં મરી જનાર લગભગ ૭૦ સ્ત્રી પુરુષોના વારસોને રૂપિયા સો—સોની રકમ તેમણે ચૂકવી છે અને વીમો ઉતરાવ્યા પછી પંદર દિવસમાં મરી જનારને પણ તેમણે નિરાશ કર્યા નથી! તેમના ખંભાતના એજન્ટ મિ. અંબાલાલ પીતાંબરદાસ શાહના પ્રયાસથી તેમની કંપનીને આશરે દોઢસો કેસ મળ્યા છે અને તેમાંથી આશરે પચીસ કેસને મહિનાની મુદતમાં નાણાં ચૂકવ્યાં છે. આથી ખંભાતમાં તેમની કંપનીની કીર્તિ ખૂબ જ વધી ગઇ છે અને તે ઇસ્પિતાલના દર્દીઓના કાન સુધી પહોંચી છે. કંપનીના એજન્ટો ઈસ્પિતાલના કોમ્પાઉન્ડરને મળી સીરીઅસ (ગંભીર) કેસની બાતમી મેળવી દર્દીઓના વીમા ઉતારે છે એ હકીકત હું નહોતો માનતો પણ હવે તે માન્યા વિના છૂટકો નથી. મિ. અંબાલાલ શાહ સાંભળવા પ્રમાણે વીનસ, ન્યૂ બોમ્બે બેન્કિંગ અને બીજી કંપનીઓના પણ એજન્ટ છે અને તે કંપનીઓને પણ આવા કેસોનો સારો લાભ આપ્યો છે.

ખંભાતના એક જૈન બંધુ શા. સોમચંદ મગનલાલ આવા દર્દીઓના વારસ બનવાનો ધંધો જોસભેર ચલાવે છે અને તેઓ એકલી ઇસ્ટર્ન બેન્કિંગ કંપનીમાંથી જ પાંચ કેસના વારસ બની પૈસા લેઇ ગયા છે એમ શ્રી. ધીરૂભાઇ નિખાલસ દિલે જણાવે છે. શ્રી. સોમચંદભાઇએ બીજી કંપનીઓને પણ પોતાના વારસપણાનો લાભ આપ્યો છે અને હમણાં તેમણે મોટા મોટા કોળિયા ભરવા માંડ્યાથી નાખુશ થયેલા એજન્ટોની તેઓ આંખે ચઢયા છે. શ્રી. સોમચંદભાઇના આવા જીવદયાના કામમાં વિરોધ કરનારાઓની અવગતિ જ નિર્માઇ છે!

(૩) કંપનીના અંગ્રેજી પ્રોસ્પેકટસમાં રૂા. ૪ દાખલ ફી અને આઠ આના પોલિસી અને સ્ટેમ્પ ફી મળી કુલ રૂા. સાડાચાર છે

પણ ગુજરાતીમાં તે સુધારી રૂા. પા કરી છે. (૪) હજુ સુધી ૭ માસ પછી મરી ગયાનો એક જ દાખલો આ કંપનીમાં બન્યો છે અને તે ભરૂચવાળા નેમચંદ દલસુખભાઈનો છે તેમને એડવાન્સ રકમ મળી છે પણ હજુ સુધી ફાળાની પૂરેપૂરી રકમ કંપનીએ કોઇને ચૂકવી નથી.

વહેંચણીના ધોરણ પર જન્મની યોજના.

વહેંચણીનું ધોરણ એટલે દરેક સભાસદ પાસેથી દર મહિને એકેકેક રૂપિયો કે વધારે ઓછી રકમ ઉઘરાવી ખર્ચના રૂપિયા કાપી બાકીની ઉઘરાવેલી રકમ સરખે હિસ્સે જ્ઞાતિ, જાતિ, ધર્મ કે ઉમ્મરના ભેદ વિના કંપનીની શરત પૂરી કરનારાઓને વહેંચી આપવી તે. આજથી એક પેઢી પર આ ધોરણ પર ઘણી યોજનાઓ હિંદુસ્તાનના જૂદા જૂદા ભાગોમાં ચાલતી હતી. દાખલા તરીકે, અમુક વખત પછી પરણનાર સભાસદને રૂપિયો રૂપિયો ઉઘરાવી મદદ કરવી. આ યોજના નવસારીની મેરેજ કંપનીએ ગુજરાતમાં સુપ્રસિદ્ધ કરી છે. (હાલ તે બંધ છે કારણકે ચલાવનારાઓને વડોદરા રાજ્યે જેલમાં બેસાડયા છે માટે કોઇ પરણવા ઇચ્છનારે ત્યાં અરજી કરવાની તસ્દી લેવી નહિ. પંજાબમાં હજુ તે ચાલે છે, પણ પંજાબની વાત તો તમે જાણો છો ને!) આ ઉપરાંત (૨) કસુવાવડ વખતે મદદ કરવાની. (૩) નામકરણ વિધિ વખતે (૪) યાત્રા વખતે (૫) ઉપનયન સંસ્કાર વખતે (૬) વિધવા થતી વખતે અને (૭) મરણ વખતે મદદ કરવાની. આવી વહેંચણીના ધોરણ પરની કંપનીઓ તે વખતમાં ચાલતી હતી. દિલગીરીની વાત છે કે તે વખતની વિવિધતા (variety) આજે નથી. પણ ઈસ્ટર્ન બેન્કિંગ-વાળા શ્રીયુત ધીરૂભાઇ ટી. ઠાકોરે એ ખોટ પૂરવા "સહકારી યોજના" કાઢી છે અને તેમાં ચૌદ વરસ ઉપરાંતની કોઈ પણ પરણેલી સ્ત્રી દાખલ ફી રૂા. પા, વાર્ષિક ફી રૂા. ૧, અને માસિક ફી રૂા. ૧ ભરી દાખલ થઇ શકે છે.

"**ફાળાની વહેંચણી :**—જે માસમાં બાળજન્મ થશે તે માસની આવેલી હપ્તાની રકમમાંથી કાયદા મુજબ ૧૦ ટકા રીઝર્વ ફંડ તથા ૨૦ ટકા મેનેજમેન્ટ અને કલેકશન ખર્ચના કાપીને બાકી ફાળો સરખે હિસ્સે વહેંચી આપવામાં આવશે." "દાખલ થનાર દાખલ થયા પછી ૧૨ માસ (૩૬૫ દિવસ) પૂરા થયા બાદ દાવાની હકદાર ગણાશે" અને "બાળક જન્મ્યા પછી ૨૪ કલાકમાં ગુજરી જશે તો કોઇ પણ જાતનો હક રહેશે નહિ." "ભરેલી રકમ કરતાં ૫૦ ટકા વધારે આપવાની કંપની ગેરંટી આપે છે." અને બાકીના નિયમો લગભગ સરખા છે, માત્ર 'મરણ' ની જગ્યાએ 'જન્મ' એટલું સુધારીને વાંચવું. મરણની અને આ જન્મની યોજનામાં મોટો તફાવત એ છે કે મરણની યોજનામાં એક વખત કલેઇમ મળ્યા પછી ફરી કલેઇમ મળતો નથી જ્યારે આ યોજનામાં "એક વખત કલેઇમ મળ્યા પછી પણ ફરીથી સભાસદ થઇ શકાય છે અને ફરી પાછો આ યોજનાનો લાભ લઇ શકાય છે" (કલમ ૧૫).

તમે કહેશો કે આ કંપની કઇ ? ધી સુપ્રીમ ઇન્સ્યુરન્સ કં. લી. હેડ ઓફીસ અમૃત બિલ્ડીંગ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઇ, કંપની રજીસ્ટર થઇ ગઇ છે અને કામ શરૂ કરતાં પહેલાં સાવધાન સમિતિનો અભિપ્રાય માગ્યો છે. સાવધાન સમિતિ વહેંચણીના ધોરણની વિરૂદ્ધ છે અને એથી એ ધોરણવાળી કોઇ પણ યોજનાને તે બહાલી આપી શકે તેમ નથી.

"દરેક આ યોજનાનો લાભ લઇ પોતાના બચ્ચાને સુખી કરે એ ઉદ્દેશથી" મેસર્સ ડી. પી. મારફતીયાની કું. એ આ યોજના કાઢી છે. આ યોજનાથી દરેક દાખલ થનાર સભાસદ માસિક લવાજમમાંથી છૂટવાને માટે તનતોડ પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે કારણકે મૃત્યુની કલ્પના ભયાનક છે પણ બાળકનો જન્મ એ હિંદુસ્તાનમાં તો વધામણીનો વિષય છે અને જ્યારે ખર્ચ તમામ કંપની તરફથી—એટલે કે હમદર્દીવાળા સભાસદો તરફથી મળતું હોય

ત્યારે એવી તે કોણ અભાગી હોય કે તે માટે આતુર ના રહે? હિંદુસ્તાનમાં આપણે ૩૧।। કરોડના ૩૫ કરોડ થયા પણ એટલો વધારો મેસર્સ મારફતીયાની દૃષ્ટિએ કદાચ બસ નથી–તેઓ તેને વેગ આપવા ઇચ્છે છે અને તેને માટે આ યોજના છે.

અધવચ કસૂવાવડ થનારને આ યોજનાનો લાભ મળતો નથી તેમજ જોડકાને જન્મ આપનારને બેવડો લાભ આપવામાં આવશે કે નહિ તે યોજનામાં સ્પષ્ટ નથી. ૨૪ કલાકમાં બાળક ગુજરી જાય તો ભરેલી રકમ પાછી મળશે કે નહિ તે જણાવ્યું નથી અને "ઉમ્મરની સાબિતીની જરૂર નથી" એમ જણાવી ૧૪ વર્ષની નીચેની વયની બાળાઓ માટે શારદા એકટની હસ્તી છતાંયે જે છૂટ આપવાની કંપનીએ ઉદારતા બતાવી છે તે બદલ તેઓ કંપનીનો આભાર ન માને તો તેઓ નગુણાં ગણાય. આપણા દેશમાં દર વરસે બાળકને જન્મ આપનાર અનેક માતાઓ છે અને સૂવાવડના ખર્ચના બોજાને લીધે તેઓ તેમનાં સગાંવહાલાં અને ધણીને અકારી થઇ પડે છે તેઓ આ યોજનાનો લાભ લઇ "નજીવી રકમ ભરી (રૂ. ૧૮।।) એક મોટી રકમ મેળવી શકશે" અને સૂવાવડનું ખર્ચ કાઢતાં એક સારી રકમ પોતાના બાળકને માટે બચાવી શકશે. તેઓ આ યોજનામાં મોટી સંખ્યામાં જોડાય તો નવાઇ જેવું કશુંયે નથી. તેમના ખાસ લાભ માટે કંપની આજ ધોરણપર સૂવાવડની મદદની યોજના પર વિચાર ચલાવી રહી છે અને તેમના બાળકને પરણાવવા પહેરામણી માટે દાખલ થયા બાદ દશ વર્ષે રૂ. ૩૦૦) અને પંદર વર્ષે રૂ. ૫૦૦) લગ્ન વખતે આપવા ગેરંટી આપે છે. માસિક પ્રિમિયમ રૂ. ૨) છે. મરણને માટેની યોજના સાવધાન સમિતિનો વિરોધ ધ્યાનમાં લઇ કંપનીએ બંધ રાખી છે એમ શ્રી. ધીરૂભાઇ જણાવે છે–એ માટે ઇસ્ટર્ન બેન્કિંગની યોજના ચાલુ છે–આ પછી બાળકની કેળવણી માટે–માટલી ફોડવાને માટે કે. બી. એ. થવાને માટે–આ જ ધોરણ પર યોજના ઘડવાનું

કંપની વિચારી રહી છે. આ રીતે જન્મથી માંડીને મરણ સુધીની તમામ ક્રિયાઓને માટે કંપનીએ જોગવાઈ કરી છે–માત્ર જન્મતાં પહેલાં તપાસ કરીને એડવાન્સ રકમ આપવાનું ધોરણ નથી દાખલ થયું એટલી જ ન્યૂનતા છે, કદાચ એ શરતચૂકને લીધે જ હશે.

આ કંપનીના એકસ–ઓફિસિયો ડાયરેકટર શ્રી. ધીરૂભાઇ ઠાકોર અને સુરતવાળા મશહુર જેરામભાઈ એલ. પટેલ છે. સાબરમતી જેલના સંગાથી શ્રી. રતીલાલ એન. જરીવાળા (સુરતવાળા) કંપનીના એક ડાયરેકટર છે અને કંપની ૧૯૧૨ ના પ્રોવિડન્ટ સોસાયટી એકટ મુજબ રજીસ્ટર થઇ ગઈ છે.

સરકારે તેને રજીસ્ટર કરી છે એટલું જ નહિ પણ ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રીઓએ પણ તેને બહિષ્કારને પાત્ર વીમા કંપનીની યાદીમાં રજીસ્ટર કરી છે અને ૫૬ કંપનીઓમાં તેનો સમાવેશ કર્યો છે. આથી સૌને તેનો બહિષ્કાર કરવા ભલામણ કરૂં છું.

સાવધાન સમિતિ માને છે કે વહેંચણીના ધોરણ પર દેખાદેખીથી ઉભી થયેલી આ પરપોટા કંપનીઓએ "સમસ્ત પ્રજાનો વીમા માત્રમાંથી થોડા વખત માટે વિશ્વાસ ઉડાડી દીધો છે." એ વિશ્વાસ પાછો મેળવવા માટે અને પરદેશી વીમા કંપનીઓ તેનો અયોગ્ય લાભ ન ઉઠાવે તે માટે સાવધાન સમિતિ સૌને સાવધાન કરે છે કે સ્વદેશી માત્ર 'ફ્રોડ' (ઠગાઇ) નથી પણ આ વહેંચણીના ધોરણ પર કામ કરનારી કંપનીઓનો રાફડો જ 'ફ્રોડ' છે માટે તેનાથી દૂર રહેજો.

આવી કંપનીઓમાં કેટલાક મહાસભાવાદીઓએ પોતાનાં નામ ડિરેકટર તરીકે આપ્યાં છે તેમાંના કેટલાક જેઓ અજાણ્યે તેમાં ફસાયા હતા તેઓ રાજીનામાં આપી છૂટા થયા છે અને હજુ કેટલાક તેને વળગી રહ્યા છે, તેઓ અજાણ્યે વળગી રહ્યા છે એમ કોઇ માની શકે તેમ નથી. ગુજરાત પ્રાંતિક સમિતિની સામાન્ય સભાએ મહાસભાના કાર્યકર્તાઓને આ કંપનીઓ સાથેનો સંબંધ

છોડી દેવાનું જણાવતો ઠરાવ કર્યો છે એ પરથી આશા રહે છે કે એ સમિતિના સભ્યો તો એનું પાલન કરશે જ. અને ન કરી શકે તો પ્રમાણિક માણુસ તરીકે તેમણે ગુજરાત પ્રાંતિક સમિતિમાંથી રાજી-નામું આપવું જોઈએ જેથી મહાસભાવાદી તરીકેના તેમના નામથી કોઇ ઠગાય નહિ.

રા. સા. દાદુભાઈ દેસાઈ જોગ ખુલ્લો પત્ર.

રાવસાહેબ દાદુભાઇ પી. દેસાઇ બી. એ. એકસ એમ. એલ. સી. જમીનદાર, નડીઆદ, ડાયરેકટર, ધી વીનસ એસ્યુરન્સ કં. લી. (દિલ્હી) જોગ.

શ્રીમાન મહાશય,

વિ. વિ. સાથે જણાવવાનું કે આપની વીનસ કંપનીના ફ્રી એસ્યુરન્સ વિભાગમાં (મફત વીમા કું. માં) અમારા કુટુમ્બી જનોએ તથા અમારા ગ્રામવાસીઓએ માત્ર આપના મુબારક નામથી દોરવાઇ જઇ જીંદગીનો (મફત) વીમો ઉતરાવેલ છે અને એમાં હજારો રૂપીઆનું રોકાણ થયું છે, પરંતુ આજે જ્યારે જાહેર છાપાંઓ દ્વારા આવી કંપનીઓ ઉપર જાહેર હુમલાઓ થતા હોવા છતાં આપ નામદાર ચૂપકીદી પકડી બેસી રહ્યા છો એ જોઇ અમારી અજાયબી વધતી ગઇ જેથી અમે આપ રાવસાહેબને તા. ૧૬-૮-૩૧ નો પત્ર લખી સત્ય વસ્તુસ્થિતિ વિષે ખુલાસો માગેલ હતો પરંતુ એનો બિલકુલ આપની તરફથી ઉત્તર નહિ મળવાથી એ ખુલાસો અમારે જાહેર પત્રદ્વારા માગવાની ફરજ પડી છે. અમે ખાત્રીથી માનીએ છીએ કે આપ "પ્રતિષ્ઠિત દેશનેતા" જાહેર પત્રદ્વારા ખુલાસો આપશો કે આવી સ્થિતિમાં આપની કંપની વિશે પ્રજાએ શો મત બાંધવો. પ્રજા તો આપને જ જવાબદાર ગણે છે.

મુ. ચીંચણ,
પોસ્ટ તારાપુર,
જીલ્લા થાણા.
તા. ૧૪-૯-૩૧.

લી. આપનો વિશ્વાસુ,

ગોરધનદાસ ભીખારીદાસ શાહ,

ચીંચણવાળા.

રાણી ઇલિઝાબેથના ચાંચીયાઓ.

કેટલાક મહાસભાવાદી જેઓ આવી કંપનીઓના એજન્ટો બનીને બેઠા છે તેઓ એવી દલીલ કરે છે કે "યુદ્ધ વખતે અમે ભોગ આપ્યો હવે શાંતિનો સમય છે. શાંતિના સમયમાં અમને બે પૈસા આમાંથી કમાવા દો જેથી બીજી લડાઈ વખતે અમે તૈયાર થઇએ." આવા મહાસભાવાદીઓએ કમિશન તરીકે મહિનાના ૪૦૦ થી ૮૦૦ રૂપિયા પાડયા છે કારણ કે ચાર–પાંચ 'મફત' વીમા કંપનીઓની એજન્સીઓ રાખી આખા તાલુકાને તેમણે મુંડયો છે. તેમની આ દલીલ સાંભળી મને રાણી ઇલિઝાબેથના જમાનાના ડેઇક અને ફ્રાન્સીસનું સ્મરણ થઇ આવે છે. યુદ્ધ વખતે વહાણો લઈ સ્પેનના કાફલાને ઇગ્લાંડના કિનારેથી હઠાવનાર આ બહાદુરો શાન્તિના સમયમાં એ જ વહાણો લઈ બિસ્કેના અખાત અને આટલાંટિક સમુદ્રમાં વેપારીઓનાં વહાણોને લુંટવાનું ચાંચીયાનું કામ કરતા અને તેમના સામેની ફરિયાદ રાણી ઇલિઝાબેથ કાને નહિ ધરતી કારણ કે એ સત્તરમી સદી હતી. આજે એ સત્તરમી સદીની નીતિની દલીલ એ કાર્યકર્તાઓ પેશ કરે છે ત્યારે સહેજે મારાથી કહેવાઈ જવાય છે કે "આ સત્તરમી સદી નથી, વીસમી સદી છે. આ રાણી ઇલિઝાબેથનું રાજ નથી, મહાત્મા ગાંધીજીનું રાજ છે; અને ડ્રેઇક અને ફ્રાન્સીસ જેવી બહાદુરી તમે બતાવી નથી. તમારામાંથી ઘણાઓએ તો ગરીબોને લૂંટવાનું તમારૂં કામ સરસ રીતે ચાલે તે માટે જ મહાસભાનો યુનિફોર્મ પહેર્યો છે અને લડાઈ વખતે તમને આગળ કરતાં અમને કેટલી મુશ્કેલી પડી છે એ અમારૂં મન જાણે છે. માટે સાનમાં સમજી જાઓ એમાં જ તમારી શોભા છે. મહાસભાનો યુનિફોર્મ ઉતારી અને તેના હોદ્દાનો ત્યાગ કરી તમારે કરવું હોય તે કરો–તે પછી મહાસભાને નામે તમારાથી કોઇ નહિ છેતરાય અને પોલિસ પણ ભૂલાવામાં નહિ પડે."

[લેખાંક ૧૫ મો : તા. ૨૪-૯-૩૧]

વડોદરાની ગુજરાત પ્રોવિડન્ટ કંપની.

આ કંપનીના કાયદાના સલાહકાર શ્રી. પ્રાણુલાલ ઠાકોરલાલ મુનશીએ કંપની સાથેનો સંબંધ છોડી દીધો છે અને વડોદરા રાજ્યના ફસાયેલા ગરીબોને વડોદરા રાજ્ય પ્રજામંડળ તરફથી સહાય કરવા કમ્મર કસી છે. એ રાજ્યના પોલિસીહોલ્ડરો શ્રી. છોટાલાલ સુતરિયા વકીલ, પ્રમુખ, વડોદરા રાજ્ય પ્રજા મંડળને પોતાની તમામ હકીકત લખી મોકલે જેથી તેઓ તેમને બનતી તમામ સહાય આપશે. ઇસ્ટર્ન બેન્કિંગ એન્ડ પ્રોવિડન્ટ કંપનીના મેમ્બરો પણ તેમના પર જ ફરિયાદ લખી મોકલે કારણકે એ કંપનીએ મોટે ભાગે નવસારી પ્રાંત અને વડોદરા રાજ્યના મેમ્બરોને જ ઠગ્યા છે.

પાટલૂનમાંથી ધોતિયામાં !

ઘણા મેમ્બરો જણાવે છે કે ગુજરાત પ્રોવિડન્ટ કંપનીના એજન્ટો એમ કહે છે કે આ કંપની હવે સુધરી ગઇ છે અને તેથી તેના વિષે હું હવે લેખમાં કંઇ લખતો નથી. આ વાત સાવ ખોટી છે-તે જરાયે સુધરી નથી, ઉલટું રૂ. ૨૫૦) ની જે એડવાન્સ રકમ મરનારના વારસોને આપતી હતી તે પણ હવે પહેલાંની માફક આપતી નથી અને ઠગ માણસો ખુલ્લા પડી જતાં નફ્ટ બની જાય તેમ નફ્ટ બની છે. જે માસમાં ત્રણ કરતાં વધારે મરણ થયાં છે તેમના વારસદારોને બીજા માસમાં ઠેલે છે અને આવી રીતે એટલો બધો જુમલો થયો છે કે મહિનાઓ થયાં વારસદારો સાડાબારસોના પોટલાની ચાતકની માફક રાહ જુએ છે પણ પોટલું દેખાતું નથી ! આને લીધે નવા કોલ ભરાતા બંધ થયા છે કારણકે જે જાદુ હતો તે આ પોટલાનો હતો અને નવા કોલ બંધ થતાં પોટલા બંધાતા નથી કે ફેંકી શકાતા નથી. ખરેખર, કંપનીની હાલની સ્થિતિ એવી દયાજનક છે કે એજન્ટો

પાટલૂન છોડી ધોતિયામાં આવી ગયા છે અને ગાડી મૂકી પગે ઢસરડો કરે છે છતાં નવો કેસ મળતો નથી. જુના મેમ્બરો કંપની ક્યારે લીકવીડેશન (ફડચા) માં જાય તેની રાહ જોઇ બેઠા છે અને આમને આમ ચાલે તો કંપની એ ફેજે પહોંચી જાય તો નવાઇ નહિ.

"ઘુંઘટકા પટ ખોલરે"

આજકાલ 'હિંદુસ્થાન' અને 'મુંબઈ સમાચાર'માં "વીમાનો અભ્યાસી" "પ્રજાસેવક" "એક અનુભવી" વગેરે સંજ્ઞાઓથી મફત વીમા કંપનીઓ પર ચર્ચાપત્રો પ્રગટ થવા માંડયાં છે પણ ગરીબોની દાઝ હૈડે ધરાવવાનો દાવો કરનાર આ બિરાદરો (?) સંજ્ઞાઓનો આશરો છોડી પોતાનું પૂરૂં નામઠામ આપતાં શા માટે અચકાય છે? આ બધું જોઇ મને કબીરજીના એક ભજનની પ્રથમ તુક યાદ આવે છે: "ઘુંઘટકા પટ ખોલ રે તોહે રામ મિલેંગે." માત્ર એમાં હું એટલો જ ફેરફાર સૂચવી આ ચર્ચાપત્રીઓને જણાવું છું "ઘુંઘટકા પટ ખોલ રે તોહે ઉત્તર મિલેંગે."

'મુંબઇ સમાચાર' માં પ્રસિદ્ધ થયેલા એક ચર્ચાપત્રનો લેખક "ઉપેન્દ્રે" પોતાનું પૂરૂં નામઠામ આપવાની હિંમત હજુ સુધી કરી નથી અને તેથી સ્વાભાવિક રીતે જ પ્રજા એમ અનુમાન દોરે છે કે કંપનીની સાથે હિત-સંબંધ ધરાવનારાઓ આવું માયાવી રૂપ લઇ ગરીબોના વધારે પૈસાનું પાણી કરાવી કંપનીઓને કોઇપણ રીતે ટકાવવા માગે છે. ઉપરના ચર્ચાપત્રીઓ જો પોતાનું પૂરૂં નામઠામ બહાર નહિ પાડે તો તેમને માટે પણ પ્રજા તેવું જ અનુમાન દોરે એવો સંભવ છે અને તેથી હું તેમને ફરીથી કહું છું: "ઘુઘંટકા પટ ખોલ."

[લેખાંક ૧૬ મો : તા. ૧-૧૦-૩૧]

"સ્વરાજ્ય ગેઝેટ."

"સ્વરાજ્ય ગેઝેટ" એ મુંબઇનું તાજેતરમાં પ્રસિદ્ધ થયેલું બે પૈસાનું માસિક છે અને "ગુજરાત પ્રાંતિક સમિતિમાં ભયંકર

કાવતરૂં" એ તેની પ્રથમ શોધ છે. આ પત્રની પાછળ કોનો કોનો હાથ છે તે એ પત્ર વાંચતાં જ સહેજે જણાઇ આવે છે. એની ભાષા જેટલી ગલીચ છે એટલા એના વિચારો પણ ગલીચ છે અને એમાં કરેલા આક્ષેપો તદ્દન જૂઠા અને હલકટ છે. ગુજરાતી પ્રજા ગુજરાત પ્રાંતિક સમિતિ અને તેના પ્રમુખશ્રી સરદાર વલ્લભભાઇના કાર્યથી સંપૂર્ણ રીતે માહિતગાર છે. રેલસંકટ વખતે કે દુકાળ વખતે કે 'મફત' વીમા કંપનીઓની આવી 'મહામારી' વખતે ગરીબોને સહાય આપી તેમનું રક્ષણ કરવાનો ગુજરાત પ્રાંતિક સમિતિએ ધર્મ બજાવ્યો છે, એથી આ "સ્વરાજ્ય બોન્ડ" નું "સ્વરાજ્ય ગેઝેટ" છેડાઇ પડયું છે. ગરીબોનાં ગજવાં કાતરનાર હાથ પર સાવધાન સમિતિની મજબૂત પકડ પડવાથી એ સાવધાન સમિતિ પર ઉતરી પડયું છે, પણ એ ચીસનો અવાજ આટલો મોટો છે એ પરથી પકડ કેવી મજબુત છે તેનો ખ્યાલ આવે છે. છપ્પનીઆની વાત છે. મુડદાં કંપનીઓ સામેની 'પ્રજાબંધુ' ની ઝુંબેશ વધી પડી એટલે "વેપાર અને ઉદ્યોગ" અઠવાડિકમાં મુડદાં કંપનીઓના બચાવમાં ગણપતરામની કલમ ચાલી. આજે એ "વેપાર અને ઉદ્યોગ" એના લેખકો અને સહાયકો અને એ "મુડદાં કંપનીઓ" નો લય થયો છે; છતાં "પ્રજાબંધુ" જેવું ને તેવું અક્ષત ઉભું છે. એ કલમના ચલાવનારા ભીષ્મપિતામહ સમા લેખક હયાત છે અને આજે એ મુડદાં કંપનીઓનાં નવા ફાલ પર પોતાની કાળના વહેવા છતાંયે એટલી જ તેજીલી અને અનુભવ નીતરતી કલમનો ઝપાટો એવો તો ચલાવે છે કે એ મુડદાંના પૈસા ખાનારાઓનાં હૈયાં સમસમી જાય છે, એમની કલમ બુઠી થઇ જાય છે, એમનાં મ્હોં અબોલ બની જાય છે અને માત્ર "બચાવો, બચાવો" એટલા જ સ્વરો સંભળાય છે.

બંધુ, હવે તો એ જ માર્ગ!

પણ હવે તો બંધુ, એ જ માર્ગ. મુડદાં કંપનીઓનો જે રાજમાર્ગ એ જ માર્ગ ત્હારે માટે નિર્માયો છે. પ્રભુનિર્મિત એ

માર્ગ છે. સરદારે તેને ચીંધ્યો છે, મહાત્માજીએ તેને અનુમોદ્યો છે, એકચ્યુઅરી તે ખાળી શકે તેમ નથી, સોલીસીટર તેમાંથી બચાવી શકે તેમ નથી. માટે બંધુ, એ જ માર્ગ. કોઇ તેને લીકવીડેશનનો માર્ગ કહે છે, કોઇ તેને ફડચાનો માર્ગ કહે છે, કોઇ તેને લાભ લેવાનો માર્ગ કહે છે, કોઇ તેને દેવાળિયાનો માર્ગ કહે છે, પણ તે તો "ઘાટ ઘડયા પછી નામરૂપ જૂજવાં, કનકકુણ્ડલ વિષે ભેદ ન્હોયે."

[લેખાંક ૧૮ મો : તા. ૧૫-૧૦-૩૧]

નેપચ્યુન કંપનીની ઓફિસ પર વડોદરામાં દરોડો.

વડોદરાનું "નવ ગુજરાત" તા. ૧૨–૧૦–૩૧ ના અંકમાં નીચે પ્રમાણે સમાચાર પ્રસિદ્ધ કરે છેઃ—

"ધી નેપચ્યૂન એશ્યુરન્સ કું. લી. ની અહીંની ઓફિસ ઉપર વેપાર ઉદ્યોગ ખાતાએ ફરીયાદ કરતાં મેજીસ્ટ્રેટે ઝડતી વોરંટ કાઢતાં રાવપુરા પોલીસે એ ઓફિસના મકાનમાં ગયા શુક્રવારે ઝડતી લઇ જરૂરી ચોપડાઓ હસ્તગત કર્યા હતા. સાંભળવા પ્રમાણે કંપનીએ નિયમ વિરૂદ્ધ કામકાજ કર્યાને લીધે વેપાર ઉદ્યોગ ખાતાને ફરીઆદ કરવી પડી હતી."

હું માનું છું કે આ કેસ એ ટેસ્ટ કેસ (અજમાયશી કેસ) છે અને તે કરવા માટે વડોદરા રાજ્યના વેપાર ઉદ્યોગ ખાતાના અધિકારીને ધન્યવાદ ઘટે છે. આ ઉપરથી જોઇ શકાશે કે અત્યારસુધીમાં ખોટી લાલચો આપી, ફરેબબાજીથી ભરાવેલાં મેમ્બરોનાં નાણું પાછાં કઢાવવાની સરકાર પાસે સત્તા છે અને મુંબઇ સરકાર જો ધારશે તો આ બધી 'મફત' વીમા કંપનીઓના ડીરેકટરો અને શેરહોલ્ડરો પાસેથી ગરીબ ખેડુતોનાં નાણું પાછાં અપાવી શકશે. 'મફત' વીમા કંપનીઓના કબૂતરખાનામાં આથી ફફડાટ પેઠો છે. મુંબઇ સરકારની ધારાસભામાં થયેલા સવાલ જવાબથી આ ફફડાટ ખૂબ જ વધી ગયો છે અને મુંબઇનાં કેટલાંક દૈનિક પત્રોએ તે ઉપર અગ્રલેખો લખી "પરપોટા

વીમા કંપનીઓ બંધ કરાવો !" ની ઘોષણા કરી આ ગભરામણુ ખૂબ જ વધારી મૂકી છે. સમય ખૂબ જ બારીક છે. નવા મેમ્બરો નોંધાતા નથી, જુના મેમ્બરો લવાજમ ભરતા નથી અને કેટલાક જાહેરખબરોનાં લાલચુ પેપરોનું મ્હોં બંધ રાખવા જાહેર ખબરોનું ખર્ચ ખૂબ જ વધી ગયું છે છતાં મેમ્બર મળતા નથી ! ધી ઇસ્ટર્ન બેકિંગ કં. તા. ૩ જી ઓકટોબરના પત્રમાં જણાવે છે કે જુલાઇની આખરે ૩૨૬૬ સભાસદો હતા તેમાંથી ૮૨૮ રૂપીઆ જ ઉઘરાણાના આવ્યાં છે. એટલે કે—

દર ૧૦૦ માંથી ૭૫ સભાસદ ખરી પડયા ! અને મરણપ્રમાણ દર વરસે હજારે ૨૭૫ નું થયું !

આ ૮૨૮ રૂપીઆમાંથી ૨૦ ટકા ખર્ચના કાપતાં બાકી રહ્યા રૂા. ૬૬૨ અને મરણ થયા ૧૯ એટલે મરનારના વારસને **માથાદીઠ રૂા. ૩૫ આવે છે !** આ કંપનીના મેનેજર મિ. રત્નાગર રૂપીઆની ઉઘરાણી કરનાર એક મરનારના વારસને જણાવે છે કે "નિયમ પ્રમાણે તમારે ભાગે ૩૫ રૂપિયા આવે છે પણ કંપનીએ તમને રૂપિયા ૧૦૦ એડવાન્સ આપ્યા છે માટે હવે મહેરબાની કરો અને બીજા પૈસાની માગણી ન કરો, નહિ તો ઉપરની રકમ તમારે પાછી આપવી પડશે."

મરણની રકમ રૂ. ૩૫ અને એડવાન્સની રૂ. ૧૦૦!

મરણની ફાળે આવતી રકમ કરતાં એડવાન્સની રકમ મોટી ! "બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી" જેવી આ તો વાત થઇ. ક્યાં રૂા. ૫૦૦–૧૦૦૦ નાં પોટલાં અને ક્યાં આ **રૂપિયા ૩૫** ની નાદર રકમ ! ઘણી કંપનીઓની આવી માઠી દશા છે અને તે ટુંક સમયમાં બ્હાર પડશે. માત્ર મરણને કાંઠે આવેલા જે ડોસા–ડોસીઓ હજુ ડેથકોલ ભર્યે જાય છે તેમને આવી નાદર રકમના દર્શન થતાં તેમની માયાનાં બંધન છૂટી ન જાય તે માટે એડવાન્સની રકમમાં ધીરે ધીરે ઘટાડો કરવો એ જ સરસ યુક્તિ છે અને એથી પણ

જો માઠો અવસર આવે તો મર્યા પછી તેમની ઉમ્મરનું પ્રમાણપત્ર માગવાનું કંપનીના નિયમોમાં લખેલું છે!

રૂપિયા પચાસ હજારની નુકસાનીનો દાવો.

સાવધાન સમિતિના સભ્યો પર મુંબઇની ધી યુનિયન બેનિફીટ ગેરંટી કંપની લીમીટેડે એ કંપનીનું નામ બહિષ્કારની યાદીમાં મૂકવા બદલ રૂપિયા ૫૦૦૦૦) નો મુંબઇની હાઇકોર્ટમાં નુકસાનીનો દાવો માંડયો છે. આ કેસની સુનાવણી ૧૯૩૨ ના જાનેવારીની ૪ થી તારીખે છે.

[લેખાંક ૧૯ મો: તા. ૨૩-૧૦-૩૧]

નવી યોજનામાં જોડાવાથી શું નુકસાન?

ગાંધીમંદિર, બોઢાથી ભાઇશ્રી ભોગીલાલ ગાંધી મને ઉપરનો પ્રશ્ન પૂછે છે. આ પ્રશ્ન જાહેર હિતનો હોવાથી શ્રી. મરાઠેએ ઘડી આપેલી નવી યોજનાઓમાં જૂના પોલિસીહોલ્ડરોએ શા માટે ન જોડાવું તેનાં કારણો ટુંકામાં નીચે પ્રમાણે છે:—

૧. નવી યોજના જુની યોજના કરતાં વધારે રકમ લઇ ઓછી રકમ આપે છે. દાખલા તરીકે વીનસની જૂની યોજના પ્રમાણે ફારેગ થતાં સુધી મેમ્બર કંપનીને રૂ. ૧૮ાા ભરતો, હવે નવી યોજના પ્રમાણે ૪૧ થી ૫૦ વર્ષ સુધીની ઉમ્મરવાળો મેમ્બર રૂ. ૨૮૫ાા ભરે છે અને ગેરંટી માત્ર રૂ. ૨૫૨ ની છે. ગુજરાત પોપ્યુલર રૂ. ૧૮ાા ને બદલે હવે રૂ. ૨૧૮ાા માગે છે અને ધી ન્યૂ બોમ્બે બેન્કિંગ રૂ. ૧૬૧ાા ને બદલે રૂ. ૨૪૩ાા માગે છે. અત્યાર સુધીમાં રૂ. ૫૦૦–૧૦૦૦ નાં જે પોટલાં છૂટથી ફેંકાયા છે તે હવેથી મળે તેવો જરાયે સંભવ નથી.

૨. નવી યોજનામાં એડવાન્સની રકમ (અગાઉ આપવાની રકમ જેને ગામડાની ભાષામાં લોકો બારમાની રકમ કહે છે) માત્ર રૂ. ૧૦૦)ની છે જ્યારે જુની યોજના પ્રમાણે તે રૂ. ૨૫૦) સુધીની હતી.

૩. ૩૦–૩૫ વરસથી વધારે ઉમ્મરવાળા પાસેથી કંપની હવે ઉમ્મરનું પ્રમાણપત્ર માગે છે. "ગરીબોના ખાસ લાભ માટે ઉમ્મરના પ્રમાણપત્રની જરૂર નથી" એ જાહેર ખબર કંપનીએ બંધ કરી દીધી છે. આથી નવી યોજનામાં દાખલ થનાર જુના મેમ્બરને ઉમ્મરના પ્રમાણમાં વધારાની ફીના પૈસા ભરવા પડે છે અને એ પછી "ખાસ લાભ" કંઈ રહેતો નથી.

૪. પોલિસી પાકવાની મુદત પહેલાં ૫ થી ૬ માસની હતી તે હવે બાર માસની કરી છે. આથી લાંબી મુદતના રોગી સિવાય બીજાઓને 'વીમો કરવા' નું પાલવે તેમ નથી. ટુંક અરસામાં મરણ પામનાર જુના પોલિસીહોલ્ડરને નવી યોજનામાં દાખલ થવાથી રૂ. ૨૦–૨૫ મળશે, રૂ. ૨૦૦–૫૦૦ નાં પોટલાં મળવાનાં નથી.

૫. મેનેજમેન્ટ ખર્ચ ૧૦ ટકાને બદલે વીનસે ૧૨॥ ટકા કર્યું છે અને ગુજરાત પોપ્યુલર અને ન્યૂ બોમ્બે બેન્કિંગે ૧૦ ના ૨૦ ટકા કર્યું છે.

રીઝર્વ ફંડ ૧૦ થી ૪૦ ટકા સુધી રાખવાની નવી યોજનામાં ડીરેકટરોને સત્તા છે એટલે હવે એકઠા થએલા પ્રિમિયમના ૮૦ ટકામાંથી ફાળે પડતી વહેંચણી કરવામાં આવશે નહિ. ડીરેકટરો ધારે તો માસિક પ્રિમિયમના માત્ર ૪૦ ટકામાંથી ફાળે પડતી વહેંચણી કરે તો કાયદા પ્રમાણે કોઇ તેમને અટકાવી શકે તેમ નથી.

૬. જૂની યોજનામાં દંપતીનાં જે જોડાંઓની ભેગી પોલિસી નેપચ્યૂન, ન્યૂ બોમ્બે બેન્કિંગ વગેરે તરફથી આપવામાં આવતી તે દંપતીને આ નવી યોજના વિખૂટાં પાડે છે. દંપતીની ભેગી પોલિસીની શોધ કરવાનું માન કઈ કંપનીને ઘટે છે એ તો આ કંપનીઓની એસોસિએશનો સત્તાવાર જાહેર કરે ત્યારે જ ખબર પડે.

૭. મિ. મરાઠેની નવી યોજનાઓમાં વહેંચણીનું તત્ત્વ કાયમ છે એમ હિંદુસ્તાનના તેમના જેવા જ નામાંકિત વીમાશાસ્ત્રીઓનો અભિપ્રાય છે. આવા પાંચ વીમાશાસ્ત્રીઓએ તેમની નવી યોજનાને

નાપસંદ કરી છે અને એથી સાવધાન સમિતિએ તેને મંજૂરી આપી નથી. વીમાશાસ્ત્રીઓ માને છે કે નવી યોજના પણ જુની યોજના પ્રમાણે નિષ્ફળ જવાની છે અને થોડા સમય પછી એ નવી યોજનામાં પણ સુધારા વધારા કરવાની આ કંપનીઓને ફરજ પડવાની છે, સિવાય કે તે પહેલાં તેમાંની કેટલીક લીક્વીડેશન (ફડચા) માં ચાલી જાય.

૮. જુની યોજનાવાળો સભ્ય કંપની લીકવીડેશન (ફડચા) માં જાય ત્યારે નોટિસ આપ્યાથી ભાગે પડતી રકમ મેળવી શકે છે ત્યારે નવી યોજનામાં દાખલ થવાથી તે પોતાના જુની યોજનાના તમામ હક્ક ગુમાવી બેસે છે.

"સર્વ હક્ક સ્વાધીન."

વીનસની નવી યોજનામાં નિયમ ૨૭ (ડ) નીચે પ્રમાણે છે:-" અગાઉ નોટીસ આપ્યા સિવાય અગર પોલિસી હોલ્ડરોની સંમતિ લીધા સિવાય ઉપરના તથા વખતોવખત અમલમાં હોય એવા એક અથવા વધારે નિયમોમાં ફેરફાર કરવા, વધારવા, સુધારવા, રદ કરવા વિગેરેના સર્વ હક્ક કંપની પોતાના સ્વાધીનમાં રાખે છે, અને એવા ફેરફાર, વધારા, સુધારા, રદ કરવા વિગેરેનો અમલ પાછલી તારીખથી અથવા બીજી રીતે કંપનીને યોગ્ય લાગે તેમ કરવા સર્વ હક્ક સ્વાધીન રાખે છે......"

"૧૮૬૭ ના કૉપીરાઈટ એકટ પ્રમાણે આ પુસ્તક રજીસ્ટર થયું છે અને માલિકને તેના સર્વ હક્ક સ્વાધીન છે" એવું જુનાં પુસ્તકોમાં વાંચ્યાનું મારૂં સ્મરણ આ વાંચી તાજુ થયું છે. માત્ર "આ પુસ્તક કે તેમાંનો ભાગ અમારી રજા સિવાય કોઇએ છાપવો કે છપાવવો નહિ" એટલી ન્યુનતા છે. આનું કારણ ચતુર વાંચક સહેજે સમજી શકશે.

પણ પુસ્તકમાં જે વાત યથોચિત સ્થાને અને પ્રસ્તુત છે તે પોલિસી હોલ્ડરો સાથેના કંપનીના કોન્ટ્રેક્ટમાં બીલકુલ અસ્થાને

અને અપ્રસ્તુત છે અને આ સુધારાઓનો અમલ "પાછલી તારીખથી" કરવામાં આવશે એવો "સર્વ હક્ક સ્વાધીન" રાખી કંપનીએ ઓવર બાઉન્ડરી લગાવી છે. કોઇ પણ પોલિસી હોલ્ડર આવા નિયમ પર સહી મૂકે એટલે કંપનીના હાથમાં પોતાનું ગળું કાપવાની છરી મૂકે. નવાઈની વાત તો એ છે કે સાવધાન સમિતિ, ડૉક્ટર પટ્ટાભી અને બીજાઓને મંજુરી માટે વીનસના મેનેજર મિ. નરસિંહમે નવી યોજનાની પૂરી પાડેલી નકલોમાં આ કલમ દેખાતી જ નથી! કાંતો તે પાછળનો ઉમેરો છે કે બીજાઓની આંખમાં ધૂળ નાંખવાની બાજી છે. જો તે આંખમાં ધુળ નાંખવાની બાજી હોય તો તે ખુલ્લી પડી ગઇ છે અને એ બાજીમાં કોઇ ફસાયું નથી. માત્ર શ્રીયુત મરાઠેને ગળે આ કલમ કેમ ઉતરી ગઇ તે સમજાતું નથી!

પાટનગર બેન્કીંગ યુનિયન રાજીખુશીથી ફડચામાં.

ધી પાટનગર બેન્કીંગ યુનિયન લીમીટેડ તેમની સામે કેસ કરનાર મિ. મોહનલાલને સંતોષ આપી રાજીખુશીથી ફડચામાં ગયું છે અને તેની નોટીસ લીકવીડેટર મિ. ઝવેરભાઇ આત્મારામ પટેલ તરફથી કંપનીના લેણદારોને તા. ૧૯-૧૦-૩૧ ના રોજ આપવામાં આવી છે.

બેકારીનાં ચિન્હ.

કેટલીક 'મફત' વીમા કંપનીઓએ સાવધાન સમિતિ પર નોટિસો મોકલવા માંડી છે કે "અમારૂં નામ બહિષ્કારની યાદીમાંથી કાઢી નાંખો, નહિ તો દાવો માંડીશું." સાવધાન સમિતિ આવા દાવાઓનો સામનો કરવા ખડે પગે તૈયાર છે. એક અગ્રગણ્ય નેતાના શબ્દોમાં તો "ભલે, એક નહિ પણ એકવીસ જગ્યાએ દાવો માંડે, સાવધાન સમિતિ તેને પહોંચી વળશે." સરદાર વલ્લભભાઇના કહેવા મુજબ ધંધો બંધ થઇ જવાથી કંપનીઓનાં જાહેરાત મેળવવાનાં આ બધાં ફાંફાં છે. એની ભૂખ જરાયે મટવાની નથી અને આવા લાંબા દાવાઓનો નિકાલ થતાં પહેલાં તો કેટલીક કંપનીઓએ લીકવાડેશનનો માર્ગ પકડ્યો છે. કેટલાક બેકાર વકીલો અને

સોલિસીટરોને આથી કંઈક રોજી મળશે પણ એથી આવી કંપનીઓ પ્રત્યે સરકારનું ધ્યાન જલદી ખેંચશે અને તેમનો અંત જલદી આવશે એ નિઃસંશય છે. આથી જે કોઇ સીધી કે આડકતરી રીતે આ કંપનીઓને આંતરી અદાલતમાં પેશ કરવા પ્રયત્ન કરી રહ્યા છે, તેઓ સાવધાન સમિતિના કાર્યને ગુપ્ત રીતે મદદ કરી રહ્યા છે, કારણકે સરકારી અદાલત એ આવી કંપનીઓનું કબ્રસ્તાન છે. ત્યાં ગયેલી આવી કોઇ પણ કંપની જીવવા પામી નથી અને પામવાની પણ નથી. માટે હવે તો બંધુ, એ જ માર્ગ. તારા જેવા મહાજનોનો એ રાજમાર્ગ છે.. આબરૂભેર મૃત્યુને ભેટવાનો એ સૂજનજૂનો માર્ગ છે. તારા જેવા અનેક યાત્રીઓની પદધૂલિથી પુનિત થયેલો એ માર્ગ છે. અનેક દુઃખિયારાના દુઃખને ફેડનારો, ભયગ્રસ્તના ભયને વિદારનારો, દુનિયાની ખોટી લજ્જાને નિવારનારો એ માર્ગ છે. અનેક પંથીઓએ એ માર્ગ વટાવી ઘનઘોર નિરાશામાં આશાનું કિરણ જોયું છે, નાશવંત દેહમાં અવિનાશી તત્ત્વ નિહાળ્યું છે, દુનિયાની ઘૃણા અને તિરસ્કારનો લય થતો નિરખ્યો છે, માટે બંધુ, એજ માર્ગ. તરસ્યાને જળસિંચન કરનારો, ક્ષુધાતુરને ભોજન દેનારો, નિઃવસ્ત્રને વસ્ત્ર આપનારો, નિર્વાહનને વાહન દેનારો, નિર્ધનને ધનવાન બનાવનારો એ માર્ગ છે. ચાર્વાક-મુનિના અનેક શિષ્યોએ એને ઓળખાવ્યો છે, ઘણાઓએ એને અપનાવ્યો છે અને કેટલાકે એને સિદ્ધ કર્યો છે. અશ્વિનીકુમારની અપ્રતિમ માત્રા સમો ગુણદાયી એ માર્ગ છે. પચે છે તેને પાવન કરે છે, ગયેલી સુખસંપત્તિ, ગીરો મૂકેલાં ઘરબાર અને સ્ત્રીધન પાછાં વાળે છે, ગયેલો વેપાર તાજો કરે છે, ગયેલા મિત્રો ફરી મળે છે એવો સુખદાયી અને મહિમાવંતો એ માર્ગ છે. વકીલોએ તેને વખાણ્યો છે, સોલિસીટરોએ તેને સન્માન્યો છે, બેરિસ્ટરોએ તેનાં ગુણગાન ગાયાં છે, રીસીવરોએ તેને હૃદયાશું ચાંપ્યો છે, લીકવીડેટરોએ તેને કંઠે લગાડયો છે એવો એ અનેકનો લાડીલો માર્ગ છે. માટે હવે તો બંધુ, એ જ માર્ગ.

ઠગારી કંપનીઓ.

ચોરો રાત્રે ચોરી કરે છે પણ ધોળે દિવસે, ઢોલ વગાડીને છાપામાં જાહેર ખબરો છપાવીને, એજંટો રાખીને, લાખો હસ્તપત્રો વહેંચી-વહેંચાવીને, પાંચ-દશ રૂપિયા ભરવાથી હજાર-બારસો રૂપિયા મળવાની ખોટી ખોટી લાલચો આપીને, અજ્ઞાન, ગરીબ અને ભોળા લોકોને પાંચ-સાત યુક્તિબાજ માણસો કંપની કાઢી કેવી રીતે ઠગી શકે છે તેનું આબેહૂબ દૃષ્ટાંત કીડીઓના રાફડાની માફક ફાટી નીકળેલી હાલની 'મફત' વીમા કંપનીઓ છે. ૩૦-૩૫ વર્ષ ઉપર આવી સેંકડો કંપનીઓ ગામડાંઓમાં નીકળી હતી અને ભોળા લોકોને લુંટવાનું કામ એકાદ વર્ષ કરી, પાપ ઉઘાડું પડતાં આપોઆપ જ બંધ પડી હતી. હાલની 'મફત' વીમા કંપનીઓ એ ઠગારી કંપનીઓની જ બીજી યા ત્રીજી આવૃત્તિ છે, એમ કહીએ તો ચાલે. ગામડાંના હજારો ભોળા લોકો—મુખ્યત્વે કરીને ખેડુતો, મજૂરો અને કારીગરો આ લાલચમાં ફસાયા છે અને એક વખત ભરાઇ પડયા પછી પણ અજ્ઞાનને લઇને કાણુલી વ્યાજ ભરીને માસિક રૂપિયા એક-ત્રણ કંપનીમાં ભર્યે જાય છે. આ લોકોને બચાવવા સરકાર માબાપ કંઇજ ન કરે, છાપાંઓ કંપનીની ઠગાઇ સામે ચેતવણી આપવાને બદલે જાહેર ખબરોના પૈસા મળે એટલે તેમની જ મોટી જાહેર ખબરો છાપી તેમને મદદ કરે, એજન્ટો પાપી પેટ ભરવાને ગામેગામ લોકોને ખોટેખોટું સમજાવી ફસાવે, કેળવણી લીધેલા લોકો ગામડાંના ગરીબ લોકોના સુખદુઃખના પ્રશ્નોમાં આ બેકારીના વખતમાં પણ બેદરકાર રહે એટલે આ કંપનીઓ ગુજરાતનાં ગામડાંમાંથી લાખો રૂપીઆ ઉઘરાવી બરબાદ કરી શકે તેમાં શું આશ્ચર્ય? આ સ્થિતિમાં ગુજરાતનું સદ્ભાગ્ય છે કે આ ઠગારી કંપનીઓની ઠગાઇ ઉઘાડી પાડવા, ગરીબોનું આ ઉજળા ઠગોથી રક્ષણ કરવા, જનસમૂહને સાવધ કરવા અને ધોળે દહાડે ઠગનારી કંપનીઓ પર નજર રાખવા ગુજરાતના જાણીતા સમાજસેવકોની એક વગવાળી કમિટી નીમાઇ ચૂકી છે, અને તેણે પ્રજાબંધુ, ગુજરાતી પંચ અને બીજાં છાપાંઓદ્વારા પ્રચારકાર્ય શરૂ પણ કરી દીધું છે. હું આ પવિત્ર કાર્યમાં સંપૂર્ણ ફતેહ ઇચ્છું છું.

વસો, તા. ૨૪-૭-૩૧. મોતીભાઇ ન. અમીન.